દૈનિક મુંબઈ સમાચાર

૨૦૫ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 234 ■ વિક્રમ સંવત ૨૦૮૨

ભાદ્રપદ વદ-૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 5 October 2026, Monday ■ REGD.No. MCS/058/2024-26

સોમવાર, ૫ ઑક્ટોબર ૨૦૨૬, (૧૦ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦

ધર્મતેજ પૂર્તિ ૫ ૬ ૭

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# મુંબઈમાં જ્ઞાનેશકુમાર સામે વિશાળ મોરચો







**મોરચોઃ** દેશના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારના રાજીનામાની માગણીને લઈને મુંબઈમાં બૃહન્મુંબઈ મહાનગરપાલિકાના વડા મથક સુધી રવિવારે યોજાયેલા વિશાળ મોરચામાં ઉદ્ધવ ઠાકરે, રાજ ઠાકરે સહિત વિપક્ષના નેતાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. (અમય ખરાડે)

## મહારાષ્ટ્રમાં 'સર' રદ કરવા અને મતપત્રોથી ચૂંટણી યોજવા માગણી

મુંબઈઃ દેશના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારના રાજીનામાની, મહારાષ્ટ્રમાં મતદારયાદીની ખાસ સઘન સમીક્ષા (સ્પેશ્યલ ઇન્ટેન્સિવ રિવિઝન-'સર') રદ કરવાની અને દેશભરમાં હવે ચૂંટણી મશીન (ઇવીએમ)ને બદલે મતદારપત્રોથી યોજવાની માગણીને લઈને વિપક્ષોએ દેશની આર્થિક રાજધાનીમાં રવિવારે વિશાળ મોરચો કાઢીને શક્તિનું પ્રદર્શન કર્યું હતું.

ચૂંટણીના વડા સામેના મોરચામાં હજારો લોકો જોડાયા હતા. આની આગેવાની ઠાકરે પિતરાઈ ભાઈઓએ લીધી હતી. આ મોરચો અંતે મોટી જાહેરસભામાં પરિવર્તિત થયો હતો. કૉંગ્રેસના નેતા બાળાસાહેબ થોરાત અને વિજય વડ્ડેટીવાર અને શરદ પવારની આગેવાની હેઠળના એનસીપીના જયંત પાટીલ, શશિકાંત શિંદે, જીતેન્દ્ર આવ્હાડ અને અનિલ દેશમુખે આમાં હાજરી આપી હતી.

શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેએ રવિવારે ચૂંટણી પંચના મુખ્ય કમિશનર જ્ઞાનેશકુમાર પર શાસક ભાજપ માટે 'હથિયાર' તરીકે કામ કરવાનો આક્ષેપ કર્યો હતો. રાજ ઠાકરેએ મહારાષ્ટ્રની મતદારયાદીની ખાસ સઘન સમીક્ષા (સર)ને રદ કરવાની માગણી કરી હતી. કૂચની શરૂઆત મેટ્રો સિનેમાથી થઈ હતી અને તેનો અંત દક્ષિણ મુંબઈના બૃહનમુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના વડા મથકે થયો હતો.

કૉક્રોચ જનતા પાર્ટીના સંસ્થાપક અભિજિત દીપકેએ આ દેખાવકારોને ટેકો આપ્યો હતો. દીપકેએ શુક્રવારે મુંબઈમાં સીઈસી સામે 'જેલ ભરો આંદોલન' કર્યું હતું. તેમણે કહ્યું હતું કે મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણી માટે મહાનગર શેરીમાં ઉતર્યા છે. તેમણે આ 'કરેંગે યા મરેંગે' છે એમ કહીને બધા ભારતીયોને સંગઠિત થવાનો (જુઓ પાનું ૨) ▸▸

## જાપાનની એશિયન ગેમ્સ પર પડ્યો પડદો

▸ ૨030ના રમતોત્સવ માટે કતારને સોંપાઈ મશાલ

▸ ત્રણ મેડલ જીતનાર શૂટર નીરુ ઢાંડા બની ભારતની ધ્વજવાહકઃ ભારત ૮૫ ચંદ્રક સાથે ચોથા સ્થાને



ગઈ કાલે જાપાનના નાગોયા શહેરમાં ૨૦મી એશિયન ગેમ્સના સમાપન સમારોહ દરમ્યાન ભારતીય તિરંગા સાથે ત્રણ મેડલ વિજેતા નિશાનબાજ નીરુ ઢાંડા. (પીટીઆઇ)

નાગોયાઃ ૧૯મી સપ્ટેમ્બરે શરૂ થયેલી ૨૦મી એશિયન ગેમ્સ ગઈ કાલે પૂરી થઈ હતી અને એના શાનદાર સમાપન સમારોહમાં ભારતની મેડલ-વિજેતા શૂટર નીરુ ઢાંડા ધ્વજવાહક બની હતી. હવે ૨૦૩૦માં ૨૧મી એશિયન ગેમ્સ કતારના દોહા શહેરમાં યોજાશે. ઉલ્લેખનીય છે કે ૨૦૨૨નો ફિફા ફૂટબૉલ વર્લ્ડ કપ દોહામાં સફળતાપૂર્વક યોજાયો હતો. ૨૦૩૬ની ઑલિમ્પિક ગેમ્સ યોજવા માટે ભારત (જુઓ પાનું ૨) ▸▸

## સ્મિતને ઈઝરાયલના સ્વતંત્રતા દિવસના સમારોહ માટે આમંત્રણ

તેલ અવીવઃ ઇઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ ભારતીય પાઇલટ કેપ્ટન સ્મિત મચ્છર સાથે ફોન પર વાત કરી હતી. કેપ્ટન સ્મિત પર ૩૦ સપ્ટેમ્બરના રોજ દુબઈથી તેલ અવીવ જઈ રહેલી ફ્લાઈદુબઈની ફ્લાઈટમાં ઓમાનના કો-પાઇલટે હુમલો કર્યો હતો. આ હુમલો થયો છતાં કેપ્ટન સ્મિતે બધા મુસાફરોના જીવ બચાવ્યા હતા. કોકપીટની અંદર બનેલી ઘટના દરમિયાન કેપ્ટન સ્મિતની હિંમત અને સંયમની નેતન્યાહૂએ પ્રશંસા કરી હતી. દરમિયાન નેતન્યાહૂએ કેપ્ટન સ્મિત મચ્છર અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ઇઝરાયલના આગામી સ્વતંત્રતા દિવસ પર ઉજવણીની મશાલ પ્રગટાવવા આમંત્રણ આપ્યું હતું.

ઈઝરાયલના વડા પ્રધાને ભારતીય પાઇલટને ભારત, ઇઝરાયલ અને સમગ્ર વિશ્વના હીરો ગણાવ્યા હતા. વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ ફોન પર વાતચીત દરમિયાન કહ્યું હતું કે, ''હું તમને અને મારા પ્રિય મિત્ર, વડા પ્રધાન નરેન્દ્ર મોદીને અમારા આગામી સ્વતંત્રતા દિવસ પર ઉજવણીની મશાલ પ્રગટાવવા માટે આમંત્રણ આપવા માગું છું. હું તમને ઝડપથી અને સંપૂર્ણ સ્વસ્થ થવાની શુભેચ્છા પાઠવું છું.''

કોકપીટની અંદર શું બન્યું તેની જાણકારી આપતા કેપ્ટન મચ્છરે કહ્યું હતું (જુઓ પાનું ૨) ▸▸

## 'એવરેસ્ટ'ને જીરું પાઉડર બજારમાંથી પાછો ખેંચવા આદેશ

નવી દિલ્હીઃ ફૂડ રેગ્યુલેટર ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઑફ ઇન્ડિયાએ (એફએસએસએઆઈ)એ એવરેસ્ટ ફૂડ પ્રોડક્ટ્સને 'પ્રી-પેક્ડ જીરું પાઉડર'ને બજારમાંથી પાછો ખેંચવાનો નિર્દેશ આપ્યો છે કારણ કે સેમ્પલ ટેસ્ટમાં તેને ખાવા માટે અસુરક્ષિત ગણાવી હતી. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ ક્રિએટિવ બેકર્સ એન્ડ કન્ફેક્શનર્સનું લાઇસન્સ પણ સસ્પેન્ડ કર્યું છે. રવિવારે એક સોશ્યલ મીડિયા પર એક પોસ્ટમાં એફએસએસએઆઈએ જણાવ્યું હતું કે તે દેશભરમાં ગ્રાહકોના સ્વાસ્થ્યને (જુઓ પાનું ૨) ▸▸

## બંગાળમાં લાગુ થશે યુસીસી

### છ મહિનામાં લવ અને લેન્ડ જેહાદ વિરુદ્ધ આવશે કાયદો

કોલકત્તાઃ પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન સુવેન્દુ અધિકારીએ જાહેરાત કરી હતી કે પશ્ચિમ બંગાળમાં ઉત્તરાખંડ અને ગુજરાતમાં લાગુ કરાયેલા સમાન નાગરિક સંહિતા (યુસીસી)ની જેમ કાયદો લાગુ કરાશે. આ સાથે જ સરકાર ''લવ જેહાદ'' અને ''લેન્ડ જેહાદ'' વિરુદ્ધ પણ કાયદો લાવવામાં આવશે. મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે આ કાયદાઓ આગામી છ મહિનામાં લાગુ કરવાની યોજના છે.

મુખ્ય પ્રધાન અધિકારીએ કોલકાતામાં વિશ્વ હિન્દુ પરિષદ (વીએચપી) ના એક કાર્યક્રમમાં જણાવ્યું હતું કે તેમની સરકાર આગામી છ મહિનામાં આ કાયદાઓ લાગુ કરવાની દિશામાં માટે કામ કરશે. તેમણે ઉત્તરાખંડ અને ગુજરાતમાં લાગુ કરાયેલા સમાન નાગરિક સંહિતા (યુસીસી) જેવો જ કાયદો બંગાળમાં પણ લાગુ કરવાની વાત કરી હતી. સરકારે ધાર્મિક પ્રવાસન સર્કિટ વિકસાવવા માટે ૧,૦૦૦ કરોડ રૂપિયા ખર્ચવાનો પણ પ્રસ્તાવ મૂક્યો છે. અધિકારીના મતે, આ પ્રોજેક્ટ બે વર્ષમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે. તેમણે કહ્યું કે, રાજ્યમાં ભાજપ સરકાર બંધારણ અનુસાર કામ કરશે, પરંતુ ભારતીય સંસ્કૃતિ, પરંપરા અને પૂજા-સ્થળો પરના હુમલા સહન કરશે નહીં. તેમણે કહ્યું હતું કે ''આ સરકાર (જુઓ પાનું ૨) ▸▸

## જીએસટીમાં મોટા ફેરફારના એંધાણઃ બુધવારે નિર્ણય લેવાશે

નવી દિલ્હીઃ જીએસટી લાગુ થયાના લગભગ ૯ વર્ષ પછી ટૅક્સ સિસ્ટમમાં મોટો ફેરફાર જોવા મળી શકે છે. સરકાર જીએસટી અધિકારીઓ પાસેથી ધરપકડની સત્તા પાછી ખેંચી લેવા બાબતે વિચારણા કરી રહી છે. આ પ્રસ્તાવ પર સાત ઓક્ટોબરના રોજ યોજાનારી જીએસટી કાઉન્સિલની બેઠકમાં ચર્ચા થવાની સંભાવના છે.

જો આ દરખાસ્તને મંજૂરી મળશે તો જીએસટી સંબંધિત કેસોમાં ટૅક્સ અધિકારીઓ પાસે સીધી ધરપકડ કરવાની વર્તમાન સત્તા સમાપ્ત થઇ શકે છે. આ માટે જીએસટી કાયદામાં સુધારો કરવો પડશે અને સરકાર આગામી શિયાળુ સત્રમાં સંસદ સમક્ષ આ પ્રસ્તાવ રજૂ (જુઓ પાનું ૨) ▸▸

## બૅન્કોના વ્યાજદરમાં વધારાની બુધવારે જાહેરાતની શક્યતા

મુંબઈઃ અહીં સોમવારથી બુધવાર (પાંચમીથી સાતમી ઑક્ટોબર) સુધી મળનારી ભારતીય રિઝર્વ બૅન્ક (આરબીઆઈ)ની નાણાકીય નીતિ નક્કી કરતી સમિતિની બેઠકના અંતે સાત ઑક્ટોબરે બૅન્કોના વ્યાજદરમાં પા ટકા (૦.૨૫ ટકા)નો વધારો થવાની ધારણા છે. ફુગાવાનું દબાણ અને પશ્ચિમ એશિયાની કટોકટી ઘેરી થવાના લીધે વિશ્વની સેન્ટ્રલ બૅન્કો વ્યાજદર વધારી રહી છે.

જો આરબીઆઈ વ્યાજદરમાં વધારો કરશે તો વ્યાજદરની નીતિમાં મોટો ઊલટફેર હશે. આ નીતિ પ્રમાણે ૨૦૨૫માં વ્યાજદર ઘટાડવાનું ચાલુ કર્યું હતું. ત્યાર બાદ મોટો વિરામ જોવા મળ્યો હતો. છેલ્લે રેપો રેટ ફેબ્રુઆરી ૨૦૨૩માં વધારવામાં આવ્યો હતો. ત્યારે આરબીઆઈએ વ્યાજદર ૦.૨૫ ટકા વધારીને ૬.૫૦ ટકા કર્યો હતો. રિઝર્વ બૅન્કે ત્યાર બાદ ૨૦૨૩-૨૪માં વ્યાજદર યથાવત્ રાખ્યો હતો. ૨૦૨૫માં વ્યાજદર કાપવાની સાઈકલ ચાલુ થઈ હતી. હાલમાં વ્યાજદર ૫.૨૫ ટકા હતો. ગઈ નીતિ પછી ફુગાવાનું દબાણ અને પશ્ચિમ એશિયાની લડાઈને લીધે વ્યાજદર વધારવાનો ટ્રેન્ડ ચાલુ થાય છે. આ દબાણ ચાલુ રહેશે તો વ્યાજદર વધારો અપેક્ષિત છે. મોટા ભાગના અર્થશાસ્ત્રીઓ માને છે કે આ વખતે વ્યાજદર વધારવામાં આવે એવી સંભાવના છે. ■

## યુક્રેનમાં ભારતીય ફાર્મા પ્લાન્ટ પર હુમલોઃ ₹ ૪૦૦ કરોડનું નુકસાન

કીવઃ યુક્રેનના સુમીમાં રશિયાએ એક મોટી ભારતીય ફાર્મા કંપનીના પ્લાન્ટ પર ડ્રોન હુમલો કર્યો હતો. જેમાં એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું. જ્યારે અનેક લોકો ઘાયલ થયાના અહેવાલ છે.

આ ફાર્મા પ્લાન્ટ કુસુમ ગ્રૂપનો છે. તેનું સંચાલન ભારતીય નાગરિક રાજીવ ગુપ્તા કરી રહ્યા છે. આ હુમલાને પગલે પ્લાન્ટમાં ભીષણ આગ ભભૂકી ઊઠી હતી. જેના કારણે ફેક્ટરીને અઢળ નુકસાન થયું છે. આ નુકસાન અંદાજિત ૪૦૦ કરોડ રૂપિયા (જુઓ પાનું ૨) ▸▸

## શહીદને લઇ જતી એમ્બ્યુલન્સનો અકસ્માતઃ ચારનાં મોત

લખનઊઃ ઉત્તર પ્રદેશના સુલ્તાનપુરમાં શહીદ સુબેદાર મેજરના પાર્થિવ શરીરને લઇ જઇ રહેલી એમ્બ્યુલન્સને ભયંકર અકસ્માત નડ્યો હતો. આ માર્ગ અકસ્માતમાં એમ્બ્યુલન્સમાં સવાર ચાર લોકોના મોત નીપજ્યા હતા. આ જાણકારી પોલીસે આપી હતી.

આ અકસ્માત અયોધ્યા-સુલ્તાનપુર સરહદ પર હલિયાપુર પોલીસ સ્ટેશન વિસ્તારની હદમાં આવતા પૂર્વાંચલ એક્સપ્રેસ વે પર સર્જાયો હતો. એમ્બ્યુલન્સની પૂર્વાંચલ એક્સપ્રેસ વે પર પહોંચતાની સાથે જ એક અજાણ્યા વાહન સાથે ટક્કર થઇ હતી. પરિણામે એમ્બ્યુલન્સ નિયંત્રણ ગુમાવતા રસ્તાની બાજુમાં પાર્ક કરેલા ટ્રક સાથે અથડાઇ હતી. આ ટક્કર એટલી ભીષણ હતી કે એમ્બ્યુલન્સનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. આ (જુઓ પાનું ૨) ▸▸

## સરકારના આદેશથી એપલે હટાવી બિટચેટ એપ્લિકેશન

નવી દિલ્હીઃ ભારત સરકારે ફરી એકવાર ડિજિટલ વુમ્યુનિકેશન પ્લેટફોર્મ્સ સામે કડક પગલાં લીધા છે જેના કારણે એપલે રાષ્ટ્રીય સુરક્ષા ચિંતાઓ અને તેના ખોટા ઉપયોગની આશંકાને કારણે એપલને એપ સ્ટોરમાંથી જેક ડોર્સીની બિટચેટ ઓફલાઇન મેસેજિંગ એપ્લિકેશનને પોતાના ભારતીય એપ સ્ટોરમાંથી હટાવવાની ફરજ પડી છે.

એપલે ભારતમાં તેના એપ સ્ટોરમાંથી ઓફલાઇન મેસેજિંગ એપ બિટચેટને હટાવી દીધી છે. એપના ડેવલપર જેક ડોર્સીએ શનિવારે એક સોશ્યલ મીડિયા પોસ્ટમાં આ જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે આ કાર્યવાહી માહિતી ટેકનોલોજી મંત્રાલયની વિનંતી પર કરવામાં આવી છે. તેમણે એપલની એપ રિવ્યૂ ટીમ દ્વારા મોકલવામાં આવેલી નોટિસનો સ્ક્રીનશોટ પણ શેર કર્યો છે.

ઇલેક્ટ્રોનિક્સ અને ઇન્ફર્મેશન ટેકનોલોજી મંત્રાલયની માગ પર એપલે તેના ઇન્ડિયા એપ સ્ટોરમાંથી બિટચેટ ઓફલાઇન મેસેજિંગ એપ્લિકેશન દૂર કરી હતી. ભારતમાં ગેરકાયદે કન્ટેન્ટ અને પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળવાની આશંકાને કારણે માહિતી ટેકનોલોજી અધિનિયમ, ૨૦૦૦ની કલમ ૬૯(એ) હેઠળ આ પગલું ભરવામાં આવ્યું છે.

જેક ડોર્સી દ્વારા બનાવવામાં આવેલી બિટચેટ એપ નેટવર્ક પ્રતિબંધો દરમિયાન પણ વાતચીત કરવાની સુવિધા આપતી હતી. તેનાથી સરકારે ચિંતા વ્યક્ત કરી હતી કે રાષ્ટ્રવિરોધી તત્ત્વો તેનો દુરુપયોગ કરી શકે છે. આ પહેલીવાર નથી જ્યારે બિટચેટને સરકારી કાર્યવાહીનો સામનો કરવો પડ્યો છે. ■

## ભાજપે રાજ્યસભા ચૂંટણીના ઉમેદવારો જાહેર કર્યા

નવી દિલ્હીઃ રાજ્યસભા ચૂંટણી માટે ભાજપે રવિવારે તેના ઉમેદવારોના નામ જાહેર કર્યા હતા. ભાજપે ઉત્તરાખંડથી દિનેશ આર્ય અને પશ્ચિમ બંગાળથી રુક્મણી મલ્લિકને મેદાનમાં ઉતાર્યા છે.

પાર્ટીએ જણાવ્યું કે ઉમેદવારોના નામોને ભાજપની કેન્દ્રીય ચૂંટણી સમિતિએ મંજૂરીની મહોર મારી દીધી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ અને પશ્ચિમ બંગાળમાં રાજ્યસભાની ૧૨ બેઠકો માટે ૧૬ ઓક્ટોબરના રોજ ચૂંટણી યોજાશે. આ ચૂંટણીઓમાં ઉત્તર પ્રદેશની ૧૦ બેઠકો અને ઉત્તરાખંડની એક બેઠકનો સમાવેશ થાય છે. જ્યાં વર્તમાન સભ્યોનો કાર્યકાળ ૨૫ નવેમ્બરના રોજ સમાપ્ત થઇ રહ્યો છે. તેમજ પશ્ચિમ બંગાળની એક બેઠક માટે પેટાચૂંટણી પણ યોજાશે. ■

## ગાઝામાં ઈઝરાયલી હુમલાઃ એકનું મોત, ૧૧ ઘાયલ

દુબઈઃ ઇઝરાયલી હુમલામાં મધ્ય ગાઝામાં એક વ્યક્તિનું મોત થયું હતું. સ્થાનિક આરોગ્ય અધિકારીઓએ આ જાણકારી આપી હતી. રવિવારે સવારે નાગરિકોના એક વાહન પર થયેલા ઇઝરાયલી હુમલામાં એક પેલેસ્ટિનિયનનું મોત થયું હતું અને ઓછામાં ઓછા ૧૧ અન્ય લોકો ઘાયલ થયા હતા. આ માહિતી 'અક્સા શહીદ હોસ્પિટલ'ના આરોગ્ય અધિકારીઓએ આપી હતી જ્યાં પીડિતોને સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા.

ઇઝરાયલી સેનાએ જણાવ્યું હતું કે આ હુમલામાં હમાસના આતંકીને નિશાન બનાવવામાં આવ્યો હતો. ગાઝામાં પેલેસ્ટિનિયનોએ છેલ્લા એક મહિના દરમિયાન સમગ્ર વિસ્તારમાં ઇઝરાયલી ગોળીબાર અને હવાઈ હુમલામાં વધારો થયાની જાણ કરી છે. ઇઝરાયલનું કહેવું છે કે તે હમાસ અને અન્ય આતંકીઓને નિશાન બનાવી રહ્યું છે અને આ કાર્યવાહી ક્યારેક થતા હુમલાઓ સહિત યુદ્ધવિરામના ઉલ્લંઘનના જવાબમાં કરવામાં આવી રહી છે.

બીજી તરફ સઉદી અરેબિયા અને યમનની સરકાર સામે ફરી શરૂ થયેલા યુદ્ધ વચ્ચે યમનમાં ઈરાન-સમર્થિત હૂથી બળવાખોરોએ જણાવ્યું હતું કે મધ્યરાત્રિએ યમનની રાજધાની સના પર હવાઈ હુમલા થયા હતા. હુતી હુમલાખોરોએ વધુ જાણકારી આપી નહોતી. તેમણે સઉદી અરેબિયા પર હુમલા શરૂ કરવાનો આરોપ મૂક્યો હતો પરંતુ કોઈ પુરાવા આપ્યા ન હતા અને સઉદી અરેબિયા તરફથી આ અંગે કોઈ તાત્કાલિક પ્રતિક્રિયા આપવામાં આવી નથી. ■

## ફ્રાંસમાં વિદ્યાર્થીઓના હિંસક આંદોલન

પેરિસઃ ફ્રાન્સમાં સપ્ટેમ્બર ૨૦૨૬ના મધ્યથી હાઈસ્કૂલ (લિસે) અને યુનિવર્સિટીના વિદ્યાર્થીઓનું વિશાળ દેશવ્યાપી આંદોલન ચાલી રહ્યું છે. મુખ્યત્વે શિક્ષણ બજેટમાં કાપ, શિક્ષકોની તીવ્ર અછત, વર્ગખંડોમાં વધુ પડતી ભીડ (૩૫-૪૦ વિદ્યાર્થીઓ), જર્જરિત શાળાઓ અને લાંબા શાળા સમય સામે આ વિરોધ પ્રદર્શન શરૂ થયું છે. આ આંદોલન પેરિસના ક્રેતેઈલ અને સેન્ટ-ડેનિસ જેવા વિસ્તારોથી શરૂ થઈને માર્સેઈ, લિયોન, લિલ, સ્ટ્રાસબર્ગ, નાંતે, અને બોર્ડો જેવાં મુખ્ય શહેરોમાં ફેલાઈ ગયું છે. અત્યાર સુધીમાં ૧,૦૦૦થી વધુ હાઈસ્કૂલો અસરગ્રસ્ત થઈ છે અને ૪૦૦થી વધુ શાળાઓ સુરક્ષાના કારણે બંધ કરવી પડી છે. કેટલાક વિસ્તારોમાં કચરાના ડબ્બામાં આગચંપી, પથ્થરમારો અને વાહનોને સળગાવવાની હિંસક ઘટનાઓ પણ બની છે. પરિસ્થિતિને કાબૂમાં લેવા પોલીસે ટિયર ગેસ, લાઠી અને રબર બુલેટનો ઉપયોગ કર્યો છે. અત્યાર સુધીમાં ૫,૦૦૦થી વધુ પ્રદર્શનકારીઓની અટકાયત કરવામાં આવી છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ફ્લાયદુબઈની ઘટનાનો બોધપાઠઃ દરેક વાર સુપર હીરો સ્મિત ના બચાવી શકે

**ફ્લાયદુબઈ** એરલાઈન્સની તેલ અવીવ જઈ રહેલી ફ્લાઈટમાં શૂરવીર ભારતીય પાઇલટ કેપ્ટન સ્મિત મચ્છરે ઓમાનના હુમલાખોર પાઇલટનો મુકાબલો કરીને ૧૭૪ પ્રવાસીઓના જીવ બચાવ્યા એ ઘટનામાં ચાર દિવસ પછી અંતે ઓમાનના પાઇલટની ઓળખ જાહેર કરાઈ છે. સાથે સાથે હુમલો કઈ રીતે કરાયેલો અને ઓમાની પાઇલટનો ઈરાદો શું હતો તેની પણ વિગતો જાહેર કરાઈ છે.

આ વિગતો પ્રમાણે, કેપ્ટન સ્મિત પર હુમલો ઓમાનના કો-પાઇલટનું નામ હમામ અલ-હમામી છે. પહેલાં પ્રાથમિક માહિતીમાં કેપ્ટન સ્મિત પર છરીથી હુમલો કરવામાં આવ્યો હોવાનો દાવો કરાયો હતો અને ઘણા પ્રવાસીઓએ પણ આ વાતને સમર્થન આપેલું પણ સત્તાવાર રીતે અપાયેલી માહિતી પ્રમાણે, ભારતીય પાઇલટ કેપ્ટન સ્મિત મચ્છર પર કુહાડીથી હુમલો કરાયો હતો.

દરેક વિમાનમાં'ક્રેશ એક્સ' તરીકે ઓળખાતી કુહાડી ઇમર્જન્સી માટે રાખવામાં આવે છે. આકસ્મિક સંજોગોમાં કોઈ પેનલને કાપવા, આગ સુધી પહોંચવા અથવા ફસાયેલા લોકોને બહાર કાઢવાનો રસ્તો બનાવવા માટે આ ક્રેશ એક્સનો ઉપયોગ થાય છે. હમામીએ આ કુહાડીથી કેપ્ટન સ્મિતને ઘાયલ કરી દીધા હતા અને લોહીલુહાણ કરી દીધા હતા. કેપ્ટન સ્મિતે એ છતાં કોકપિટનો દરવાજો ખોલી દેતાં હમામી શું કરી રહ્યો છે તેની બધાંને ખબર પડી ગઈ. કેટલાક બહાદુર પ્રવાસી કોકપિટમાં ઘૂસી ગયા અને હમામીને પછાડીને તેને પણ કાબૂમાં લીધો અને પ્લેનને પણ કાબૂમાં લઈને ક્રેશ થતાં બચાવી લીધું.

સત્તાવાર રીતે હમામીએ કેમ હુમલો કર્યો તેના વિગતો નથી અપાઈ પણ બિન સત્તાવાર વિગતો પ્રમાણે હમામીનો ઈરાદો નાઈન ઈલેવન જેવો હુમલો કરવાનો હતો. ૨૦૦૧માં અલ કાયદાના આતંકવાદીઓએ પ્લેન હાઈજેક કરીને વર્લ્ડ ટ્રેડ સેન્ટરમાં ઘુસાડીને તબાહી વેરી એવી જ તબાહી હમામી ઈઝરાયલમાં વેરવા માગતો હતો. તપાસ સાથે જોડાયેલાં સૂત્રોના હવાલાથી દાવો કર્યો કે પૂછપરછમાં હમામીએ વિમાનને ઇઝરાયલમાં ક્રેશ કરવાનો ઈરાદો હોવાનું સ્વીકાર્યું છે. હમામી ચોક્કસ ક્યા સ્થળે પ્લેન ક્રેશ કરવા માગતો હતો તેની વિગતો બહાર નથી આવી પણ ઈઝરાયલની રાજધાની તેલ અવીવમાં કોઈ સરકારી કે લશ્કરી બિલ્ડિંગ પર પ્લેન ક્રેશ કરવાનો તેનો ઈરાદો હોઈ શકે છે.

હમામીની પૂછપરછમાં બહાર આવેલી વિગતો પ્રમાણે, હમામ અલ-હમામી ઓમાનનો રહેવાસી છે. હમામી લાંબા સમય સુધી સીરિયામાં રહ્યો હતો તેથી અલ કાયદા સહિતનાં સંગઠનોના કટ્ટરપંથી વિચારોથી પ્રભાવિત થયો હતો. અલ-કાયદાની વિચારધારાથી પ્રભાવિત થયેલા હમામીની પ્રવૃત્તિઓ શંકાસ્પદ હોવાથી પહેલાં તેને બે એરલાઇન્સમાંથી પાણીચું આપી દેવાયેલું.

હમામ અલ-હમામી પહેલા રોયલ એર મેરોક સાથે કામ કરતો હતો પણ પછી તેને દૂર કરાયો હતો. ૨૦૨૪માં હમામી ઓમાનની નેશનલ એરલાઇનમાં જોડાયેલો પણ તેને પાઇલટ ટ્રેનિંગમાંથી જ હટાવી દેવામાં આવ્યો હતો કેમ કે હમામી કટ્ટરપંથી ઇસ્લામિક વેબસાઇટ્સ જોતો હતો. આ કારણે હોહા ના થાય એટલે એરલાઇનમાં બીજી જવાબદારી આપવામાં આવી હતી ને લગભગ દોઢ વરસ લગી કામ કર્યા પછી ૮ મહિના પહેલા ફ્લાયદુબઈ સાથે જોડાયો હતો.

હમામી અંગે બીજી વિગતો પણ બહાર આવશે પણ એક ચોંકાવનારી વાત એ છે કે, ફ્લાયદુબઈ દ્વારા આંતરરાષ્ટ્રીય રાજદ્વારી નિયમોની અવગણના કરીને હમામીને ઈઝરાયલ જતી ફ્લાઈટમાં મૂકવામાં આવ્યો હતો. ઓમાન અને ઇઝરાયલ વચ્ચે રાજદ્વારી સંબંધો નથી તેથી કોઈ ઓમાની નાગરિકને ઈઝરાયલ જતી ફ્લાઈટમાં પાઇલટ તરીકે ના મૂકી શકાય. આ સામાન્ય નિયમ છે ને બધા દેશો તેને પાળે છે છતાં હમામીને તેલ અવીવ જતી ફ્લાયદુબઈની ફ્લાઇટમાં કો-પાઇલટ તરીકે કેમ મુકાયો એ સવાલ છે.

તેલ અવીવ જતી ફ્લાઈટમાં હમામીની તૈનાતીના કારણે એની શંકા પણ ઉદભવે છે કે, હમામીએ કેપ્ટન સ્મિત પર કરેલો હુમલો કોઈ ઉન્માદ કે કટ્ટરપંથી વિચારધારાને કારણે અચાનક આવેલા ઊભરાને કારણે નહોતો થયો, તેલ અવીવમાં પ્લેન ક્રેશ કરવાનું કાવતરું લાંબા સમય પહેલાં જ ઘડાયેલું અને મોટાં માથાં તેમાં સામેલ હશે. તેમની મહેરબાનીથી જ હમામીને તેલ અવીવ મોકલીને પ્લેન ક્રેશ કરવાનો કારસો અમલી બનાવાયેલો પણ હમામી કેપ્ટન સ્મિતને પતાવી ના શક્યો તેમાં કાવતરું નિષ્ફળ ગયું. હમામીએ પોતાની રીતે આ કામ કર્યું છે એવું લાગે એ માટે કેપ્ટન સ્મિત પર હુમલાનો ડ્રામા કરાયો હોય એ શક્ય છે. હમામી કટ્ટરવાદના રંગે રંગાયેલો છે એવું બતાવવા માટે તેના સામાનમાંથી 'ફ્રી પેલેસ્ટાઇન' જૂથોના પેમ્ફલેટ અને અન્ય પેલેસ્ટાઇન સમર્થક સામગ્રી મૂકી દેવાઈ હોય એ પણ શક્ય છે.

ઇઝરાયલની શિન બેટ, મોસાદ, સેના અને ટ્રાન્સપોર્ટેશન મિનિસ્ટ્રી સહિત ઘણી એજન્સીઓ આ પાસાની તપાસ કરી રહી છે ને એ સત્ય બહાર લાવશે એવી આશા રાખીએ પણ હમામીની સંડોવણીએ દુનિયા પર જિહાદના નામે ચાલતા મુસ્લિમ આતંકવાદનો ખતરો કેટલો મોટો છે એ ફરી સ્પષ્ટ કરી દીધું છે. નાઈન ઈલેવનના હુમલાએ દુનિયાને અહેસાસ કરાવેલો કે, ધર્માંધ મુસ્લિમો કટ્ટરવાદી માનસિકતાના કારણે કોઈ પણ હદે જતાં વિચાર કરતા નથી. કોઈને કલ્પના પણ ના આવે એ રીતે પ્લેનને ક્રેશ કરીને મોટી તબાહી વેરીને અલ કાયદાએ દુનિયાને હતપ્રભ કરી નાખેલી.

અમેરિકાએ અલ કાયદાને નાથવા માટે જોરદાર અભિયાન ચલાવ્યું. અલ કાયદાને પનાહ આપનારા તાલિબાનોને તબાહ કરી નાખવા માટે અફઘાનિસ્તાનને ખેદાનમેદાન કરી નાખ્યું, ઓસામા બિન લાદેનને મારી નાંખ્યો છતાં ૨૫ વર્ષ પછી એ જ મોડસ ઓપરેન્ડીથી ઈઝરાયલમાં તબાહી વેરવાનો કારસો રચાયો.

આ વાત પરથી શું સમજવાનું? એ જ કે, માણસો મરી જાય છે ને સંગઠનો પણ ખતમ થઈ જાય છે પણ વિચારધારા મરતી નથી. અલ કાયદા સહિતનાં કટ્ટરવાદી અને ધર્માંધ મુસ્લિમ સંગઠનોએ દુનિયા પર ઈસ્લામનો ઝંડો ફરકાવવાની વિચારધારાનું ઝેર કાઢવું શક્ય નથી. આ ઝેરનું મારણ, કટ્ટરવાદી અને ધર્માંધ મુસ્લિમ સંગઠનો સામે એક થઈને લડવું જ છે. આખી દુનિયાએ કટ્ટરવાદી અને ધર્માંધ મુસ્લિમ સંગઠનો પર તૂટી પડવું પડે, તેમનો સફાયો કરી નાખવો પડે ને એવો ખૌફ પેદા કરવો પડે કે હવે પછી આ રવાડે ચડ્યા તો કોઈ તમને નહીં બચાવી શકે.

પાકિસ્તાન કે સઉદી અરેબિયા સહિતનાં કટ્ટરવાદી અને ધર્માંધ મુસ્લિમ સંગઠનોને પોષતા દેશ હોય કે અલ કાયદા કે ઈસ્લામિક સ્ટેટ કે હમાસ જેવાં સંગઠનો હોય, બધાંના ભુક્કા કાઢી નાંખવા પડે. આ ઉપાય નહીં અજમાવાય તો અત્યારે ઈઝરાયલ જતી ફ્લાઈટમાં થયું એવું કાલે ભારત આવતી ફ્લાઈટમાં થશે ને પરમ દિવસે ઓસ્ટ્રેલિયા જતી ફ્લાઈટમાં થશે. ને દરેક વાર હમામી જેવા હરામી નિષ્ફળ જાય ને કેપ્ટન સ્મિત જેવો સુપર હીરો લોકોને બચાવી લે એવું ના પણ બને. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન - સૌર શરદઋતુ, સોમવાર, તા. ૫-૧૦-૨૦૨૬, દશમું શ્રાદ્ધ, ભદ્રા

- ભારતીય દ્નિાંક ૧૩, માહે આશ્વિન, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, ભાદ્રપદ વદ-૧૦
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ભાદ્રપદ, તિથિ વદ-૧૦
- પારસી શહેનશાહી રોજ ૨૨મો ગોવાદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૬
- પારસી કદમી રોજ ૨૨મો ગોવાદ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૨૩મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮
- મીસરી રોજ ૨૪મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮
- નક્ષત્ર પુષ્ય રાત્રે ક. ૨૩-૦૮ સુધી, પછી આશ્લેષા
- ચંદ્ર કર્કમાં
- ચંદ્ર રાશિ નામાક્ષર મિથુન કર્ક (ડ, હ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૧, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૩, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૩, અમદાવાદ ક. ૧૮ મિ. ૨૨, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : સવારે ક. ૦૭-૨૨, રાત્રે ક. ૧૯-૨૭
- ઓટઃ બપોરે ક. ૧૪-૦૮, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૫૬ (તા. ૬)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, ભાદ્રપદ કૃષ્ણ - દસમી. દશમું શ્રાદ્ધ, ભદ્રા બપોરે ક. ૧૪-૫૮ થી ૨૬-૦૭, સૂર્ય મહાનક્ષત્ર હસ્ત, વાહન ઉંદર.

મુહૂર્ત વિશેષઃ ચંદ્ર-શનિ-ગુરુ દેવતાનું પૂજન, પીપળાનું પૂજન, શ્રી વિષ્ણુ સહસ્રનામ સ્તોત્ર પાઠ વાંચન, સર્વશાંતિ પૂજા, નિત્ય થતાં ખેતીવાડી, દુકાન-વેપાર, પશુ લે-વેંચના કામકાજ.

- શ્રાદ્ધ મહિમાઃ દસમ તિથિએ દિવંગતનું શ્રાદ્ધ આજ રોજ કરવું. દસમનું શ્રાદ્ધ બ્રહ્મલોક અપાવે છે. આજ રોજ ધાન્યનું દાન કરવું. કન્યા પૂજન કરી જમાડવી. પરમાત્મા સાથેનું સાયુજ્ય શ્રાદ્ધ દ્વારા સાકાર થઈ શકે છે. ગરૂડ પુરાણમાં કાગડાને પિતૃઓનો પ્રતિનિધિ ગણાવ્યો છે. કાગડામાં 'ટેલીપેથી' (સામાવાળાનાં) વિચારો જાણી લેવાની અદ્દભુત શક્તિ હોય છે. મૃત વ્યક્તિના પ્રાણસૂત્રને તે ઓળખે છે. આથી જ શ્રાદ્ધમાં કાગવાસ નાખવામાં આવે છે. ગાયને માતાનું સ્વરૂપ આપેલ છે. બ્રાહ્મણો દેવતાઓનું પ્રતિનિધિત્વ ગણાય છે. આથી આ બધાને શ્રાદ્ધમાં જમાડવાનું વિધાન પ્રચલિત છે.
- આચમનઃ ચંદ્ર-નેપ્ચ્યૂન ત્રિકોણ સંગીતપ્રિય, ચંદ્ર-મંગળ યુતિ અવિચારી, ચંદ્ર-બુધ ચતુષ્કોણ ખોટું બોલવાની આદત, ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ બેવકૂફી કરે એવો સ્વભાવ, ચંદ્ર-શનિ ત્રિકોણ કરકસરિયો સ્વભાવ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-નેપ્ચ્યૂન ત્રિકોણ, ચંદ્ર-મંગળ યુતિ, ચંદ્ર-બુધ ચતુષ્કોણ, ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ, ચંદ્ર-શનિ ત્રિકોણ
- ગ્રહગોચરઃ સૂર્ય- કન્યા, મંગળ-કર્ક, માર્ગી બુધ-તુલા, માર્ગી ગુરુ-કર્ક, વક્રી શુક્ર-તુલા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# અમેરિકા, ઈઝરાયલના વિમાનોને ટાર્ગેટ કરીશું: અલ કાયદાની ધમકી

નવી દિલ્હીઃ અલ-કાયદાએ ૧૧ સપ્ટેમ્બર, ૨૦૦૧ના હુમલાનો ઉલ્લેખ કરીને અને તેલ અવીવ જઇ રહેલી ફ્લાયદુબઈની ફ્લાઇટના કથિત હાઇજેકિંગના પ્રયાસના વખાણ કર્યાં છે.

અલ-કાયદાએ અમેરિકન અને ઇઝરાયલી વિમાનોને નિશાન બનાવીને સમાન હુમલા કરવાનું આહ્વાન કર્યું હોવાનું ન્યૂ યોર્ક પોસ્ટના અહેવાલમાં જણાવાયું છે.

ન્યૂ યોર્ક પોસ્ટના અહેવાલ અનુસાર આ આહ્વાન અલ-કાયદાના સમર્થકો દ્વારા જુલાઇમાં શરૂ કરવામાં આવેલા સાપ્તાહિક પ્રકાશન 'અલ-બયાન'ના તાજેતરના અંકમાં પ્રકાશિત લેખમાં કરવામાં આવ્યું હતું.

આ લેખમાં ૯/૧૧ના હુમલા અને ૩૦ સપ્ટેમ્બરના રોજ ફ્લાય દુબઈની ફ્લાઇટ એફઝેડ ૧૦૭૩ને હાઇજેક કરવાના પ્રયાસનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

ન્યૂ યોર્ક પોસ્ટના રિપોર્ટ મુજબ અરબી ભાષામાં છપાયેલા આ લેખમાં અમેરિકનો અને ઇઝરાયલીઓને લઇ જઇ રહેલા વિમાનો પર હુમલાઓ કરવા માટે ઉશ્કેરવામાં આવ્યા હતા. અરબી ભાષાના લેખમાં કહેવામાં આવ્યું હતું કે યુદ્ધ હજુ સમાપ્ત થયું નથી.

ઝાયોનિસ્ટો, અમેરિકનો અને ઇસ્લામ વિરુદ્ધ લડનારા અન્ય તમામ કાફિરોને લઇ જતા વિમાનો હજુ પણ આકાશમાં ફરતા હોય છે અને તેમને નિશાન બનાવવામાં આવી શકે છે. જેમ કે ૧૧ અને ૩૦ સપ્ટેમ્બરના રોજ બન્યું હતું.

લેખમાં વધુમાં જણાવાયું છે કે અમેરિકા અને ઝાયોનિસ્ટોના આજે પહેલા કરતાં વધુ દુશ્મનો છે. શક્ય છે કે જે વ્યક્તિ ઇશ્વરમાં વિશ્વાસ ધરાવતો નથી તે તેમને નિશાન બનાવે અને તેનું આ અભિયાન આખરે ઇસ્લામને ફાયદો પહોંચાડે. લેખમાં આગળ લખવામાં આવ્યું હતું કે તે દિવસ આવશે જ્યારે દુષ્ટ અમેરિકાના સામ્રાજ્યનો અંત આવશે.

અહેવાલ અનુસાર પ્રકાશનમાં ૧૧ સપ્ટેમ્બરના હુમલા દરમિયાન વર્લ્ડ ટ્રેડ સેન્ટર સાથે અથડાતા વિમાનની તસવીરની સાથોસાથ ફ્લાયદુબઈની ફ્લાઇટના હાઇજેકના પ્રયાસ સાથે સંબંધિત બીજી તસવીર પણ છપાયેલી હતી.

આ સામગ્રી શનિવારે દૂર થઇ તે પહેલા અલ-કાયદા સાથે સંકળાયેલી ટેલિગ્રામ ચેનલો પર ફેલાવવામાં આવી હોવાનું ન્યૂ યોર્ક પોસ્ટે જણાવ્યું હતું.

# મને મોતનો ભય નથીઃ ત્રાસવાદી પાઇલટ

તેલ અવીવઃ ઇઝરાયલના તેલ અવીવ જઇ રહેલા પેસેન્જર વિમાનને ક્રેશ કરવાનો પ્રયાસ કરવાના આરોપી ફ્લાયદુબઈના કો-પાઇલટ હમામ અલ-હમ્મામીની નફફટાઇભરી કબૂલાત કરી છે.

વોલ સ્ટ્રીટ જર્નલના અહેવાલ અનુસાર સાઉદી અરેબિયામાં વિમાનનું ઉતરાણ કર્યા બાદ હમ્મામીએ તપાસકર્તાઓને જણાવ્યું કે તે જાણીજોઇને વિમાન ક્રેશ કરવા માંગતો હતો અને તેને મોતનો ભય નથી.

૨૯ વર્ષીય ઓમાની નાગરિક કઇ રીતે કટ્ટરપંથી બન્યો અને અધિકારીઓની નજરમાં પહેલેથી જ આતંકી પ્રવૃતિઓમાં સંડોવાયેલા હોવા છતાં તેને કોકપિટમાં જવાની ફરી પરવાનગી કઇ રીતે મળી તેની હવે તપાસ ચાલી રહી છે.

વોલ સ્ટ્રીટ જર્નલના અહેવાલ મુજબ હમ્મામીના અગાઉના ઉડ્ડયન એમ્પ્લોયર સરકારી ઓમાન એરએ ત્યારે તેના પર ઉડાન ભરવાનો પ્રતિબંધ મૂક્યો હતો જ્યારે અધિકારીઓને જાણ થઇ કે તે કટ્ટરપંથી વેબસાઇટ જોઇ રહ્યો છે.

તેના બેકગ્રાઉન્ડથી પરિચિત લોકોએ અખબારને જણાવ્યું કે ત્યારબાદ તેને કટ્ટરપંથી મુક્તિ કાર્યક્રમમાંથી પસાર થવું પડ્યું હતું અને તેને ડેસ્ક જોબ આપવામાં આવી હતી.

ઓમાન એર છોડ્યા પછી હમ્મામીને યુએઇમાં નોકરી મળી હતી અને ફ્લાયદુબઈએ ફેબ્રુઆરી ૨૦૨૬માં તેને નોકરી પર રાખ્યો હતો.

જો કે એરલાઇન પાસે તેના ભૂતકાળ વિશે શું માહિતી હતી અથવા ક્યારેય ઓમાન પાસેથી આ માહિતી માંગવામાં આવી હતી કે નહીં તે સ્પષ્ટ નથી.

રિપોર્ટ અનુસાર તપાસકર્તાઓ હમ્મામીના સીરિયામાં વિતાવેલા સમયની પણ તપાસ કરી રહ્યા છે.

ઓમાની પિતા અને સીરિયન માતાના સંતાન હમ્મામીએ તેની યુવાનીનો કેટલોક ભાગ સીરિયામાં ગૃહયુદ્ધ દરમિયાન વિતાવ્યો હતો.

અધિકારીઓ તપાસ કરી રહ્યા છે કે શું તે ત્યાં રહેતી વખતે કટ્ટરપંથી વિચારધારા તરફ આકર્ષાયો હતો.

## પહેલા પાનાનું ચાલુ

### મુંબઈમાં

અનુરોધ કર્યો હતો.

દેખાવકારોએ આને 'વિરાટ ગર્જના મોરચા' નામ આપ્યું હતું. આમાં સહભાગી થનારા લોકોએ 'સર' પ્રક્રિયામાં ગેરરીતિ બદલ સીઈસી જ્ઞાનેશકુમારનું રાજીનામું માગ્યું હતું. કૂચમાં પક્ષના ધ્વજો લાવવાની છૂટ નહોતી. ફક્ત તિરંગો લાવવાની છૂટ હતી.

રાજ ઠાકરેએ માગણી કરી કે દેશની ભાવિ ચૂંટણી બેલોટ પેપરથી થવી જોઈએ. તેમણે મહારાષ્ટ્રમાં 'સર' કવાયત રદ કરવાની માગણી કરી હતી.

ઉદ્ધવ ઠાકરેએ પૂછ્યું હતું કે જો બાંગ્લાદેશીને મતદારયાદીમાંથી કાઢવા 'સર' પ્રક્રિયા કરાઈ છે તો કેટલા બાંગ્લાદેશીને સરકારે શોધી કાઢ્યા છે. તેમણે ભાજપના નેતાઓ અને અધિકારીઓ સામે ન્યુરેમબર્ગ ખટલા જેવી કાર્યવાહી કરવાની ચેતવણી આપી હતી. ભાજપ અને આ અધિકારીઓએ સમજવું જોઈએ કે આપણા દેશમાં પણ આવા ખટલા ચાલી શકે.

વિશ્વયુદ્ધ બે પછી મિત્રદેશ શક્તિઓએ અનેક લશ્કરી ટ્રિબ્યુનલ અડોલ્ફ હીટલરના શાસન હેઠળના નાઝી જર્મનીના ટોચના અધિકારીઓ સામે ચલાવીને તેમને દોષી ઠરાવ્યા હતા.

ઉદ્ધવે કહ્યું હતું કે વિરોધ પક્ષોની લડાઈ કોઈ એક નેતા કે પક્ષ, ધર્મ કે જ્ઞાતિ સામે નથી પરંતુ દેશની આઝાદી સામે છે. ભાજપે સમજવું જોઈએ કે લોકો આજે શાંત છે, પરંતુ તેમનો રોષ ફાટી નીકળશે તો તેએ તેમના સિંહાસનને બાળી નાખશે. તેમણે ભાજપ પર વોટચોરી, ધારાસભ્યોની ચોરીની સાથે અયોધ્યામાં ચંદાચોરી કરવાનો આક્ષેપ કર્યો હતો.

તેમણે ચૂંટણી પંચ પર નિશાન તાકીને કહ્યું હતું કે મહારાષ્ટ્રમાં 'સર'માં લગભગ બે કરોડ મતદાતાનાં નામો કાઢી નખાયાં છે. પશ્ચિમ બંગાળમાં ૩૦ લાખ અને તમિળનાડુમાં ૭૦ લાખ નામ કાઢી નખાયાં હતાં.

તેમણે સુપ્રીમ કોર્ટની પણ તત્કાળ સુનાવણી ન કરવા બદલ ટીકા કરી હતી. પશ્ચિમ બંગાળમાં પેટા ચૂંટણી છે એમ છતાં સુપ્રીમ કોર્ટે સુનાવણી કરી નથી. અદાલત પેટાચૂંટણીના એક દિવસ પહેલાં પાંચ ઑક્ટોબરે આ બાબત સાંભળશે. આ બતાડે છે કે તેઓ કઈ રીતે બધી સંસ્થાઓને કાબૂમાં રાખે છે.

રાજ ઠાકરેએ કહ્યું હતું કે હું ૨૦૧૭-૧૮થી રાજકીય પક્ષોને કહી રહ્યો છું કે ચૂંટણી પંચ ગેરરીતિ કરી રહી છે. મેં ઈવીએમ અને મતદારયાદી સામે વાંધા ઉઠાવ્યા હતા. હું આ માટે કૉંગ્રેસનાં પ્રમુખ સોનિયા ગાંધી અને તત્કાલીન મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ મળ્યો હતો. મેં તેમને આ બાબતનો ખુલાસો ન આવે ત્યાં સુધી ચૂંટણીનો બહિષ્કાર કરવાનું કહ્યું હતું. (એજન્સી)

### જીએસટીમાં

કરી શકે છે.

વર્તમાન જીએસટી કાયદા હેઠળ ગંભીર ટૅક્સ અપરાધોના કિસ્સાઓમાં ધરપકડની જોગવાઇ છે. સીજીએસટી કાયદાની કલમ ૬૯ અંતર્ગત કમિશ્નરને ધરપકડની મંજૂરી આપવાનો અધિકાર છે. આ માટે અધિકારી પાસે એવું માનવા માટે પૂરતા કારણો હોવા જોઇએ કે વ્યક્તિએ ગંભીર જીએસટી અપરાધ કર્યો છે.

વર્ષ ૨૦૨૨માં સરકારે ધરપકડ અને જામીન અંગે અધિકારીઓ માટે માર્ગદર્શિકા જારી કરી હતી. તેમાં જણાવાયું હતું કે ધરપકડ માત્ર કાયદા દ્વારા માન્ય હોવાથી ન થવી જોઇએ. ધરપકડ કેસની ગંભીરતા અને વ્યક્તિની ભૂમિકા સહિત અન્ય પાસાઓના આધારે થવી જોઇએ.

આ ફેરફાર પાછળનું સૌથી મોટું કારણ ટૅક્સ અધિકારીઓ દ્વારા સત્તાના દુરુપયોગની ઊઠતી ફરિયાદો હોવાનું ચર્ચાઇ રહ્યું છે. મીડિયા અહેવાલ મુજબ કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે છેલ્લા ૮-૯ મહિનાથી આ મુદ્દે ચર્ચા ચાલી રહી છે. ખાસ કરીને કંપનીના વરિષ્ઠ અધિકારીઓની ધરપકડથી ઉદ્યોગ જગતમાં સવાલો ઊઠી રહ્યા છે. સરકાર હવે જીએસટી સિસ્ટમમાં એવો સુધારો કરવા માગે છે જેથી ગંભીર છેતરપિંડી સામે કાર્યવાહી જળવાઇ રહે અને ઉદ્યોગપતિઓને ભયનો સામનો પણ ન કરવો પડે.

સરકારી આંકડા મુજબ ૨૦૨૧-૨૨થી ૨૦૨૪-૨૫ વચ્ચે જીએસટી અપરાધના ૭૨,૩૯૩ કેસ નોંધાયા છે અને કેન્દ્રીય જીએસટી અધિકારીઓએ ૮૮૭ લોકોની ધરપકડ કરી છે.

પ્રસ્તાવિત ફેરફારમાં ગંભીર છેતરપિંડી અને ઇરાદાપૂર્વકના અપરાધો પર કાર્યવાહી ચાલુ રાખવાની વાત છે. ફરક માત્ર એટલો છે કે ટૅક્સ અધિકારીઓ જીએસટી કાયદા હેઠળ ધરપકડની સત્તાનો ઉપયોગ કરી શકે નહીં. આવા કિસ્સાઓમાં ફોજદારી કાયદા હેઠળ કાર્યવાહી કરી શકાય છે. હવે બધાની નજર સાત ઓક્ટોબરની જીએસટી કાઉન્સિલની બેઠક પર છે. આ બેઠકમાં ધરપકડની સત્તા હટાવવાના પ્રસ્તાવ પર ચર્ચા થઇ શકે છે.

### 'એવરેસ્ટ' ને

સુરક્ષિત રાખવા માટે કડક નિયમનકારી પાલન લાગુ કરવાનું ચાલુ રાખે છે. સ્વચ્છતામાં ગંભીર ખામીઓને કારણે ક્રિએટિવ બેકર્સ એન્ડ કન્ફેકશનર્સ પ્રાઇવેટ લિમિટેડનું એફએસએસએઆઈ લાઇસન્સ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યું છે. તે સિવાય એફએસએસએઆઈએ એવરેસ્ટ ફૂડ પ્રોડક્ટ્સ પ્રાઇવેટ લિમિટેડ વિરુદ્ધ પ્રોડક્ટને પરત ખેંચવાનો આદેશ જાહેર કર્યો છે. એફએસએસએઆઈએ એવરેસ્ટ ફૂડને નિર્દેશ આપ્યો હતો કે ટેસ્ટમાં સેમ્પલ અસુરક્ષિત મળી આવ્યા પછી 'પ્રી-પેક્ડ જીરું પાઉડર'ને તરત જ પરત ખેંચવામાં આવે. ગોવામાં રિવરસાઇડ રિસોર્ટ્સ એન્ડ હોલિડે હોમ્સ પ્રાઇવેટ લિમિટેડના પરિસરમાંથી ''પ્રી-પેક્ડ જીરું પાવડર'' નું એક નિયમનકારી સેમ્પલ લેવામાં આવ્યું હતું. ફૂડ એનાલિસ્ટના રિપોર્ટમાં એઝોક્સીસ્ટ્રોબિન અને થિયામેથોક્સમના જેવા જંતુનાશક અવશેષો નિર્ધારિત મહત્તમ મર્યાદા કરતાં વધુ સ્તરે જોવા મળ્યા હતા. ફૂડ એનાલિસ્ટે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ, ૨૦૦૬ હેઠળ સેમ્પલને ''અસુરક્ષિત'' જાહેર કર્યું હતું. કંપનીને રિપોર્ટ સામે અપીલ કરવાની તક આપવામાં આવી હતી. જેના પગલે નમૂનાને રેફરલ ફૂડ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યો હતો. ''પ્રી-પેક્ડ જીરું પાવડર'' ના સંપૂર્ણ બેચને બજારમાંથી તાત્કાલિક પાછા ખેંચવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. એવરેસ્ટ ફૂડને રિકોલ કરાયેલ ઉત્પાદનનો સંપૂર્ણ રેકોર્ડ જાળવવા અને રિપોર્ટ સબમિટ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો.

### બંગાળમાં

અહીં કોઈ પણ રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિ થવા દેશે નહીં અને લોકોને ''ભાગલાવાદી તત્વો'' વિરુદ્ધ એકજૂથ અને સતર્ક રહેવાની અપીલ કરી હતી. અધિકારીએ કહ્યું હતું કે, ''તમે નિશ્ચિત રહી શકો છો કે સરકાર બંધારણ અનુસાર કામ કરશે. પરંતુ તે ભારતીય સંસ્કૃતિ, સનાતની પરંપરાઓ, મંદિરો અને મઠો તેમજ આધ્યાત્મિક મહાપુરુષો વિવેકાનંદ અને મહાપ્રભુ શ્રી ચૈતન્ય દ્વારા પ્રસ્થાપિત આપણા વારસા પર કોઈ પણ પ્રકારનો હુમલો થવા દેશે નહીં.''

યુસીસી પર વાત કરતા મુખ્ય પ્રધાને કહ્યું હતું કે પશ્ચિમ બંગાળ પણ સમાન નાગરિક સંહિતા લાગુ કરવાના મામલે ઉત્તરાખંડ અને ગુજરાતનું અનુસરણ કરશે. અમને છ મહિનાનો સમય આપો, અમે 'લવ જિહાદ' અને 'લેન્ડ જિહાદ' સામે પણ કડક કાયદા લાવીશું. પશ્ચિમ બંગાળ સરકારે રાજ્ય માટે સમાન નાગરિક સંહિતાના મુસદ્દાની તપાસ કરવા માટે સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ રંજના પ્રકાશ દેસાઈના નેતૃત્વમાં એક ઉચ્ચ-સ્તરીય સમિતિની રચના કરી છે. સરકારી જાહેરનામા અનુસાર, પશ્ચિમ બંગાળ યુસીસી બિલનો ઉદ્દેશ્ય લગ્ન, છૂટાછેડા, વારસા અને દત્તક લેવાની બાબતોમાં તમામ સમુદાયો માટે નાગરિક કાયદાઓમાં એકરૂપતા લાવવાનો છે. યુસીસી એ ભાજપનાં ચૂંટણી વચનોમાંનું એક મુખ્ય વચન હતું.

### યુક્રેનમાં

હોવાનું જણાવાઇ રહ્યું છે. કુસુમ ગ્રૂપ પોતાને ભારતીય મૂળની યુક્રેનિયન કંપની ગણાવે છે.

કંપનીના માલિક રાજીવ ગુપ્તાએ હુમલા બાદ એક ન્યૂઝ ચેનલ સાથેની વાતચીતમાં જણાવ્યું કે યુદ્ધ હોવા છતાં તેઓ પ્લાન્ટને કાર્યરત રાખવામાં સફળ રહ્યા હતા. પરંતુ તાજેતરનો હુમલો અત્યંત દુઃખદ છે. કુસુમ ગ્રૂપે વર્ષ ૧૯૯૪માં એક ડિસ્ટ્રિબ્યુટર તરીકે શરૂઆત કરી હતી, જે ભારતમાંથી યુક્રેનમાં દવાઓની નિકાસ કરતું હતું. વર્ષ ૨૦૦૨માં તેણે અન્ય કંપનીઓની પ્રોડક્ટ્સનું વિતરણ બંધ કરી દીધું અને પોતાની બ્રાન્ડનું માર્કેટિંગ શરૂ કર્યું હતું. ત્યારબાદ તેણે ઉત્પાદન ક્ષેત્રમાં ઝંપલાવ્યું હતું.

કંપનીએ વર્ષ ૨૦૦૭માં ભારતમાં અને ૨૦૦૯માં યુક્રેનના સુમીમાં પ્લાન્ટની સ્થાપના કરી હતી. ત્યારબાદ ભારતમાં વધુ બે પ્લાન્ટ શરૂ કર્યા હતા. આ ગ્રૂપ ૫૦થી વધુ (મોટાભાગે જેનેરિક) પ્રોડક્ટસનું ઉત્પાદન કરે છે અને તેનું નવથી વધુ દેશોમાં વેચાણ કરે છે. જેમાં મુખ્યત્વે યુક્રેન, ઉઝબેકિસ્તાન, કઝાકિસ્તાન અને ફિલિપાઇન્સનો સમાવેશ થાય છે.

### સ્મિતને

કે ફ્લાઇટ સામાન્ય રીતે ચાલી રહી હતી ત્યારે સહ-પાઇલટે અચાનક તેમના પર હુમલો કર્યો. કેપ્ટન મચ્છરે કહ્યું કે, ''તે એક સામાન્ય ફ્લાઇટ હતી અને તે (કો-પાઇલટ) નમાજ કરવા માગતો હતો, જે અસામાન્ય નથી. જ્યારે તે નમાજ પઢી રહ્યો હતો ત્યારે મે પાછળ વળીને જોયું નહીં, હું આગળ જોઈ રહ્યો હતો અને પછી અચાનક મને મારા માથાના પાછળના ભાગમાં જોરદાર ફટકો પડ્યો હતો.

મારો પહેલો વિચાર એ આવ્યો કે વિમાનને ગંભીર નુકસાન થયું છે અને કંઈક ખોટું થયું છે. પરંતુ પછી એક પછી એક મારા પર પ્રહાર થયા હતા. ત્યારે મને સમજાયું કે તે વિમાન નથી જે થઈ રહ્યું છે તેની પાછળ કો-પાઇલટ જવાબદાર છે.

આના કારણે વિમાન ઝડપથી નીચે ઉતર્યું હતું. કેપ્ટન સ્મિતે કહ્યું હતું કે તેણે હુમલાખોરને રોકવાનો પ્રયાસ કર્યો પરંતુ તેની દ્રષ્ટિ ખૂબ જ ઝાંખી થઈ ગઈ હતી મેં તેને રોકવાનો પ્રયાસ કર્યો, પરંતુ તેના શરૂઆતના હુમલાઓને કારણે હું કંઈ સ્પષ્ટ રીતે જોઈ શક્યો નહીં. બધું ઝાંખું થઈ ગયું. તે સમયે મને લાગ્યું કે વિમાન ઝડપથી નીચે જઈ રહ્યું છે.

નોંધનીય છે કે ઘાયલ હોવા છતાં તેમણે કોકપીટનો દરવાજો ખોલીને લોકોની મદદ માગી હતી. જેનાથી વિમાનમાં સવાર તમામ ૧૮૦ લોકોના જીવ બચ્યા હતા.

### જાપાનની

અને તૂર્કી ઉપરાંત કતારે પણ દાવો કર્યો છે.

ઑલિમ્પિક કાઉન્સિલ ઑફ એશિયાના પ્રમુખ શેખ જોઆન બિન હમાદ અલ થાનીએ જાપાનની એશિયન ગેમ્સ સંપન્ન થઈ હોવાની સત્તાવાર જાહેરાત કરી હતી. ગર્વભેર ભારતના તિરંગા સાથે પરેડમાં ભાગ લેનાર નીરુ ઢાંડા નિશાનબાજીમાં બે ગોલ્ડ મેડલ અને એક સિલ્વર મેડલ જીતી હતી.

જાપાનની એશિયન ગેમ્સના ટોચના અધિકારીઓએ રવિવારની 'વન એશિયા' થીમ પર આધારિત ક્લોઝિંગ સેરેમની દરમ્યાન મશાલ કતારના પ્રતિનિધિઓને સોંપી હતી. હજારો ઍથ્લીટો, અધિકારીઓ અને પ્રેક્ષકો આ સમારોહમાં હાજર હતા.

ભારત ૨૦૨૨ની એશિયન ગેમ્સની જેમ આ વખતે પણ ચોથા સ્થાને રહ્યું. ભારતે ૨૧ ગોલ્ડ, ૨૭ સિલ્વર અને ૩૭ બ્રૉન્ઝ સહિત કુલ ૮૫ ચંદ્રક જીત્યા હતા. ચીન (૧૬૯ ગોલ્ડ સહિત કુલ ૩૪૧ ચંદ્રક) પ્રથમ સ્થાને, જાપાન (૮૩ ગોલ્ડ સહિત કુલ ૨૬૯ ચંદ્રક) બીજા સ્થાને અને સાઉથ કોરિયા (૩૯ ગોલ્ડ સહિત કુલ ૧૫૦ ચંદ્રક) ત્રીજા સ્થાને હતું.

### શહીદને

અંગે પ્રાપ્ત વિગતો અનુસાર ચંડીગઢમાં તહેનાત સુબેદાર મેજર સત્યવાનનું નિધન થયું હતું.

તેઓ દેવરિયા જિલ્લાના રૂદ્રપુર પોલીસ સ્ટેશન વિસ્તારના ગલિયા દુધૈલા ગામના વતની હતા. તેમના પાર્થિવદેહને એમ્બ્યુલન્સ મારફત તેમના પૈતૃક ઘરે લઇ જવામાં આવી રહ્યો હતો.

એમ્બ્યુલન્સમાં શહીદ સુબેદાર મેજરના પરિવારના સભ્યો પણ હતા. જેમાં તેમના ભાઇ રાજન ચૌધરી, ભત્રીજા રામ સમજુ સિંહ અને પુત્ર ગૌરવ સિંહનો સમાવેશ થતો હતો. પોલીસના જણાવ્યા મુજબ ગૌરવ સિંહ અને એમ્બ્યુલન્સના ડ્રાઇવર જસપાલના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા.

જ્યારે અન્ય ઘાયલોને સારવાર અર્થે હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન બંનેના મૃત્યુ થયા હતા. આ સાથે અકસ્માતમાં કુલ ચાર લોકોના મોત થયા હતા.

પોલીસે તમામ મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યા હતા. તેમજ આ કેસમાં અન્ય જરૂરી કાનૂની કાર્યવાહી પણ હાથ ધરી છે.

શહીદ સુબેદાર મેજર સત્યવાનના પાર્થિવ શરીરને પોલીસ સ્ટેશન પરિસરમાં સંપૂર્ણ સન્માન સાથે સુરક્ષિત રાખવામાં આવ્યું છે. દરમિયાન મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે અકસ્માતમાં જાનહાનિ પ્રત્યે ઊંડો શોક વ્યક્ત કર્યો હતો.

# જાહેર શૌચાલયમાં બે યુવકનાં મોતના કેસમાં કારખાનાનો માલિક ઉત્તર પ્રદેશમાં પકડાયો

મુંબઈ: ગોરેગામ નજીક જાહેર શૌચાલયમાં ઝેરી કેમિકલને કારણે ગૂંગળામણથી બે યુવકે જીવ ગુમાવ્યાની ઘટનામાં કથિત રીતે જવાબદાર ફરાર કારખાનાનો માલિક આખરે ઉત્તર પ્રદેશમાં પકડાયો હતો. વનરાઈ પોલીસે ઘટનાના પાંચ દિવસ બાદ શુક્રવારે યુપીના જૌનપુરથી રામધની યાદવ (૪૫)ને તાબામાં લેવાયો હતો. કાનૂની પ્રક્રિયા પૂરી કરીને યાદવને શનિવારે મુંબઈ લાવવામાં આવ્યો હતો.

રામમંદિર પૂર્વમાં પારસી પંચાયત ગેટ નજીકના જાહેર શૌચાલયમાં ૨૭ સપ્ટેમ્બરના મળસકે ભાવિક દેસાઈ (૧૮) અને પ્રભાકર ધિવાર (૨૪)નાં મૃત્યુ થયાં હતાં. ગણપતિ વિસર્જન પછી મંડપ છોડવાનું કામ ચાલી રહ્યું હતું ત્યારે બન્ને જણ શૌચાલયમાં ગયા હતા, જ્યાં શ્વાસ રુંધાવાને કારણે તેમનાં મોત નીપજ્યાં હોવાનું તપાસમાં જણાયું હતું. તપાસમાં જણાયું હતું કે શૌચાલય પાસેના પ્લૅટિંગના કારખાનામાંથી ઝેરી કૅમિકલ ગટર લાઈનમાં ગયું હતું, જેને કારણે આ ઘટના બની હતી. આ કારખાનું રામધની યાદવ ભાડેથી ચલાવતો હતો. બે જણનાં મૃત્યુના સમાચાર ફેલાતાં જ તે ફરાર થઈ ગયો હતો. વનરાઈ પોલીસ ૨૮ સપ્ટેમ્બરથી તેને ટ્રેસ કરી રહી હતી. ધરપકડ ટાળવા યાદવ વારંવાર તેનું ઠેકાણું બદલતો હતો. આખરે તે જૌનપુરમાં એક સગાને ઘેર સંતાયો હોવાની માહિતી પોલીસને મળી હતી. યુપી પહોંચેલી વનરાઈ પોલીસની ટીમે સ્થાનિક પોલીસની મદદથી છટકું ગોઠવી તેને પકડી પાડ્યો હતો. આ કેસમાં પોલીસે અગાઉ કારખાનું જે સ્થળે હતું તે જમીનના માલિક નવીન ચાવડાની ધરપકડ કરી હતી. ■



**તૈયારી નવરાત્રીની:** મુંબઈના અત્યંત વ્યસ્ત ગણાતા ભુલેશ્વર અને સી પી ટૅન્ક વિસ્તારમાં રવિવારે નવરાત્રીની ખરીદી માટે મોટી સંખ્યામાં યુવતીઓ ઊમટી પડી હોવાનું જોવા મળ્યું હતું. નવરાત્રી માટે ઓક્સિડાઈઝ્ડ જ્વેલરી, મીનાકારી સેટ, કોડીવાળા સેટ અને કચ્છી સ્ટાઈલના સેટ વગેરે એક જ જગ્યાએ જોવા મળતા હોવાથી અહીં ભારે ભીડ જોવા મળી હતી. આ ઉપરાંત નવરાત્રી માટે ભાત-ભાતના દાંડિયા અને ચણિયા ચોળીની પણ મોટી સંખ્યામાં ખરીદી થઈ રહી હોવાનું જોવા મળ્યું હતું. (અમય ખરાડે)

# સેવાભાવી વિધાનસભ્ય પરાગ શાહને રાજ્યપાલના હસ્તે 'જૈન સમાજ રત્ન' પુરસ્કાર



મુંબઈ: ભારત જૈન મહામંડળ દ્વારા આયોજિત ''સામૂહિક ક્ષમાપના, વિશ્વ મૈત્રી દિવસ અને જૈન સમાજ રત્ન અલંકરણ સમારોહમાં ઘાટકોપર પૂર્વના સેવાભાવી વિધાનસભ્ય પરાગ શાહને મહારાષ્ટ્રના રાજ્યપાલ જિષ્ણુ દેવ વર્માના શુભહસ્તે પ્રતિષ્ઠિત 'જૈન સમાજ રત્ન' પુરસ્કાર અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા.

રવિવાર, તા. ૪ ઑક્ટોબર ૨૦૨૬ના રોજ ઘાટકોપર પૂર્વ સ્થિત આરાધ્યા ભક્તિ પાર્ક, હોકી ગ્રાઉન્ડ ખાતે આ ભવ્ય સમારોહ અત્યંત ઉત્સાહપૂર્ણ અને મંગલમય વાતાવરણમાં સંપન્ન થયો.

આ પ્રસંગે મહારાષ્ટ્રના કેબિનેટ પ્રધાન મંગલપ્રભાત લોઢા, મુંબઈના મેયર રિતુ તાવડે, સમાજસેવી શિવલાલ પોખરણા સહિત વિવિધ ક્ષેત્રોના અનેક પ્રતિષ્ઠિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આ પાવન સમારોહમાં જનસંત શ્રમણ ઉપાધ્યાય ૧૦૮ વિરંજનસાગરજી મ.સા., ભ્રમણ મુનિ ૧૦૮ વિસૌમ્યસાગરજી મ.સા., પ.પૂ. મુનિરાજ મુક્તિનિલય વિજયજી મ.સા., રાષ્ટ્રસંત પ.પૂ. ગુરુદેવ નમ્રમુનિજી મ.સા. તેમજ આચાર્ય મહાશ્રમણજી મ.સા.ના વિદુષી શિષ્યા સાધ્વી નિર્વાણશ્રીજી અને સાધ્વી ડો. યોગક્ષેમપ્રભાજીના પાવન સાન્નિધ્યનો લાભ પ્રાપ્ત થયો.

સમાજસેવા, જનકલ્યાણ અને સામાજિક જવાબદારીના ક્ષેત્રે પરાગ શાહે આપેલા નોંધપાત્ર યોગદાનને બિરદાવતાં તેમને આ પ્રતિષ્ઠિત પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા. આ સન્માન તેમના વર્ષોથી ચાલતા સેવાભાવી કાર્યોની વિશેષ કદર છે અને સમાજસેવાના ક્ષેત્રે વધુ ઉત્સાહપૂર્વક કાર્ય કરવા માટે નવી પ્રેરણા આપનારું છે. ■

# જૈન રથયાત્રામાં ૫૦ હજાર લોકો જોડાયા





મુંબઈ: મુંબઈની સડકો પર રવિવારે ધર્મ, આસ્થા અને સામાજિક એકતાનો વિરાટ નજારો જોવા મળ્યો હતો. શ્રી મુંબઈ જૈન સંઘ સંગઠનના તત્ત્વાવધાનમાં યોજાયેલી સામૂહિક જૈન રથયાત્રામાં મુંબઈનાં ૧૧૦૦ થી વધુ જૈનસંઘોના ૫૦ હજારથી વધુ શ્રદ્ધાળુઓ જોડાયા હતા. આશરે ત્રણ કિલોમીટર લાંબી રથયાત્રામાં ૨૦૦થી વધુ જૈન સંઘોની ધાર્મિક, સાંસ્કૃતિક, ટેક્નોલોજી અને સામાજિક સંદેશ આપતી ઝાંખીઓ રજૂ કરવામાં આવી હતી. રથયાત્રા મહોત્સવમાં ૧,૧૦૦ જૈન સંઘોના પ્રતિનિધિઓ તથા ૪૦૦થી વધુ સાધુ-સાધ્વી ભગવંતોની ઉપસ્થિતિ રહી હતી. ધર્મધ્વજાઓ, રંગોળીઓ અને ભક્તિગીતો વચ્ચે નીકળેલી યાત્રામાં વિશ્વશાંતિ, સામાજિક એકતા અને સ્વચ્છતાનો સંદેશ આપવામાં આવ્યો હતો. માર્ગમાં ઠેર-ઠેર ગુરુભગવંતો અને પુણ્યાત્માઓનું શ્રદ્ધાપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું હતું. આચાર્ય નયપદ્મ સાગર સુરીશ્વરજી મહારાજે આ વિશાલ રથયાત્રાના ધર્મમંચથી સમસ્ત શ્રીસંઘોની ઓજસ્વી અનુમોદના કરી હતી.

શ્રી મુંબઈ જૈન સંઘ સંગઠનના ટ્રસ્ટીઓ વીરેન્દ્રભાઈ શાહ, ઘેવરચંદ બોહરા અને ભંવર કોઠારીના નેતૃત્વમાં તથા આશિષ શાહ, રાકેશ શાહ, નીતિન વોરા, મુકેશ જૈન અને કલ્પેશ હેક્કડના પ્રયાસોથી રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. મહારાષ્ટ્રના મંત્રી મંગલ પ્રભાત લોઢાએ રથયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું. મોટી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓ, યુવાનો અને બાળકો પરંપરાગત વસ્ત્રોમાં જોડાયા હતા. આ રથયાત્રાની શરૂઆતમાં આયોજિત સમારંભમાં મુંબઈના સમસ્ત જૈન સંઘો તરફથી સમાજસેવી ચુનીલાલ ચંદન અને જિનશાસન એકતાપ્રેમી બાબુલાલ ભણસાલીને 'શાસનરત્ન સન્માન'થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

જૈન સમાજની આ વિરાટ અને વિશાળ ઐતિહાસિક રથયાત્રામાં ૪૦૦થી વધુ ગુરુભગવંતોની ઉપસ્થિતિએ સમગ્ર આયોજનને આધ્યાત્મિક ગૌરવ આપ્યું હતું. ■

# પત્નીના લગ્નબાહ્ય સંબંધમાં પતિની હત્યા: ફરાર પત્ની દોઢ મહિને પકડાઈ

થાણે: પત્નીના લગ્નબાહ્ય સંબંધ મામલે નિવેડો લાવવા ગયેલા પતિની છરીથી હુમલો કરી કરપીણ હત્યા કરવામાં આવી હોવાની ઘટના નાગપુરમાં બની હતી. ઘટના બાદથી ફરાર થઈ ગયેલી પત્ની દોઢ મહિને થાણેમાં પકડાઈ હતી.

પોલીસના જણાવ્યા મુજબ આરોપી દીપાલી ઉર્ફે બાલી વિજય સાળુંખે (૨૯)ને હૃષીકેશ ખોડે સાથે કથિત આડા સંબંધ હતા, જેને પગલે પતિ ગૌરવ રગડે (૨૭) સાથેના તેના સંબંધોમાં ખટાશ આવી ગઈ હતી. નાગપુરના અજની ખાતે રહેતો ગૌરવ રિક્ષા ડ્રાઈવર હતો.

આશ્ચર્યની વાત એટલે ઑગસ્ટમાં બનેલી ઘટનાના આઠ મહિના પહેલાં જ ગૌરવ અને દીપાલીએ આંતરજ્ઞાતીય પ્રેમલગ્ન કર્યાં હતાં. જોકે દીપાલીનું ખોડે સાથે અફૅર હોવાની જાણ ગૌરવ સાથે થયા પછી તેમની વચ્ચે વારંવાર ઝઘડા થવા લાગ્યા હતા. કંટાળીને દીપાલી પતિનું ઘર છોડી ગઈ હતી અને અલગ રહેવા લાગી હતી, એમ પોલીસે જણાવ્યું હતું.

દીપાલી અને ખોડે સાથેના વિવાદનો અંત લાવવા નાગપુરના નરેન્દ્ર નગર જઈ રહ્યો હોવાનું પિતાને કહીને ગૌરવ ૨૦ ઑગસ્ટે ઘરેથી નીકળ્યો હતો. કહેવાય છે કે સાંજે પાંચ વાગ્યે ગૌરવ પહોંચ્યો ત્યારે ખોડે તેના બે મિત્ર સાથે દારૂ પીતો હતો. દીપાલી સાથેના સંબંધ મુદ્દે પૂછતાં જ ગૌરવ અને ખોડેના ગ્રૂપ વચ્ચે ઝઘડો થયો હતો. કહેવાય છે કે નરેન્દ્ર નગરમાં ટ્રેઈન બ્રિજ નજીક દીપાલીની ઉશ્કેરણીથી ખોડે અને તેના મિત્રોએ ગૌરવ પર છરીથી હુમલો કર્યો હતો.

હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા ગૌરવને નજીકની હૉસ્પિટલમાં લઈ જવાયો હતો, જ્યાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. હત્યામાં સંડોવણી સામે આવતાં દીપાલી ફરાર એકાએક ગુમ થઈ હતી. તે થાણેના ડૉ. બાબાસાહેબ આંબેડકર રોડ ખાતે રહેતી હોવાની માહિતી પોલીસને મળી હતી. લગભગ દોઢ મહિના પછી થાણે ક્રાઈમ બ્રાન્ચની એન્ટિ-એક્સ્ટોર્શન સેલે તેને તાબામાં લીધી હતી. પ્રાથમિક તપાસમાં મહિલાએ ગુનાની કબૂલાત કરી હોવાનો દાવો સિનિયર ઈન્સ્પેક્ટર સૈલેશ સાળવીએ કર્યો હતો. વધુ તપાસ માટે મહિલાને નાગપુરની બેલ્ટારોડી પોલીસના તાબામાં સોંપાઈ હતી. (પીટીઆઈ)■

# રેલવે કર્મચારીની માતાને ૩૮ લાખનું વળતર ચૂકવવાનો આદેશ

થાણે: નાલાસોપારામાં ૨૦૨૦માં માર્ગ અકસ્માતમાં જીવ ગુમાવનારા રેલવેના કર્મચારીની માતાને ૩૮.૧૩ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો આદેશ ધ થાણે મોટર એક્સિડેન્ટ ક્લેઈમ્સ ટ્રિબ્યુનલે આપ્યો હતો. ખાસ કરીને ટ્રિબ્યુનલે મૃતકનો કસૂર હતો, એવો દાવો નકારી કાઢ્યો હતો અને જુવેનાઈલ બાઈકસવારની બેદરકારીથી અકસ્માત થયો હોવાનું નોંધ્યું હતું. ટ્રિબ્યુનલના સભ્ય આર. વી. મોહિતેએ આપેલા આદેશમાં બાઈકની વીમા કંપનીને પહેલાં દાવેદારને વળતરની રકમ ચૂકવવા અને પછી વીમા પૉલિસીની શરતોનો ભંગ કરવા બદલ વાહનમાલિક પાસેથી રકમ વસૂલ કરવાના નિર્દેશ આપ્યા હતા, કારણ કે અકસ્માત માટે જવાબદાર સગીર લાઈસન્સ વિના જ બાઈક ચલાવતો હતો. પિટિશન અનુસાર મુંબઈમાં સેન્ટ્રલ રેલવે લોકો વર્કશૉપમાં ખલાશી તરીકે ધીરજ શરદ પવાર (૨૫) કામ કરતો હતો. ધીરજ ૮ જૂન, ૨૦૨૦ના રોજ યોગ્ય રીતે અને મધ્યમ ગતિથી સ્કૂટર ચલાવી નાલાસોપારા રેલવે સ્ટેશન તરફ જતો હતો ત્યારે બાઈકે તેના સ્કૂટરને ટક્કર મારી હતી. (પીટીઆઈ)■




સુરતી વિશાલાડ વણિક

અત્યંત દુઃખ સાથે જણાવવાનું કે

**અશ્વિન કાંતિલાલ બંગાળી**

૧૨-૮-૧૯૪૨ - ૩૦-૯-૨૦૨૬

મુંબઈમાં શ્રીજીચરણ પામ્યા છે.

સ્વ. કાંતિલાલ બંગાળી તથા સ્વ. વસંતબેન બંગાળીના પુત્ર નયનાબેનના પતિ શેતલ તથા સ્વ. બંદિશીના પિતા નકુલના સસરા તથા ક્રિશના નાના

**લૌકિક પ્રથા બંધ છે**

ૐ શાંતિ


# બહાદુર પાઈલટ સ્મિત મચ્છરની તબિયતમાં સુધારો: પિતાએ વીડિયો કોલ પર આપ્યા રાહતના સમાચાર

મુંબઈ: ફ્લાયદુબઈના હીરો પાઈલટ બની ૧૭૦ લોકોનો જીવ બચાવનારા કેપ્ટન સ્મિત મચ્છરની તબિયતમાં સુધારો થઈ રહ્યો છે. સ્મિતના પિતા ઉપેન્દ્ર મચ્છરે વીડિયો કોલ દરમિયાન તેમના સ્વાસ્થ્ય અંગે મહત્ત્વની અપડેટ આપી હતી. વીડિયો કોલ મારફત મળેલી માહિતીમાં સ્મિતના પિતાએ જણાવ્યું હતું કે આજે સ્મિત મારી સાથે ૧૦ પગલાં ચાલ્યો હતો. પુત્રને આ રીતે ચાલતો જોઈ પિતાએ ખુશી વ્યક્ત કરી હતી. ઉપેન્દ્ર મચ્છરે જણાવ્યું હતું કે સ્મિત ધીમે ધીમે સ્વસ્થ થઈ રહ્યો છે અને આજે તેણે તેમની સાથે ૧૦ પગલાં ચાલ્યા હતા. તેમણે સ્મિતની રિકવરીને લઈને ખુશી વ્યક્ત કરી અને તેના માટે પ્રાર્થના તથા સહયોગ કરી રહેલા તમામ લોકોનો આભાર માન્યો હતો. આ અપડેટ મુંબઈના નગરસેવક સુષમ સાવંતે સ્મિતના પિતા સાથે વીડિયો કોલ પર વાતચીત કરી હતી તે સમયે કેપ્ટન સ્મિતના પિતા ઉપેન્દ્ર મચ્છરે આપ્યું હતું. તેમણે નગરસેવક સાથે વિડીયો કોલ પર વાત કરી સ્મિતના સ્વાસ્થ્ય માટેની શુભકામનાઓ પાઠવવા બદલ દરેકનો આભાર પણ વ્યક્ત કર્યો હતો. આ દરમિયાન સ્મિતના ઝડપી સ્વસ્થ થવા માટે ચેમ્બુર પરિસરમાં આવેલા હનુમાન મંદિરમાં આરતી અને હનુમાન ચાલીસાનું પઠન પણ કરવામાં આવ્યું હતું. સ્મિતના સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથેની વાતચીત દરમિયાન પણ સ્મિતે સંકટની ઘડીમાં હનુમાન ચાલીસાનો પાઠ કર્યો હોવાની માહિતી આપી હતી. ફ્લાયદુબઈના ઘાયલ પાઈલટ કેપ્ટન સ્મિત મચ્છરના પરિવારને મળવા મુંબઈના મેયર રિતુ તાવડે આજે ઘાટકોપર ઈસ્ટ પહોંચ્યા હતા. તેમણે સ્મિતના કાકા કિશોર મચ્છરના નિવાસસ્થાને પરિવાર સાથે મુલાકાત કરી હતી. ■


૫૦મી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



**સદ્ગત શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધી**

ઘાટકોપર, મુંબઈ

જન્મ : ભાદરવા વદી ૭, વિ.સ. ૧૯૫૯ તા: ૧૪-૯-૧૯૦૩

સ્વર્ગવાસ : ભાદરવા વદી ૧૦, વિ.સ. ૨૦૩૨ તા: ૧૯-૯-૧૯૭૬

૧૨૩ વર્ષ પૂર્વે આપના પુણ્ય આત્માએ મનુષ્ય પર્યાય ધારણ કરી ૭૩ વર્ષોની જીવનયાત્રા દરમ્યાન અનેક ધાર્મિક તેમજ માનવ કલ્યાણના કાર્યો પાર પાડ્યા.

આજે પણ આપના સતકાર્યોની અનુમોદના સમાજ કરી રહ્યો છે. જેનો અમે કુટુંબીઓ ગર્વ અનુભવીએ છીએ.

આપની ઉદાર ભાવનાઓ, પરોપકારી સ્વભાવ, સમાજ અને કુટુંબ પ્રત્યેની સ્નેહભરી નિષ્ઠા અને આદર્શોની પગદંડીના અમે પથીક બનીએ.

લી.

ગાંધી પરિવાર : ગાંધી ગ્રુપ મિત્રો અને સ્નેહીઓ


# કુઆલાલમ્પુરથી આવેલા કર્ણાટકના રહેવાસી પાસેથી ૧૨ કિલો ગાંજો જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કસ્ટમ્સ વિભાગના ઍર ઈન્ટેલિજન્સ યુનિટ (એઆઈયુ)ના અધિકારીઓએ મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ પર કુઆલા લમ્પુરથી આવેલા પ્રવાસીની ધરપકડ કરી તેની પાસેથી આશરે ૧૨ કિલો ઉચ્ચ ગુણવત્તાવાળો ગાંજો જપ્ત કર્યો હતો.

એઆઈયુએ પકડી પાડેલા આરોપીની ઓળખ મોહમ્મદ સુહેલ સૈયદ મેહબૂબ અલી (૩૫) તરીકે થઈ હતી. આરોપી કર્ણાટકના કારવારનો વતની હોવાનું જાણવા મળ્યું હતું.

આરોપી બાટિક ઍરની ફ્લાઈટમાં શનિવારની મધરાતે ૧૨.૩૦ વાગ્યે મુંબઈ પહોંચ્યો હતો. ડ્રગ્સની માહિતીને આધારે એઆઈયુના અધિકારીઓએ શકમંદ સુહેલ અલીને ઍરપોર્ટ પર રોક્યો હતો. પર્સનલ સર્ચમાં તેની પાસેથી કંઈ મળ્યું નહોતું. જોકે તેની પાસેની બ્લૅક કલરની ટ્રૉલી બૅગ તપાસવામાં આવતાં ડ્રગ્સ મળી આવ્યું હતું. અધિકારીના જણાવ્યા મુજબ બૅગમાં પ્લાસ્ટિકનાં ૧૨ પૅકેટ્સ હતાં. ફીલ્ડ ટેસ્ટિંગ કિટની મદદથી તપાસ કરતાં એ પૅકેટ્સમાં હાઈડ્રોપોનિક વીડ હોવાનું જણાયું હતું. અંદાજે ૪.૧૨ કરોડ રૂપિયાનો આશરે ૧૨ કિલો ગાંજો આરોપી પાસેથી જપ્ત કરાયો હતો. આરોપીની એનડીપીએસ ઍક્ટ હેઠળ ધરપકડ કરી અધિકારીઓએ વધુ તપાસ હાથ ધરી હતી. ■

# થાણેમાં ઈમારતની ટેરેસ ગેલેરી તૂટી પડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: થાણે શહેરમાં રવિવારે એક ગ્રાઉન્ડ પ્લસ ત્રણ માળની રહેણાંક ઈમારતની ટેરેસ ગેલેરીનો અમુક ભાગ ધરાશાયી થયો હતો, જેના પગલે અધિકારીઓએ ઈમારતમાં રહેતા ૮૦ રહેવાસીઓને તાત્કાલિક સુરક્ષિત બહાર કાઢ્યા હતા.

થાણે ડિઝાસ્ટર કંટ્રોલના અધિકારીના જણાવ્યા મુજબ થાણે (પશ્ચિમ)માં કિશન નગર એકમાં સંગમ સદનમાં બનેલી આ ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજા થઈ નહોતી. જોકે કાટમાળ પડવાને કારણે પરિસરમાં પાર્ક કરેલા ચાર ટૂ-વ્હીલર વાહનોને નુકસાન થયું હતું. રવિવારે બપોરે લગભગ ૨.૨૦ વાગ્યે થઈ હતી. ૩૫ વર્ષ જૂની આ ઈમારતની ટેરેસ ગેલેરીનો એક ભાગ ધરાશાયી થયો હતો અને બાકીનો ભાગ જોખમી સ્થિતિમાં હતો. ઈમારતમાં રહેતા ૮૦ રહેવાસીઓને બહાર કાઢીને વૈકલ્પિક રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવી હતી અને ઈમારતને માળખાગત સમારકામની જરૂર હોવાનું થાણે પાલિકાના અધિકારીએ જણાવ્યું હતું. ■


GES ENGLISH MEDIUM SCHOOL
ICSE
Goregaon Education Society - Since 1958

ADMISSIONS OPEN
2027-28
GIVE YOUR CHILD THE GES ADVANTAGE




THE GES ADVANTAGE
- ICSE Curriculum
- Personalised Attention
- Smart Classrooms
- Robotics & Innovation
- Sports & Holistic Development
- Experienced Educators

WHY CHOOSE GES?
- Trusted educational legacy since 1958
- Student-focused learning environment
- Strong foundation in academic excellence
- Modern, innovation-driven education

ENROL NOW
ADMISSION REGISTRATION
www.gesschool.org
+91 88280 15906
SCAN FOR WEBSITE ACCESS
GES English Medium School, ICSE @GESICSE @GESICSE

# નોકરીની લાલચે રિક્ષા ડ્રાઈવર પાસેથી ૧૦ લાખ પડાવ્યા

થાણેઃ દીકરીને મહારાષ્ટ્ર પોલીસ દળ અને દીકરાને ભારતીય નૌકાદળમાં નોકરીની ખાતરી આપી રિક્ષા ડ્રાઈવર પાસેથી ૧૦ લાખ રૂપિયા કથિત રીતે પડાવવા બદલ પોલીસે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરાવતી કલ્યાણની એકેડેમીના ટીચર સૂરજ મદન પાટીલ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. ભિવંડીના પ્રમોદ તાયડે (૪૬)એ ફરિયાદ કરી હતી. ■


## ક્લાસિફાઈડ

### ૪. ધાર્મીક સંબંધી

**FREE આરોગ્ય તપાસણી શિબિર**
સમદર્શન સેવા પરીવાર દ્વારા આયોજિત ભાગવત કથા અને CRITICARE ASIA MULITSPECIACITY HOSPITALનાં સહયોગથી ૩ થી ૯ ઓક્ટોબર ૨૦૨૬, 3.30 TO 7.30 નિઃશુલ્ક આરોગ્ય સેવાનો તેમજ ભાગવત કથાના શ્રવણનો લાભ લો. વિશ્વકર્મા એ.સી.હોલ, બજાજ રોડ, વિલેપાર્લે પશ્ચિમ. સંપર્કઃ ૯૩૨૪૨૫૦૮૫૦. (૧૪૩૫-એ)

### ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**
દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલીઃ 9969388693 / 7506569229. (બી-૧૮૧૧૦)

### ૧૨. યાત્રા સહેલગાહ

■ Private Car Tours Varanasi Ayodya Kerala Karnataka Rajasthan, Kashmir, Himachal, Uttaranchal Vietnam Srilanka Thailand Singapore Cruise રેન્ટાકેબ મુંબઈ લોકલ આઉટસ્ટેશન Oneway ડિઝાયર ઈનોવા ક્રિસ્ટા ટેમ્પો ટ્રાવેલર Urbania સ્થાનિક, આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ, હોટેલ TravelInsurance. ARRHAM HOLIDAY 9769977466/ 9892534488. (બી-૧૮૧૧૪)

### ૧૭. જગ્યા આપવી છે

**જુહુ**
3 બેડરૂમ, 1475', નવી બિલ્ડીંગ, હાયર ફ્લોર, 6.5 કરોડ, જિમ, સ્વિમિંગ પૂલ, ગાર્ડન સાથે. 9820442089. (૧૪૨૬-સી)

**PRABHADEVI**
Rustomjee Crown 4 BHK Higher Floor 15 CR Nego 3 Parking 9892710071 / 9619048555. (B-18149)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399, જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૨૯૨-સી)**

### ૨૩. મનોરંજન

■ ભજન, ઓરકેસ્ટ્રા, દાંડિયારાસ, સંગીતના પ્રોગ્રામ વિજયભાઈ - **9869035035.** (એસડીબી-૩૫૪૯)

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**
53 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (બી-૧૮૦૬૩)

**કલરકામ**
તમારા ઘરને આપો નવો લુક ઉત્તમ ગુણવત્તા, યોગ્ય ભાવ 9169299961, 7977918526. (બી-૧૮૧૭૨)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ. (હર્બલ). 9773226675 / 9326448699. (કાંદિવલી). (૧૪૩૨-સી)

### ૫૨. કુરીઅર્સ

**ફોરેન**
પાર્સલ માટે એક માત્ર જુનું વિશ્વસનીય નામ રમેશભાઈ - 9702251440 / 9224320626. (બી-૧૬૮૩૫)

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719, 7208019515. (૯૦૦/એ)

**પરદેશમાં પાર્સલ**
અમેરિકા, લંડન, દુબઈ દુનિયાભરમાં પહોંચાડીશું ઓમદર્શન - 8879196093 / 9594187418. (બી-૧૮૧૫૮)


છેલ્લા પાનાનું ચાલુ

## મહાયુતિ, એમવીએમાં

સ્પષ્ટ થઈ રહ્યું છે કે શાસક અને વિપક્ષી ગઠબંધનોમાં બળવો અનિવાર્ય છે.

પુણે, નાગપુર અને છત્રપતિ સંભાજીનગર સ્નાતક મતવિસ્તાર તેમજ પુણે અને અમરાવતી શિક્ષક મતવિસ્તાર માટે ચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે. ઉમેદવારીની રાહ જોયા વિના, ઉમેદવારોએ પ્રચાર શરૂ કરી દીધો છે. કેટલાક પક્ષોએ તેમની ઉમેદવારી જાહેર કરીને તેમના સાથી પક્ષોને આંચકો આપ્યો છે. પ્રથમ તબક્કામાં, મહાયુતિએ બેઠકોની વહેંચણીમાં આગેવાની લીધી છે.

જોકે, એવું જોવા મળી રહ્યું છે કે મહાવિકાસ આઘાડીમાં બેઠકોની વહેંચણીમાં કોઈ સંકલન નથી. બેઠકોની વહેંચણી પછી, ભાજપે પોતાની ઉમેદવારીને અંતિમ સ્વરૂપ આપવાના પ્રયાસો તેજ કર્યા છે. પ્રદેશ પ્રમુખ રવીન્દ્ર ચવ્હાણ રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીનને મળ્યા.

**મહાવિકાસ આઘાડીમાં મતભેદ**

મહાવિકાસ આઘાડી (એમવીએ)માં બેઠકની વહેંચણીને લઈને ગંભીર મતભેદો બહાર આવ્યા છે. મીડિયા સાથે વાત કરતા સાંસદ સંજય રાઉતે કહ્યું, અમે 'રાષ્ટ્રવાદી' (શરદ ચંદ્ર પવાર) પ્રદેશ પ્રમુખ શશિકાંત શિંદે અને કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ હર્ષવર્ધન સપકાળ અને નસીમ ખાન સાથે બેઠક કરી છે. અમારી સ્થિતિ 'એમવીએ' તરીકે સાથે લડવાની છે. પરંતુ કોંગ્રેસે કેટલીક બેઠકો માટે પરસ્પર ઉમેદવારોની જાહેરાત કરી છે. અમે અમરાવતી અને મરાઠવાડા (છત્રપતિ સંભાજીનગર) સ્નાતક મતવિસ્તારોમાંથી ચૂંટણી લડીશું. જો કોઈ સર્વસંમતિ નહીં થાય, તો અમે અમારા પોતાના દમ પર અને મૈત્રીપૂર્ણ રીતે લડત આપીશું.

**બળવો માથાનો દુખાવો**

અમરાવતી શિક્ષક મતવિસ્તારમાં કોંગ્રેસે અદિતિ પોહરેને ઉમેદવાર તરીકે આપ્યા બાદ, ઠાકરે જૂથના દત્તાત્રેય લહાણે બળવો કરવાની તૈયારી કરી રહ્યા છે. શિંદેની શિવસેના બેઠક મહાયુતિમાં હોવાથી, 'રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી' (અજિત પવાર) ના ધારાસભ્યોએ દિલીપ કડુને ટેકો આપતાં અરજીઓ દાખલ કરતાં મહાયુતિમાં તણાવ પેદા થયો છે.

પુણે સ્નાતક અને શિક્ષક મતવિસ્તાર પુણે સ્નાતક મતવિસ્તાર ભાજપમાં ગયા પછી, 'રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી' (અજિત પવાર) ના ઉમેદવાર ભૈયા માનેએ પાર્ટી છોડીને અપક્ષ તરીકે ચૂંટણી લડવાની તૈયારી શરૂ કરી દીધી છે. ઉપરાંત, પુણે શિક્ષક મતવિસ્તારમાં નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના 'ઓએસડી' મંગેશ ચિવટે અને પ્રધાન ઉદય સામંતના 'ઓએસડી' સચિન સાનપની ભૂમિકા પર ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

છત્રપતિ સંભાજીનગર સ્નાતક બેઠક 'રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી'ને મળતાં ભાજપ માટે જોરશોરથી તૈયારી કરી રહેલા સંજય કેનેકરના આગામી નિર્ણય અંગે ઉત્સુકતા છે.

**અમરાવતીમાં બળવો**

નાગપુરમાં, કોંગ્રેસે ગ્રેજ્યુએટ મતવિસ્તારમાંથી વર્તમાન ધારાસભ્ય અભિજિત વણજારીને મેદાનમાં ઉતાર્યા છે, જ્યારે અમરાવતી શિક્ષક મતવિસ્તારમાંથી અદિતિ પોહરેને મેદાનમાં ઉતાર્યા છે. કપિલ પાટીલના શિક્ષક ભારતીમાંથી અતુલ દેશમુખે પોતાનું ઉમેદવારીપત્ર ભર્યું છે. અમરાવતીના વર્તમાન ધારાસભ્ય કિરણ સરનાઈક, જેઓ ગયા વખતે અપક્ષ તરીકે જીત્યા હતા, તેઓ શિંદે સેનામાં જોડાયા છે. જોકે, તેમની ઉમેદવારીની હજુ સુધી જાહેરાત કરવામાં આવી નથી. ભૂતપૂર્વ ધારાસભ્ય અને શિંદે સેનાના શ્રીકાંત દેશપાંડેએ પોતાનું ઉમેદવારીપત્ર ભર્યું છે. જો શિંદે સેના સરનાઈકને તેમનું ઉમેદવારીપત્ર આપે છે, તો એવું ચિત્ર છે કે બે રસ ધરાવતા ભાજપના ઉમેદવારો બળવો કરશે.

**મરાઠવાડાઃ સતીશ ચવ્હાણ**

મરાઠવાડા ગ્રેજ્યુએટ મતવિસ્તારમાં, એનસીપી (અજિત પવાર જૂથ) ના વર્તમાન ધારાસભ્ય સતીશ ચવ્હાણ મહાયુતિના ઉમેદવાર હશે. આ મતવિસ્તારમાંથી એમવીએમાં મોટો મુકાબલો છે. એનસીપી (શરદ પવાર જૂથ) અને કોંગ્રેસની સાથે, ઉદ્ધવ સેના પણ આ બેઠક પર આગ્રહી છે. ■

## ભાજપે જાહેર

શિક્ષક મતદાર સંઘમાંથી કૌસ્તુભ મુરલીધર ગાવડેને ઉમેદવાર બનાવવામાં આવ્યા છે.

ભાજપે આ ત્રણેય બેઠકો પર પોતાના ઉમેદવારો ઉતારીને મહારાષ્ટ્ર વિધાન પરિષદમાં પોતાની મજબૂત હાજરી નોંધાવવાની તૈયારી કરી છે. બીજી તરફ, અન્ય વિપક્ષી પક્ષો પણ ધીમે ધીમે પોતાના ઉમેદવારોના નામ જાહેર કરી રહ્યા છે. તેથી આ વખાણી જંગ ખરાખરીની બની રહેશે તેવા પણ એંધાણ છે.

મહારાષ્ટ્ર વિધાન પરિષદની સ્નાતક અને શિક્ષક મતદાર સંઘની પાંચ બેઠકો માટે ૨૩ ઓક્ટોબરે દ્વિવાર્ષિક ચૂંટણી યોજાશે. તેમાં ઔરંગાબાદ વિભાગ સ્નાતક, પુણે વિભાગ સ્નાતક, નાગપુર વિભાગ સ્નાતક, અમરાવતી વિભાગ શિક્ષક અને પુણે વિભાગ શિક્ષક મતદાર સંઘનો સમાવેશ થાય છે. વર્તમાન સભ્યોનો કાર્યકાળ ડિસેમ્બરમાં પૂર્ણ થવાનો હોવાથી આ ચૂંટણી યોજાઈ રહી છે.

ચૂંટણીપંચના આયોજન મુજબ ૨૩ ઓક્ટોબરે સવારે ૮ વાગ્યાથી સાંજે ૪ વાગ્યા સુધી મતદાન થશે, જ્યારે ૨૭ ઓક્ટોબરે મતગણતરી કરવામાં આવશે. ચૂંટણીની સમગ્ર પ્રક્રિયા ૩૧ ઓક્ટોબર પહેલાં પૂર્ણ કરવામાં આવશે. ભાજપે હાલમાં ત્રણ બેઠકો માટે ઉમેદવારો જાહેર કર્યા છે, ત્યારે બાકીની બેઠકો માટેની ચૂંટણીમાં રાજકીય પક્ષોની ઉમેદવારી પર પણ નજર રહેશે. ■

## નવી મુંબઈમાં

બુધવારના મધરાતના બે વાગ્યા સુધીના સમયગાળામાં આ કામ કરવામાં આવવાના છે. ભોકરપાડા વોટર ફિલ્ટરેશન પ્લાન્ટના ૧૩.૫ મિલ્યન લિટર ક્ષમતાના પંપના ચેનલના કામ કરવા માટે એમ.એ. પ્લેટ બેસાડવા, નવી મીટરરિંગ કિઓસ્ક બેસાડવા તેમ જ મોરબે મેઈન પાઈપલાઈન પર ફ્લો મીટર બેસાડવાના કામ હાથમાં લેવામાં આવવાના છે.

ભોકરપાડા વોટર ફિલ્ટરેશન સેન્ટર પાસેના ૨,૦૫૦ મિલીમીટર વ્યાસના મોરબે મેઈન પાઈપલાઈન પર ફ્લો મીટર બેસાડવામાં આવવાનું છે. એ સિવાય સીબીડી સેકટર સાતમાં મોરબે પાઈપલાઈન પર ૧,૮૦૦ મિ.મી. વ્યાસના બટરફ્લાય વાલ્વ બેસાડવામાં આવવાના છે. વાશીના અરેંજા સર્કલ નજીક મોરબે મેઈન લાઈનને જોડનારી વિતરણ પાઈપલાઈન પર ૭૦૦ મિ.મી. વ્યાસનો તો મ્હાપેમાં ૯૦૦ મિ.મી. વ્યાસનો બટરફ્લાય બેસાડવામાં આવવાનો છે. આ કામને કારણે મેઈન પાઈપલાઈન પરનો પાણીપુરવઠો બંધ રાખવાનો પાલિકાએ નિર્ણય લીધો છે.

આ બંધને પરિણામે બેલાપુર, નેરુળ, વાશી, તુર્ભે-સાનપાડા, કોપરખૈરાણે, ઘણસોલી, ઐરોલીમાં પાણીપુરવઠાને અસર થશે. તેમ જ સિડકોના ખારઘર અને કામોઠે નોડનો પાણીપુરવઠો પણ બંધ રહેશે.

પાણીપુરવઠો પૂર્વવત્ થયા બાદ પણ બુધવારે સવાર અને સાંજના ઓછા દબાણ સાથે નાગરિકોને પાણી મળવાની શકયતા છે. ■

## વિપક્ષોનો મુંબઈમાં

થિયેટરથી મુંબઈ મહાનગરપાલિકાના મુખ્યાલય સુધી રવિવારની સવારે મોરચો કાઢવામાં આવ્યો હતો. પછી આ મોરચાને સભાનું સ્વરૂપ અપાયું હતું. એસઆઈઆર રદ કરવા સહિત ચૂંટણીઓ ઈવીએમને બદલે ફરી બેલટ પેપર પ્રક્રિયાથી થવી જોઈએ, એવી મુખ્ય માગણીઓ આ વખતે કરાઈ હતી. કહેવાય છે કે અગાઉ મોરચો ભાયખલાથી બીએમસી મુખ્યાલય સુધી લઈ જવાનું નક્કી કરાયું હતું. આ અંગે રાજકીય પક્ષોના આગેવાનોએ વરિષ્ઠ પોલીસ અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી. બાદમાં મેટ્રો થિયેટરથી મોરચો કાઢવાનું નક્કી થયું હતું.

જોકે આ મોરચાને કોઈ સત્તાવાર પરવાનગી અપાઈ નહોતી. કહેવાય છે કે પોલીસ પાસે મોરચા માટે ત્રણ વાર પરવાનગી માટે અરજી કરાઈ હતી, પરંતુ ત્રણેય વાર પરવાનગી નકારવામાં આવી હતી. આખરે પરવાનગી વિના મોરચો કાઢવામાં આવ્યો હતો. હવે આ મામલે પૂરતી ચકાસણી પછી પોલીસ આગામી કાર્યવાહી હાથ ધરશે. ■

## સંસ્થા સમાચાર

### ગાંધી જયંતીની ઉજવણી

શ્રી નાગરદાસ ડી. ભુતા સ્કૂલમાં ગાંધીજયંતીની ઉજવણી ખૂબ જ ઉત્સાહ, દેશભક્તિની ભાવના અને ઊંડા હેતુ સાથે કરવામાં આવી હતી. કાર્યક્રમના પ્રથમ બે પિરિયડ દરમ્યાન સ્વચ્છતા અભિયાન યોજવામાં આવ્યું હતુ. વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ પોતાના વર્ગખંડો તેમ જ શાળાના પરિસરની સફાઈ કરી હતી અને આ રીતે ગાંધીજીના સ્વચ્છતાના સંદેશને અર્થપૂર્ણ કાર્યમાં રૂપાંતરિત કર્યો હતો. ત્યાર બાદ શાળાના પરિસરમાં દાંડી માર્ચ રેલી યોજાઈ હતી. આ રેલીમાં વિદ્યાર્થીઓએ સત્યાગ્રહીઓના વેશમાં તિરંગો, પોસ્ટરો અને બૅનરો સાથે ભાગ લીધો હતો અને 'વંદે માતરમ', 'કરેંગે યા મરેંગે', 'ભારત માતા કી જય' જેવા દેશભક્તિના નારા ગુંજી ઊઠ્યા હતા. કાર્યક્રમ દરમ્યાન 'વૈષ્ણવ જન તો તેને કહીએ' અને 'રઘુપતિ રાઘવ રાજા રામ' જેવી ધૂન અને ભજન રજૂ કરવામાં આવ્યાં હતાં. આ ઉજવણીમાં મૅનેજમેન્ટના સ્ટાફ સભ્યો, વિદ્યાર્થીઓ તથા શિક્ષક અને બિન-શિક્ષક કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમનું સમાપન રાષ્ટ્રગાન સાથે થયું હતુ.

### ઝાલાવાડ સત્તર તાલુકાના ગરબા-રાસ

ઝાલાવાડ સત્તર તાલુકાના ગરબા-રાસનું અયોજન મહિલા મંડળના સથવારે દર વર્ષની જેમ આ વખતે પણ ઘાટકોપરમાં રાષ્ટ્રીય શાળામાં જ તા. ૧૧-૧૦-૨૦૨૬ને પહેલા નોરતે રવિવારે સાંજે ૬થી ૯ રાખેલ છે. ટ્રસ્ટીગણ, હોદેદારો તેમજ કમિટીના સભ્યો અને ઝાલાવાડ સત્તર તાલુકાના લોકોને જણાવવાનું કે સમાજના નવરાત્રીના ગરબા બાદ હળવા ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. ■

## ચૂંટણીપંચ વિરુદ્ધ

પ્રહારો કરવા બદલ ઠાકરે પિતરાઈ ભાઈઓ પર નિશાન તાકતાં શેલારે કહ્યું કે, મતભેદો બાદ સર્વસંમતિ કેવી રીતે સાધવામાં આવે છે, તેના માટે ચૂંટણી પંચ તરફ જોવાને બદલે ઠાકરે બંધુઓએ અરીસામાં જોવું જોઈએ. ઈવીએમનો વિકાસ ૧૯૭૦ના દાયકામાં થયો અને બેલેટ પેપરને બદલે ઈવીએમનો સૌથી પહેલો ઉપયોગ ૧૯૮૨માં કેરળમાં થયો. તત્કાલીન વડા પ્રધાન રાજીવ ગાંધીના કાર્યકાળ દરમિયાન ૧૯૮૯માં 'લોક પ્રતિનિધિત્વ અધિનિયમ'માં કરવામાં આવેલા સુધારાઓનો શેલારે ઉલ્લેખ કર્યો.

તેમણે ઉમેર્યું કે ઉદ્ધવ ઠાકરેની પાર્ટીએ ઈવીએમનો ઉપયોગ કરીને ૨૦૦૭ અને ૨૦૧૨માં મુંબઈની સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ જીતી હતી અને ૨૦૧૭માં પણ સત્તા જાળવી રાખી હતી. તેમણે ધ્યાન દોર્યું કે ૨૦૦૯ની મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં રાજ ઠાકરેની પાર્ટીએ ૧૩ બેઠકો જીતી હતી, જ્યારે તે જ સમયગાળામાં ઉદ્ધવ ઠાકરેની પાર્ટીએ ઈવીએમનો ઉપયોગ કરીને મુંબઈની સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ જીતી હતી.

શેલારે દાવો કર્યો કે, રાજ ઠાકરેએ અગાઉ મતદાર યાદીમાં સુધારણાની માગ કરી હતી અને ડુપ્લિકેટ, મૃત અને બોગસ મતદારો અંગે ચિંતા વ્યક્ત કરી હતી. શેલારે પોતાની વાતના સમર્થનમાં મનસે વડાના ઓક્ટોબર અને નવેમ્બર ૨૦૨૫ તથા જાન્યુઆરી ૨૦૨૬ના નિવેદનોનો હવાલો આપ્યો હતો. એસઆઇઆર હેઠળ ૯૦ ટકા મતદારોની ચકાસણી થઇ ચુકી છે તેનો શેલારે ઉલ્લેખ કર્યો. મહારાષ્ટ્રમાં ફેરમતદાનની માગ બાબત કટાક્ષ કરતાં શેલારે કહ્યું કે મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીઓ (નવેમ્બર ૨૦૨૪માં) થઇ પછી જ્ઞાનેશ કુમાર તો ફેબ્રુઆરી ૨૦૨૫માં ચૂંટણી કમિશનર બન્યા હતા. જ્ઞાનેશ કુમાર કમિશનર બન્યા પછી ૬ રાજ્યોની ચૂંટણીમાં એનડીએનો માત્ર ત્રણ રાજ્યમાં વિજય થયો, ત્રણમાં વિપક્ષો જીત્યા. પોતાની જીત સાચી અને બીજાની ખોટી એવો અભિગમ કેમ? એવો સવાલ તેમણે ઉઠાવ્યો. ''પરંતુ જનતા જાગૃત છે અને પોતાના મતાધિકારનો ઉપયોગ કરવાનું ચાલુ રાખશે, '' તેમ શેલારે ભારપૂર્વક કહ્યું. (પીટીઆઈ) ■

## બે દાયકા બાદ

દરવાજા), રિટેનિંગ વોલ્સ (આધારભૂત દીવાલો) અને આનુષંગિક માળખાગત સુવિધાઓ ધરાવતું આ પમ્પિંગ સ્ટેશન ઓશિવરા અને લોખંડવાલા નજીક આવેલા મોગરા નાળા પાસે બાંધવામાં આવશે. વર્ષ ૨૦૨૧માં ૩૯૩ કરોડ રૂપિયાના ખર્ચે અને ૨૪ મહિનાની સમયમર્યાદા સાથે મંજૂર કરાયેલા આ પ્રોજેક્ટમાં જમીન સંપાદનની અડચણો અને વર્સોવા-દહિસર કોસ્ટલ રોડના બીજા તબક્કા સાથે સ્થળ અંગેના વિવાદને કારણે વિલંબ થયો હતો. માર્ચ ૨૦૨૫માં પ્રાથમિક કામગીરી શરૂ થયા બાદ સ્થળ બદલીને લોખંડવાલા ક્રીક રોડ નજીક લઈ જવું પડ્યું હતું, જેના માટે 'કોસ્ટલ રેગ્યુલેશન ઝોન'ની નવી મંજૂરી અને પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયની અંતિમ મંજૂરીની જરૂર પડી હતી. પાલિકાના ઉચ્ચ અધિકારીએ પુષ્ટિ કરી છે કે હવે તમામ પર્યાવરણીય મંજૂરીઓ મેળવી લેવામાં આવી છે.જોકે તેને પૂર્ણ કરવાની સમયમર્યાદા ત્રણ વર્ષની છે, તેમ છતાં પાલિકા પ્રશાસન ૨૦૨૯ પહેલાં જ આ સુવિધા કાર્યરત કરવાનો લક્ષ્યાંક ધરાવે છે. આ પ્રોજેક્ટ મુંબઈની ૧૩,૦૦૦ કરોડ રૂપિયાની 'ઇન્ટિગ્રેટેડ ફ્લડ કંટ્રોલ એક્શન પ્લાન'નો એક ભાગ છે, જેને ચોમાસા દરમ્યાન શહેરમાં આવતા કાયમી પૂરની સમસ્યાનો સામનો કરવા માટે કેન્દ્ર સરકારનું આર્થિક સમર્થન પ્રાપ્ત છે. આ મહત્ત્વાકાંક્ષી યોજનામાં ડ્રેનેજ અને પમ્પિંગ સિસ્ટમનું આધુનિકીકરણ, વરસાદી પાણીના નિકાલની ક્ષમતામાં વધારો, મીઠી નદીનું પુનરુત્થાન અને પૂરને રોકવા માટે પ્રકૃતિ-આધારિત પગલાંનો સમાવેશ થાય છે.

પાલિકાના અધિકારીએ ઉમેર્યું કે મોગરા પમ્પિંગ સ્ટેશન આ યોજનાનો એક મુખ્ય ઘટક છે. સ્થાનિક નાગરિકના કહેવા મુજબ આ પ્રોજેક્ટમાં પહેલેથી જ વિલંબ થયો છે અને હવે અંધેરીમાં લિંક રોડ, વીરા દેસાઈ રોડ અને અન્ય નીચાણવાળા વિસ્તારોમાં પૂરની સમસ્યા હળવી કરવા માટે તેને પ્રાથમિકતાના ધોરણે પૂર્ણ કરવો જોઈએ. સોફા અને અન્ય મોટા કદનો કચરો નાળામાં ફેંકવામાં આવી રહ્યો છે, જેનાથી જળમાર્ગ અવરોધાય છે અને તેની ક્ષમતા ઘટે છે. પાલિકા તંત્રએ નાળામાં કચરો ઠાલવવાની પ્રવૃત્તિ સામે પણ કડક કાર્યવાહી કરવી જોઈએ. પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ જ્યારે ભરતીને કારણે મુંબઈના ફ્લડગેટ્સ બંધ થઈ જાય છે, ત્યારે પમ્પિંગ સ્ટેશનો વરસાદી પાણીનો દરિયામાં નિકાલ કરીને પાણી ભરાવાની સમસ્યા સામે શહેરના મુખ્ય રક્ષક તરીકે કામ કરે છે. મુંબઈમાં જુહુના ઈર્લા ખાતેનું પ્રથમ સ્ટેશન ૨૦૧૦માં કાર્યરત થયું હતું, ત્યારબાદ હાજી અલી, ક્લીવલેન્ડ, વરલીમાં લવગ્રોવ, રે રોડ-બ્રિટાનિયા અને ખાર દાંડા ખાતે ગઝધરબંધ સ્ટેશનો શરૂ કરવામાં આવ્યા હતા. પરંતુ મોગરા અને મહુલ એમ બે સ્ટેશનો હજુ પણ અધૂરા પ્રોજેક્ટ્સની યાદીમાં છે. ૨૬ જુલાઈ ૨૦૦૫ના પૂર બાદ બ્રિમસ્ટોવર્ડ પ્રોજેક્ટ હેઠળ ચિતળે સમિતિ દ્વારા ભલામણ કરાયેલા આઠ પમ્પિંગ પ્રોજેક્ટમાં આ બંનેનો સમાવેશ થતો હતો, પરંતુ તે હજુ સુધી પૂર્ણ થયા નથી. ■

## મુંબઈના રસ્તાઓ

ઍન્ડ ઈમ્પ્લિમેન્ટેશન એક્શન પ્લાન-૨૦૨૬' તૈયાર કરીને તેને અમલમાં મૂકવાની જાહેરાત કરી છે. એ સાથે જ પાલિકા હવે આગામી દિવસોમાં સૂકા વાતાવરણને પગલે ધૂળ ઊડીને વાતાવરણમાં પ્રદૂષણનું પ્રમાણ વધે નહીં તે માટે રસ્તાઓને ધોવાનો કાર્યક્રમ હાથમાં લેવાની છે. તે માટે જેટિંગ વ્યવસ્થા સહિત પાણીના ટેન્કરની સેવા આગામી ૧૫૦ દિવસ માટે લેવામાં આવવાની છે. મુંબઈના સાતેય ઝોનમાં રસ્તા ધોવા માટે ટેન્કરની સેવા લેવા માટે સાત કૉન્ટ્રેક્ટર નક્કી કરવામાં આવ્યા છે.ચોમાસાની વિદાય સાથે જ સામાન્ય રીતે રસ્તા પર કાદવ, કીચડ અને ધૂળનું પ્રમાણ વધી જતું હોય છે. તેથી તેને હટાવવા માટે ઑક્ટોબરના પહેલા અને બીજા અઠવાડિયામાં 'પોસ્ટ-મોન્સૂન ડીપ ક્લિનિંગ ડ્રાઈવ' અમલમાં મૂકવામાં આવવાની છે, જેમાં મહત્ત્વના રસ્તા, ડીવાઈડર, ચોક પર ખાસ સફાઈ કરવામાં આવશે. તેમ જ પુનર્વપરાશ કરવામાં આવેલા પાણીનો ઉપયોગ રસ્તાના ધોવા માટે અને પાણીનો છંટકાવ કરવા માટે કરાશે. એ સાથે જ મુંબઈના સાત ઝોનમાં રસ્તાઓ ધોવામાં આવશે. મુંબઈમાં લગભગ ૬૭૭ કિલોમીટર લંબાઈના ૩૭૭ સાર્વજનિક રસ્તાઓને સફાઈ માટે નક્કી કરવામાં આવ્યા છે. આ રસ્તાઓની દરરોજ પાણી દ્વારા સફાઈ કરાશે. તે માટે ૨,૦૦૦, ૫,૦૦૦ લિટર અને ૧૦,૦૦૦ લિટર ક્ષમતાનાં પાણીનાં ટેન્કર વાપરવામાં આવશે. સાત ઝોનના ૨૬ વોર્ડમાં આ ટેન્કર તહેનાત કરવામાં આવશે. ■

## પારસી મરણ

રતન કાવસજી દારૂવાલા તે મરહુમ ઝરીન આર. દારૂવાલાના ખાવીંદ. તે મરહુમો ભીખામાય તથા કાવસજી દારૂવાલાના દીકરા. તે બુરઝીન આર. દારૂવાલાના બાવાજી. તે દેલશાદ બી. દારૂવાલાના સસરાજી. તે રૂસી તથા મરહુમો એરચ, હોમી તથા ફ્રેની પટેલના ભાઇ. તે પોરૂશ તથા પરીઝાદના બપાવાજી. તે મરહુમો હીલ્લા તથા એરચ મહેતાના જમાઇ. (ઉ. વ. ૮૫) રે. ઠે. એ-૨, ફ્લેટ નંબર-૩૩, નવી ખરેઘાટ કોલોની ખાન બ્લોક, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૫-૧૦-૨૬ને દિવસે સાંજે ૩.૪૦ વાચ્છા ગાંધીની અગિયારીમાં કરવામાં આવશેજી.

## હિન્દુ મરણ

**હાલાઇ ભાટીયા**
વસઈ નિવાસી સ્વ. દમયંતી દ્વારકાદાસ રાજાના પુત્ર જિતેન્દ્ર (ઉં. વ. ૭૯). તે સ્વ. આશાબહેનના પતિ. સ્વ. દેવજી જેરામના જમાઈ. ગં. સ્વ. હેમુબહેન, સ્વ. કિરીટભાઈ, સ્વ. દેવીબહેન, ગં. સ્વ.રેણુબહેન, દીપકભાઇના ભાઈ. દીપિકાના જેઠ. અનુપમ, કુંજન, સ્નેહાના કાકા. ભૂમિ અને રાજના દાદા. તા. ૨૯-૯-૨૦૨૬ મંગળવારે શ્રજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

**દશા શ્રીમાળી વણિક**
જૂનાગઢ હાલ કાંદિવલી સરલાબેન લલિતભાઇ દેસાઇ (ઉં.વ. ૮૬) તા. ૩-૧૦-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. લલિતભાઇ ત્રિભુવનદાસ દેસાઇના ધર્મપત્ની. સ્વ. મોહનલાલ જુઠાભાઇ પારેખના સુપુત્રી. સ્વ. નિમિષભાઇ તથા મયુરભાઇનાં માતુશ્રી. અમિતાબેન તથા દિપાલીબેનનાં સાસુ અને સિદ્ધાંતના દાદીમા. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**દશા શ્રીમાળી વૈષ્ણવ**
સેદરડા (મહુવા) નિવાસી હાલ બોરીવલી, સ્વ. ભાઈચંદભાઈ પરષોતમદાસ મહેતાના સુપુત્ર મનસુખભાઈ (ઉં. વ. ૭૦) તા. ૨૬.૦૯.૨૬ને શનિવારના શ્રીજી શરણ પામેલ છે. બીનાબેનના પતિ. ચિંતન, રાજ, રિદ્ધિના પિતાશ્રી. મહેન્દ્રભાઈ, વસંત, મનીષ, શૈલેષ, તરુબેન, હર્ષાબેન, નયનાબેનના ભાઈ. સાસરાપક્ષે દામનગર નિવાસી હાલ વસઈ સ્વ. કાંતિલાલ ભગવાનજી શેઠના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૫/૧૦/૨૬ સોમવારે સાંજે ૪ થી ૬ કલાકે સ્વામિનારાયણ મંદિર હોલ, અજમેરા ગ્લોબલ સ્કૂલ સામે, યોગી નગર, બોરીવલી વેસ્ટ.

**હાલાઈ લોહાણા**
મૂળ ગામ જામખંભાળિયા, હાલ પુણે/મુંબઈ, પ્રકાશભાઇ કાપડિયા (ઉં. વ. ૭૩) તે સ્વ.કાંતાબેન તથા સ્વ.પરમાનંદદાસ (ભીકુભાઈ) નારણદાસ કાપડિયા(રાજા)ના પુત્ર. મીનાબેનના પતિ. કૃતિ પુકુલ શાહ તથા હર્ષના પિતા. સ્વ. પરેશભાઈ, દિનેશભાઈ, સ્વ. પુલીનભાઈ, સ્વ. દિપકભાઈ, ડો.મનીષભાઈ તથા પારૂલબેન મહેશભાઈ મજીઠીયાના ભાઈ, સ્વ. સરોજબેન તથા સ્વ.ગોપાલદાસ (બાબુભાઇ) ધારશીભાઈ કાનાણીના જમાઈ. તા. ૦૨.૧૦.૨૬ના શુક્રવારે શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**
તળાજા નિવાસી હાલ કાંદિવલી અ.સૌ. અનિતાબેન (ઉં. વ. ૭૧) તે બિપીનભાઈ ચંપકલાલ શાહના ધર્મપત્ની. તે સ્વ. શાંતાબેન તથા સ્વ. ચંપકલાલ ચુનીલાલ શાહના પુત્રવધૂ તેમજ ફાલ્ગુની સંજયકુમાર દેસાઈ તથા વિભા પંકિલકુમાર શાહના માતુશ્રી. પ્રવિણચંદ્ર શાહ, જયેશ શાહ, કિરણ શાહ, રમેશ શાહ, સુધીર શાહ, સરોજબેન ભુપેન્દ્રભાઈ પારેખ, હંસાબેન હરીશભાઈ પારેખના ભાઈના પત્ની. પિયર પક્ષે - સહરાનપુર નિવાસી સ્વ. પુષ્પાબેન સોમપ્રકાશ સિંઘલના સુપુત્રી. તા. ૧.૧૦.૨૬ ના ગુરુવારના શ્રીજી ચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. નિવાસ સ્થાન - ૧૦૪, તિરૂપતિ એપાર્ટમેન્ટ, આકુર્લી રોડ નં. ૧, મંગલમ ડેરીવાળી ગલી, કાંદિવલી (ઈસ્ટ).

**દશા પોરવાડ વણિક**
મૂળ બુરહાનપુરના, હાલ તારદેવ, મુંબઈ નિવાસી ગં. સ્વ. મંદાકિની સુધીર પરીખ (ઉં. વ. ૭૪) તા. ૨-૧૦-૨૬ના શુક્રવાર શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. સુધીર નારણદાસના પત્ની. યશ, રિદ્ધિના માતા. પ્રિયાના સાસુ. બુરહાનપુરનિવાસી સ્વ. શકુંતલાબહેન અને ખુશાલદાસ મોહનલાલ શાહના પુત્રી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૬-૧૦-૨૬ના મંગળવારે સાંજે ૫થી ૭. સ્થળઃ કનારા સારસ્વત એસોસિએશન શ્રીમત આનંદાશ્રમ હોલ, તાલમકી વાડી, તારદેવ, મુંબઈ ૪૦૦ ૦૦૭.

**ઇડર ઔદિચ્ય પિસ્તાલીસ જ્ઞાતિ**
વિક્રોલી નિવાસી (કુકડીયાના વતની) મહેન્દ્રભાઇ હરગોવિંદ(મંગુકાકા) ત્રિવેદી (ઉં.વ.૯૧) તા.૩/૧૦/૨૬ને શનિવારે દેવલોક પામ્યા છે. તે નિર્મળાબેનના પતિ. નયન અને દિપકના પિતા. સ્વ.હરગોવિંદ દામોદર ત્રિવેદી (મંગુકાકા)ના પુત્ર. તે સ્વ.પ્રાણશંકર (બાબુભાઇ), સ્વ. દેવેન્દ્ર,સ્વ.વિનોદ,સ્વ.હસમુખ તથા સ્વ.સરસ્વતીબેન નારાયણદાસ જાની, સ્વ.લખુબેન દેવેન્દ્ર યાજ્ઞિક, સ્વ.ધનુબેન નારાયણદાસ ત્રિવેદી, દયાબેન ઇન્દ્રવદન વ્યાસના ભાઇ. ગામ મુડેટી નિવાસી સ્વ.ભીખાલાલ વિઠ્ઠલદાસ જાનીના જમાઈ. લૌકિક વ્યવહાર રાખેલ નથી. સરનામુંઃ ૧૭૯/ ૨૭૮૪ ટાગોરનગર ૮/૮ ટાગોર નગર. સંદેશ કોલેજની બાજુમાં, મિડાસ જનરલ સ્ટોર નજીક. વિક્રોલી (પુર્વ).

## મુસ્લિમ મરણ

**દાઉદી વ્હોરા**
ભાવનગરમાં મોહસીનભાઈ અબ્બાસભાઈ તેજાબવાળા (ઉં. વ. ૬૨) તે રજિયાબેનના પતિ હકીમભાઈ, નકિયાબેન, ફાતેમાબેન, ઝૈનબબેનના પિતા. હમીદાબેન, તસ્નિમબેન, ફાતેમાબેન (મદ્રાસ) નશીમબેન (બરવાળા)ના ભાઈ. મુફદલભાઈ (દુબઈ) અલી અસગરભાઈ (સાવરકુંડલા) અબ્બાસભાઇ, ઝાહાબિયાબેન (ભાવનગર) ના સસરા તા.૪ ઓક્ટોબર ૨૦૨૬ને રવિવારના ભાવનગર મુકામે વફાત પામેલ છે મર્હુમની જીયારતના સિપારા (કુરાનખ્વાની) તા.૬ ઓક્ટોબર ૨૦૨૬ને મંગળવારના રોજ સવારે ૧૧ઃ૩૦ કલાકે મહમંદીબાગ, સાંજે ૪ઃ૩૦ કલાકે બેસણું તેમનાં નિવાસસ્થાન ભગાતળાવ વોરાના ડેલા પાસે ભાવનગર.

## જૈન મરણ

**ઝાલાવાડી સ્થા વિશા શ્રીમાળી જૈન**
લીંબડી નિવાસી હાલ દહિસર શશીકાંત છોટાલાલ ગાંધી (ઉં. વ. ૮૪) તે ૩/૧૦/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સુલોચનાબેનના પતિ. હિતેશ, રાજેશ તથા રૂપલના પિતા. પારૂલ, રીના તથા દીપેનના સસરા. દિલીપભાઈ રમેશભાઈ, સરોજબેન ચંદ્રકાન્તભાઈ સંઘવી, જ્યોત્સના સુરેશભાઈ શાહ, રેણુકા પંકજભાઈ શાહના ભાઈ. સાણંદ નિવાસી ન્યાલચંદ હીરાચંદ શાહના જમાઈ. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**
તણસા નિવાસી, હાલ બોરીવલી સંઘવી નટવરલાલ શામજીભાઈના ધર્મપત્ની અ. સૌ. સૌભાગ્યબેન (ઉં. વ. ૮૭) ૨/૧૦/૨૬ના અરિહંત શરણ પામેલ છે. તે દીલીપ, સ્વ જયેશ, રીટા તથા વિપુલના માતુશ્રી. મનીષા, કવિતા તથા હીતેશકુમાર હિંમતલાલ મહેતાના સાસુ. પિયર પક્ષે દેવગાણા નિવાસી, હાલ બોરીવલી શાહ ભીમજીભાઈ લાલચંદના દીકરી. માતૃવંદના રાખેલ તા. ૬/૧૦/૨૬, સમય - ૧૦.૦૦ થી ૧૨.૦૦ સ્થળઃ શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, એલ.ટી રોડ, ડાયમંડ ટોકીઝ સામે, બોરીવલી (વેસ્ટ).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**
ગેલડાના અ. સૌ. ગીતા ઉમરશી ગાલા (ઉં. વ. ૭૯) તા. ૩-૧૦-૨૬ના અવસાન પામ્યા છે. તે રતનબેન હિરજીના પુત્રવધૂ. ઉમરશીના પત્ની. ભાવિન, કેતકીના માતા. મણીબેન, જયાબેન હેમચંદના પુત્રી. પ્રદિપ, રેખા, પ્રીતીના બેન. પ્રાર્થના સભા રાખેલ નથી. નિ. ઉમરશી હીરજી ગાલા, બી/૩૦૫, પર્લ આર્કેડ, જે. પી રોડ, અંધેરી (વે).

રતાડીયા (ગણેશ)ના જયંતિલાલ ખીમજી છેડા (ઉં. વ. ૮૨) તા. ૦૩-૧૦-૨૬ના અવસાન પામ્યા છે. પુરબાઈ ખીમજી પાસુના સુપુત્ર. નિર્મળાબેનના પતિ. સંદીપ, જીગર, બીના, ટીના, રીનાના પિતાશ્રી. શામજી, રાજેશ, કપાયાના દેવકાબેન મેઘજી કાનજી, રાણબાઈ જાદવજી નરશી, ચંચળબેન માવજી પુનશી, અમૃતબેન શાંતિલાલ શામજીના ભાઈ. છસરાના મઠાંબાઈ ભવાનજી પુનશી ગંગરના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. જયંતિલાલ ખીમજી : ૭૧/એ, મોલેદીના બિલ્ડીંગ, રૂમ નં.૧૬, સિતારામ જાધવ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ-૧૩.

કોટડા (રોહા)ના અમૃતબેન નાનજી ગાલા (ઉં. વ. ૮૭) તા. ૨-૧૦-૨૬નાં અવસાન પામેલ છે. પાનબાઇ કુંવરજીના પુત્રવધૂ. નાનજી કુંવરજીના ધર્મપત્ની. પ્રવિણ, શૈલેષ, દિવ્યાના માતુશ્રી. રાજબાઇ હીરજી ગોવાના પુત્રી. ગુલાબચંદ લહેરચંદ, જેન્તીલાલ, ઝવેરબેન વલભજી, મંજુલા રમેશના બહેન. પ્રા. માટુંગા ક.શ્વે.મુ.પુ. સંઘની નારાણજી શામજી વાડી, ટા. ૩ થી ૪.૩૦. નિ. પ્રવિણ ગાલા, ૪૬૭/૧૨, વસંત બ્રીજી ચેમ્બર્સ, ડો. બી.એ. રોડ, માટુંગા-૧૯.

**પાટણ જૈન**
પાટણ નિવાસી હાલ પાર્લા ભાભાના પાડાના સ્વ. અરવિંદભાઇ કાંતિલાલ શાહના ધર્મપત્ની સૂર્યાબેન અરવિંદભાઇ શાહ (ઉં. વ. ૮૫) સ્વ. પ્રભાબેન કાંતિલાલ પૂનમચંદ શાહના સુપુત્રી. મોના, સુષ્મા, બેલા, જીગીશા, ટવીંકલના માતુશ્રી. દેવાંગભાઇના સાસુ. પ્રાચી તથા રીયાના નાની. શુક્રવાર, તા. ૨-૧૦-૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**
સોનગઢ તળાજા નિવાસી હાલ મુલુંડ અવની (લીના) અજય મહેતા (ઉં.વ. ૪૮) તે પુષ્પાબેન પ્રતાપરાય સોમચંદ મહેતાના પુત્રવધુ. તન્વી તથા સ્મિતના માતુશ્રી. પાર્થકુમાર સંજયભાઇ શાહ (પાલીતાણા)ના સાસુ. તે રચના (તૃપ્તી) ચંદ્રેશ તથા દિપ્તી રાકેશભાઇના દેરાણી. તે લીના હરેશકુમાર (દેવગાણા) તથા તૃપ્તી-પારુલ રાજેશકુમાર શાહ (દાઠા)ના ભાભી. શનિવાર તા. ૩-૧૦-૨૬ અરિહંતશરણ પામેલ છે. સાદડી તા. ૬-૧૦-૨૬ના મંગળવારના સાંજે ૪થી ૮. ઠે. ૧૩, ફલોર, મેઘમલ્હાર કો. ઓ. હાઉસિંગ સોસાયટી, મુરાર રોડ, મુલુંડ, વેસ્ટ.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**
ગોંડલ નિવાસી હાલ પ્રભાદેવી-બોરીવલી પ્રફૂલચંદ્ર મનસુખલાલ સંઘાણી (ઉં. વ. ૮૧) તે લતાબેનનાં પતિ. મોનીકાના પિતાશ્રી. સ્વ. રમેશચંદ્ર, સ્વ. કિશોરભાઇ (રાજકોટ)નાં ભાઇ. તે સ્વ. સુમતિ બાલક્રિષ્ન નાઇકન જમાઇ. સ્વ. સુલભા બામ્બુલકર, સ્વ. પ્રવીણ, મુકેશ, અનીલનાં બનેવી. શનિવાર તા. ૩-૧૦-૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**
સમઢીયાળા વાળા (મુલાણી) નિવાસી હાલ મુલુંડ સ્વ. જગજીવનદાસ ગોવિંદજી ગાંધીના સુપુત્ર પ્રવીણચંદ્ર જગજીવનદાસ ગાંધી (ઉં. વ. ૮૭) તા. ૪-૧૦-૨૬ રવિવારના અવસાન પામેલ છે. તે શકુંતલાબેનના પતિ. તે દીપકભાઇ, રાજેશભાઇ, ચેતનભાઇ, ફાલ્ગુનીબેનના પિતાશ્રી. સ્વ. છાયાબેન, કાશ્મીરાબેન, ડિમ્પલબેન, તેમ જ હિતેશકુમારના સસરા. સ્વ. ભોગીલાલ, સ્વ. ઉત્તમચંદ, સ્વ. પોપટલાલ, સુરેશભાઇ, સ્વ. લીલાવતીબેન, રંજનબેન, સ્વ. સરોજબેનના ભાઇ. સ્વ. કપૂરચંદ પાનાચંદ દોશી (ભાદ્રોડવાળા)ના જમાઇ. સાદડી તા. ૫-૧૦-૨૬ના બપોરે ૨થી ૪. ઠે. વિકાસ એપાર્ટમેન્ટ, એન. એસ. રોડ, ઓપોઝિટ કમલા નહેરુ શોપિંગ સેન્ટર, મુલુંડ (વેસ્ટ).

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ધર્મ તેજ



માનસ મંથન

મોરારિબાપુ
feedback@bombaysamachar.com

## કથામાં મેદની ભેગી થાય છે તે કોનો પ્રભાવ છે?



કાલે મને એક પ્રશ્ન પૂછવામાં આવી રહ્યો હતો કે બાપુ! આટલા બધા લોકો કથાનું શ્રવણ કરે છે, આટલા બધા લોકો તમને દંડવત કરે છે, કોઈ ફૂલ આપે, કોઈ ગદગત થાય, કોઈ આમ કહે તેવી વખતે તમે શું અનુભવો છો? મેં કહ્યું કે 'હું એકલો વડોદરા આવ્યો હોત તો શું આ બધું શક્ય હોત? હું રામાયણ લઈને આવ્યો છું અને એટલે હું સમજુ છું કે આ બધું મને નથી, મારા 'રામચરિતમાનસ'ને લીધે છે. હું નિર્ભર છું. હું ઘણીવાર અહીંથી પસાર થાઉં છું. તમને ખબર પડે તો પણ તમે આટલી મોટી સંખ્યામાં નથી હોતા. આજે કંઈ પણ છે તે રામાયણને લીધે છે. હું કઈ મારી નમ્રતાથી કહું કે અતિશયોક્તિ કરું એવો સાધુ નથી. હા, અસ્મિતાને લીધે હું જે કહીશ એ ગર્જના કરીને કહેવાનો જ, ભલે તમે લાખ ગલત અર્થ કરો. નમ્રતાની વાત હશે ત્યાં એ પ્રમાણે કહીશ. જે સહજ છે તે હું કહું છું. આ જે કંઈ છે તે 'રામચરિતમાનસ' છે. હું વિચાર કરતો હતો કે રામાયણની એક પંક્તિની તાકાત તો જુઓ કે રાજ્યનો કોઈ મોટો વડો આવે એના માટે જે વ્યવસ્થા કરવી પડે એટલી આ 'માનસ'ની એક પંક્તિ માટે કરવી પડે છે! આ સૂત્રની તાકાત જુઓ, તેથી હું નિર્ભાર છું. બડે ભાગ મનુષ્યનું પાવા આ પંક્તિ કેન્દ્રમાં છે. હું સહજ બોલું છું, સહજ આવું છું અને સહજ ચાલ્યો જાઉં છું! કારણ કે હું જાગૃતિથી માની રહ્યો છું કે આ મારા 'રામચરિતમાનસ'નો પ્રભાવ છે! શાસ્ત્રની તાકાત તો જુઓ! તમને કોણ પકડી રાખે છે? અને મેં ઘણી વાર કહ્યું છે કે આ ચાર પાંચ લાખની મેદનીને ભીડ કેવી એ બરાબર નથી. આ તમારી એકતા છે. આ સ્વયંભૂ છે. જેને જ્યાં જગ્યા મળી ત્યાં બેઠા છે. કામ ચલાવ રીતે હમણાં બધાનું સરનામું બદલાઈ ગયું છે. ક્યાં મળશે? તો કહે ચિત્રકૂટ ધામ- કથામાં. બધાનું એક જ સરનામું થઈ ગયું છે. આ કોણ કરે છે? 'રામચરિત માનસ'ની આ પરિક્રમા કરી રહ્યા છીએ. કોઈ વ્યક્તિની પરિક્રમા નથી.

તમે જાણો છો આ ગ્રંથના સાત કાંડ છે. તેમાંના બાલકાંડ, અયોધ્યાકાંડ, અરણ્યકાંડ, કિષ્કિન્ધાકાંડ, સુંદરકાંડ અને લંકાકાંડ. એ છ કાંડમાં જીવનની સમસ્યાઓને ચરિતાર્થ કરી છે, જીવનના સંઘર્ષોને લોકની સામે રજૂ કર્યા છે. ભગવાન રાઘવને અને એના પરિવારને માધ્યમ બનાવીને, જે સમસ્યાઓ, જે સંઘર્ષો, પ્રત્યેક વ્યક્તિના જીવનમાં દરેક કાળમાં આવી છે, આવતી રહી છે, આવતી રહેવાની છે. ઉત્તરકાંડમાં તેના બધા જ જવાબો તુલસીદાસજીએ તૈયાર કરીને આપી દીધા છે. તો એવો એક મહાન ગ્રંથ... જે સમસ્યા પણ બતાવે છે, મારામાં અને તમારામાં પડેલી સમસ્યાઓને ખોલે છે અને તેનું સંપૂર્ણ સમાધાન પણ આપે છે. અદ્‌ભુત સમાધાન આપે છે. તો એવા મહાન ગ્રંથનું પારાયણ... સત્સંગ આજથી શરૂ થઈ રહ્યું છે.

રામાયણને સંતોએ ત્રણ ભાગમાં વહેંચી છે. પ્રત્યે વ્યક્તિના જીવનમાં ત્રણ ભાગ હોય છે. આ કથા કેવળ વાર્તા નથી, કેવળ ઈતિહાસ નથી, આ કથા મારા અને તમારા જીવનનું દર્શન છે. અયોધ્યાના મહાત્માઓ તો એમ કહે છે કે, બાલકાંડનો આરંભ, અયોધ્યાનો મધ્ય અને ઉત્તરનો અંત જે બરાબર સમજે એ પૂરો સાધુ. આવી એક વ્યાખ્યા છે. રામાયણના તત્ત્વજ્ઞાનને પ્રારંભ, મધ્ય અને અંત એમ ત્રણ ભાગમાં વહેંચી શકાય. રામકથાનો આરંભ સંશયથી- શંકાથી થાય છે; સવાલ છે, પ્રશ્ન છે. રામાયણનો મધ્ય સમાધાન છે. અને રામાયણનો અંત જીવની રાઘવની શરણાગતિ છે. સંશયના સમાધાન અને શરણાગતિમાં મને અને તમને દોરી જતો આ ગ્રંથ પ્રત્યેક વ્યક્તિના જીવનમાં સંશયોનું પ્રતિનિધિત્વ કરે છે. મારા અને તમારા જીવનમાં આવતી સમસ્યાઓનું સમાધાન એમાં છે. પૂર્ણ સમાધાન છે અને એમ કરતાં કરતાં અંતે જે પામવાનું છે તે ઈશ્વરની શરણાગતિ તરફ આપણને દોરી જાય છે. મને એવું લાગે છે તેથી કહું છું કે, 'દોરી જતો' એટલે આગળ આગળ ચાલે અને આપણે એને પગલે પગલે ચાલીએ એવી દોરવણી રામાયણ નથી આપતી. તે એવું માર્ગદર્શન પણ નથી કરતી કે કોઈ આંગળી ચીંધે ને આપણે ત્યાં જઈએ. કોઈ ઊભા ઊભા નક્શો કરીને બતાવી દે કે આમ જજો ને તેમ જજો; એવું માર્ગદર્શન રામાયણ નથી આપતી, પણ મારી અને તમારી આંગળી પકડીને તે લઈ જાય છે. કેવળ માર્ગદર્શક નહિ, હમરાહી હૈ-હમસફર હૈ. જેણે રામાયણની ચોપાઈ પકડી છે, તેનું ચિંતન કરતાં કરતાં તે સીધો અંતર્મુખ થઈને જોશે તો લાગશે કે રામાયણ મારો હાથ પકડીને મને લઈ જાય છે. રામકથા વ્યક્તિનો હાથ પકડે છે અને ઈશ્વરની શરણાગતિ સિદ્ધ કરી આપે છે, વિશ્રામ સુધીની યાત્રા સંપન્ન કરાવે છે અને ગોસ્વામીજીને એ વિશ્રામ મળ્યો છે. એનો અર્થ એ કે હું અને તમે પ્રયાસ કરીએ તો વિશ્રામ મળે. કોઈને મળ્યું એનો અર્થ મેળવી શકાય એવું છે. થોડું કઠિન હશે, પણ મેળવી શકાય એવું તો છે જ.

હું જાગૃત છું અને તેથી જ નિર્ભાર રહું છું. સપના તો એને આવે, સપનામાં એ રાચે જે સૂઈ ગયો છે. ભલા બૂરાં સપના એ લોકોને રાજી કે નારાજ કરી શકે, જે સૂતા છે. કહેવાનો મારો અર્થ છે કે આ જનમેદની સ્વયંભૂ છે. હું શિક્ષકની નોકરી કરતો હતો ત્યારે મારી પાસે ૩૫-૪૦ વિદ્યાર્થીઓનો વર્ગ હતો. તેને પણ હું શાંત રાખી નહોતો શકતો! હું કબૂલ કરું છું! આજે મારી પાસે રામાયણ છે, તો તમે આ ચાર-પાંચ લાખની સંખ્યામાં અહીં બેઠા છો એને મારું રામાયણ શાંત રાખી શકે છે! વ્યક્તિ તો હું એની એ જ છું ! ત્યાં બૂમો મારવી પડતી, થપાટ મારવી પડી હશે ક્યારેક. પછી એ છોકરાઓ આપણા ચાળા પાડે. આજે તમે કેટલી શ્રદ્ધાથી 'રામચરિતમાનસ'ના સૂત્રોને પી રહ્યા છો ! આ કોનો મહિમા છે? આ રાજપુરી દર્શનનો, તુલસીના શાસ્ત્રનો મહિમા છે. તમે બધા ભેગા થઈને આ દેશને મળેલા સદ્‌ગ્રંથની પૂજા કરી રહ્યા છો.

- સંકલનઃ જયદેવ માંકડ ■

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com

## અપસ્માર - એક પ્રતીક



મહાદેવનાં એક સ્વરૂપ નટરાજની મૂર્તિમાં શિવજીના જમણા પગ નીચે દબાયેલ વ્યક્તિ અપસ્માર નામનો બૌનો - ઠીંગણો અસુર છે. પૌરાણિક ઇતિહાસ મુજબ પ્રાચીન સમયે દારૂકવનમાં કેટલાક મહાન ઋષિઓ અત્યંત કઠિન કહી શકાય તેવું તપ કરતા હતા. તેઓ મહાન સાધક ઉપરાંત પ્રખર જ્ઞાની અને ઉચ્ચકક્ષાના ક્રિયાકાંડી પણ હતા. તેમનાં આ તપ, જ્ઞાન અને ક્રિયાકાંડને કારણે તેઓનું સામર્થ્ય વધતું ગયું. એક સમયે એવો આવ્યો જ્યારે અહંકારયુક્ત થઈને તેઓ પોતાને સમગ્ર સૃષ્ટિમાં સૌથી વધુ શક્તિશાળી માનવાં લાગ્યા અને તેમનો વ્યવહાર પણ ધીમે ધીમે તે પ્રમાણેનો થતો ગયો. દેવતાઓ કરતા પણ વધુ સામર્થ્ય તેમનું છે એમ માની બ્રહ્માંડમાં હવે દેવતાઓની આવશ્યકતા વિશે તેઓ પ્રશ્ન ઉઠાવતા થયાં. યજ્ઞ-શક્તિ અને પ્રખર જ્ઞાનથી બધું જ પોતાનાં નિયંત્રણમાં રાખવાનાં તેમણે પ્રયત્નો શરૂ કર્યા. સૃષ્ટિના સંતુલન માટે તેમની આ પ્રકારની અહંકારથી વ્યાપ માનસિકતા યોગ્ય ન હતી. બ્રહ્માંડના તટસ્થ નિયમન માટે આ પ્રકારનો અભિગમ ઇચ્છનીય ન હતો.

સૃષ્ટિના રક્ષક મહાદેવને આ યોગ્ય ન લાગ્યું. તેમણે જોયું કે વિનમ્રતા, વિવેક, સત્યનિષ્ઠા અને જાગ્રતતા નષ્ટ થવાથી જ્ઞાન અને યજ્ઞ-શક્તિનો દુરુપયોગ શરૂ થયો હતો. આવી નકારાત્મક પરિસ્થિતિના વિધ્વંશ માટે એક અજ્ઞાત યોગી સ્વરૂપમાં તેઓ દારુકવનમાં આવ્યાં અને શાંતિથી ઋષિઓને સમજાવવાનો પ્રયત્ન કર્યો. ઋષિઓએ સાવ વિપરીત પ્રતિભાવ આપ્યો. ઋષિઓએ પોતાના સામર્થ્યથી વિવિધ પ્રકારની શક્તિઓ ઉત્પન્ન કરી; જેમાં વિકરાળ વાઘ, ભયાનક અગ્નિ, ડરામણા વિશાળ સર્પ વગેરેનો સમાવેશ થયો હતો. તેમણે અજ્ઞાત યોગીના સ્વરૂપમાં આવેલ મહાદેવને ડરાવવા - પરાસ્ત કરવા અપસ્માર નામના એક ઠીંગણા અસુરને પણ ઉત્પન્ન કર્યો. પરિસ્થિતિ નિયંત્રણની બહાર જણાતાં મહાદેવે નટરાજ સ્વરૂપ ધારણ કરી તાંડવ શરૂ કર્યું. ઋષિઓ દ્વારા સર્જાયેલી પ્રત્યેક નકારાત્મક શક્તિનો નાશ કરી ભગવાન શિવે અપસ્મારને પોતાના પગ નીચે દબાવીને તાંડવ ચાલુ રાખ્યું. આ રીતે તેમણે અપસ્મારનો વધ ન કર્યો, પરંતુ તેનાં પર નિયંત્રણ સ્થાપિત કર્યું.

અપસ્મારના નિયંત્રણ માટે શિવજીએ 'નટરાજ'નું - 'નૃત્યના રાજા'નું દિવ્ય સ્વરૂપ ધારણ કર્યું હતું. મહાદેવના આ સ્વરૂપની પ્રતીકાત્મક રજૂઆત ભવ્ય અને અદભુત છે. અહીં પ્રત્યેક અંગનો એક ગહન આધ્યાત્મિક અર્થ છે. સર્જન અને વિનાશના શાશ્વત-ચક્ર સમાન શિવજીની આસપાસ દેખાતું અગ્નિનું ચક્ર બ્રહ્માંડનું પ્રતીક છે. તેમનાં ડાબા હાથમાં રહેલો અગ્નિ આસુરીવૃત્તિના સંહાર તેમ જ બ્રહ્માંડમાં જરૂરી પરિવર્તનનું પ્રતીક છે. તેમનાં જમણા હાથમાં રહેલા ડમરુનો પવિત્ર 'નાદ' સૃષ્ટિના સર્જનનું સાક્ષી પણ છે અને પ્રતીક પણ છે. સનાતની વિચારધારા પ્રમાણે બ્રહ્માંડના સર્જન વખતનો નાદ 'ૐ' ડમરુમાંથી જ પ્રગટ થયો હતો. આશીર્વાદ સમાન શિવજીની અભય-મુદ્રા ભક્તજનોને અભય વરદાન આપે છે. તેમનો ઉપર ઊંચકાયેલો પગ આધ્યાત્મિક સંતુલન વ્યક્ત કરે છે તો તેમના વિખરાયેલા વાળ અનંત-શક્તિ તેમ જ ગંગાના પ્રવાહના પ્રતીક સમાન છે. મહાદેવનું આ એટલે કે નટરાજ સ્વરૂપ સર્જન પાલન અને સંહારના સમન્વય સમાન છે. ગીતામાં જણાવાયેલ દુષ્ટોના વિનાશની અને સાધુજનની રક્ષાની સંભાવના અહીં પ્રત્યક્ષ થાય છે. સનાતનની વિચારધારા પ્રમાણે સમગ્ર બ્રહ્માંડ સતત ગતિમાં છે, ઊર્જાવાન છે અને તેનાં પ્રતીક સમાન આ નટરાજ છે.

અપસ્મારના નિયંત્રણ માટે શિવજીએ તાંડવ કર્યું હતું. તાંડવ એ મહાદેવની પ્રકૃતિનું એક અવિભાજ્ય અંગ છે. તાંડવ સાથે સૃષ્ટિનું સર્જન, પાલન, સંહાર, અજ્ઞાનનો નાશ અને મુક્તિની દૈવી સંભાવનાઓ જોડાયેલી હોય છે. એમ કહેવાય છે કે બ્રહ્માંડમાં જ્યારે અસંતુલન વધે ત્યારે શિવજી તાંડવ દ્વારા વ્યવસ્થાની પુનઃ સ્થાપના કરે. તાંડવનો મૂળ હેતુ તેમ જ અર્થ વિનાશ છે જ નહીં; તે તો સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ, સંભવિત પ્રલય, તિરોભાવ અને અનુગ્રહનો દૈવી સમન્વય છે. તાંડવના પણ વિવિધ સ્વરૂપો છે. આનંદ અને ઉત્સાહ સમાન આનંદ-તાંડવ, દિવસ અને રાતના સંધિકાળ સમાન સંધ્યા-તાંડવ, સાત્ત્વિક ક્રોધ થકી સૃષ્ટિનું સંતુલન સ્થાપવા સારું કાલિકા કે રુદ્ર-તાંડવ, ત્રિપુરાસુરના સંહાર પછી કરાયેલાં વિજય-નૃત્ય એટલે કે ત્રિપુરા-તાંડવ, શિવ અને શક્તિના સંતુલન માટે માતા પાર્વતી સાથેનું ગૌરી કે ઉમા-તાંડવ, તથા પ્રલય અને વિનાશના પ્રતીક સમાન સંહાર-તાંડવ. કેટલાંક શૈવ-ગ્રંથોમાં સોળ પ્રકારનાં તાંડવનું વર્ણન જોવાં મળે છે. અપસ્મારને નિયંત્રિત કરવા શિવજીએ રુદ્ર-તાંડવ કર્યું હશે. એમ માની શકાય કે તાંડવ પાછળનો મુખ્ય હેતુ નિજાનંદ મસ્તીની અભિવ્યક્તિ હોવો જોઈએ. મહાદેવ અપસ્મારનો વધ નથી કરતાં, પણ તાંડવ કરતાં કરતાં તેને પગ નીચે દબાયેલો રાખે છે. મહાદેવની આ ચેષ્ટાથી કેટલીક વાતો સ્પષ્ટ થાય છે. અહંકાર અને અજ્ઞાન પર નિયંત્રણ જરૂરી છે, તેનો નાશ શક્ય નથી. અજ્ઞાન અને અહંકાર પરનું નિયંત્રણ દિવ્યતાની સાથે કલાત્મક પણ હોઈ શકે. અજ્ઞાન અને અહંકારનું પરિણામ પણ સતત નજર સમક્ષ રહેવું જોઈએ.

અહીં એ તો શીખવા મળે જ છે કે જ્ઞાન કે ક્રિયાકાંડ કે ભક્તિ કે સાધના થકી પ્રાપ્ત થયેલાં સામર્થ્ય પછી પણ વિનમ્રતા જાળવી રાખવી જરૂરી છે. કોઈપણ સ્વરૂપનો કે કોઈપણ પ્રકારનો અહંકારી વ્યવહાર આધ્યાત્મિકતામાં માન્ય ન હોય. વિશેષ સામર્થ્ય પ્રાપ્ત થતાં, તેનાંથી સૃષ્ટિનું સંતુલન બગાડવાનો પ્રયત્ન પરમ-સત્તા માન્ય ન રાખે. આ પૌરાણિક કથામાં અપસ્માર શબ્દની સમજ પણ જરૂરી છે. આધ્યાત્મિક પરિપ્રેક્ષ્યમાં અપસ્માર એટલે અજ્ઞાન, અહંકાર, ચંચળતા, અસ્થિરતા, સંસ્કારી સ્મૃતિનો નાશ, સાત્ત્વિકતાનો અભાવ, ચૈતન્યની પવિત્રતાની અસ્વીકૃતિ અને આધ્યાત્મિક અણગમો ધરાવતી માનસિકતા. એમ કહી શકાય કે અપસ્માર એ એવી શક્તિ છે જે મનુષ્યને સત્યથી, પ્રકાશથી, ધર્મથી, નૈતિકતાથી, સાત્ત્વિકતાથી, આધ્યાત્મિકતાથી દૂર લઈ જાય છે. સ્વાભાવિક છે કે અપસ્માર અસુર ખૂબ ચંચળ, અહંકારી, અજ્ઞાની, અધર્મી, અસત્ય બોલનાર, અનૈતિક આચરણ કરનાર, ચંચળ, અસ્થિર તેમ જ નકારાત્મક સંભાવના ધરાવનાર હોય. અપસ્માર નાનો, બૌનો-ઠીંગણો, વિકૃત શરીરવાળો, અશાંત, અસ્થિર તેમ જ ભયાનક હશે. અહીં એ સમજી લેવું જોઈએ કે નાનાં જણાતાં નકારાત્મક વ્યક્તિત્વ પર પણ નિયંત્રણ જરૂરી છે. ■

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombaysamachar.com

## હે ગુરુવર! તમે મને તમારાં ચરણોમાં સ્થાન આપી અસુરી જ્ઞાન આપો...



ચ્યવન ઋષિને નવયૌવન પ્રાપ્ત થતાં તેઓ પત્ની સુકન્યા સાથે ફરી શિવ આરાધનામાં લીન થઈ જાય છે. દેવર્ષિ નારદ આકાશ માર્ગે ભ્રમણ કરતા હોય છે એ દરમિયાન ચ્યવન ઋષિના આશ્રમનું વાતાવરણ તેમને કંઈક અજુગતું લાગતાં તેઓ ક્ષીરસાગર પહોંચે છે. ભગવાન વિષ્ણુ તેમને કહે છે કે, ચ્યવન ઋષિ ભગવાન શિવના આરાધક છે, તેમના આશીર્વાદથી જ તેમણે નવયૌવન પ્રાપ્ત કર્યું છે. જો તમને કંઈક ચિંતાનો વિષય જણાતો હોય તો તમારે કૈલાસ અવશ્ય જવું જોઈએ. દેવર્ષિ નારદ તરત જ કૈલાસ તરફ પ્રયાણ કરે છે. માર્ગમાં ફરી ચ્યવન ઋષિનો આશ્રમ આવતાં દેવર્ષિ જુએ છે કે સુકન્યા અને ચ્યવન ઋષિ ભગવાન શિવની આરાધનામાં વ્યસ્ત છે. આરાધના દરમિયાન ચ્યવન ઋષિની નજર સુકન્યા પર પડતાં તેઓ મોહિત થઇ જાય છે. તેઓ પોતાની નજર સુકન્યાથી હટાવી શકતા નથી અને એ જ સમયે સુકન્યાની નજર પણ ચ્યવન ઋષિ પર પડે છે. બંનેની દૃષ્ટિ એકબીજામાં મળતાં બંને મોહિત થઈ જાય છે. બંનેના દૃષ્ટિ સમાગમથી સુકન્યાની આંખમાંથી એક ટીપું બાજુમાં રાખેલા કમંડળમાં પડે છે. અશ્રુનું એ ટીપું કમંડળમાં પડતાં જ ચમત્કાર થાય છે અને તેમાંથી એક યુવાન પ્રગટ થાય છે. તે ચ્યવન ઋષિની બાજુમાં આવી ઊભો રહે છે. ચ્યવન ઋષિ તેને કહે છે, તમે કોણ છો? યુવાન કહે છે 'હે પિતાશ્રી! હું તમારા અને માતા સુકન્યાના દૃષ્ટિ સમાગમથી પ્રગટ થયેલો તમારો પુત્ર મદાસુર છું. મારી ઉત્પત્તિનું કારણ જણાવી મને આજ્ઞા આપો કે મારે શું કરવાનું છે?' ગંભીરતાને ધ્યાનમાં લઈ દેવર્ષિ નારદ કહે છે, 'ચ્યવન ઋષિ અહીં આવો, હું તમને સમજાવું છું.' દેવર્ષિ નારદની ભાષાનો અર્થ સમજી જતાં ચ્યવન ઋષિ દેવર્ષિ નારદ પાસે જાય છે. ચ્યવન ઋષિ દેવર્ષિ નારદને કહે છે, 'હે દેવર્ષિ મારી ભૂલનું પરિણામ આ મદાસુર છે, મારે શું કરવું જોઈએ એ મને સમજ પડતી નથી.' દેવર્ષિ નારદ તેમને સમજાવતાં કહે છે, 'હે ઋષિવર આ યુવાન જન્મતાં જ પોતાને મદાસુર કહીને પોતાની ઓળખ આપે છે. એનામાં આસુરી વૃત્તિ હોવાનું જ દૃષ્ટિપાત થાય છે. તમારે એને અસુરગુરુ શુક્રાચાર્ય પાસે મોકલી દેવો જોઈએ. જેથી તેઓ મદાસુરને યોગ્ય દિશાએ વાળી શકે.' ચ્યવન ઋષિ દેવર્ષિની વાત સમજી જતાં મદાસુર પાસે આવી તેને કહે છે, 'હે પુત્ર મદાસુર, અસુરગુરુ શુક્રાચાર્ય પાસે જાઓ અને તેમને ગુરુ બનાવી શિક્ષા ગ્રહણ કરો.'

***

મદાસુરઃ 'પિતાશ્રી તમે કહો છો એમ અસુરગુરુ શુક્રાચાર્યને ગુરુ બનાવી શિક્ષણ ગ્રહણ કરીશ પણ મારે એ માટે ક્યાં જવાનું છે જણાવવાની કૃપા કરશોજી.'

ઋષિ ચ્યવનઃ 'પુત્ર અસુરગુરુ શુક્રાચાર્ય દંડકારણ્ય વનમાં ગોદાવરી નદીના તટ પર આવેલા તેમના આશ્રમ ભાર્ગવ તીર્થ પર મળશે. જો તેઓ ત્યાં ઉપલબ્ધ નહીં હોય તો તેઓ તેમના બીજા નિવાસ શુક્ર લોકમાં મળશે. તમારે તેમને ગુરુ બનાવી વિદ્યા પ્રાપ્ત કરવી, હું એ પણ જાણું છું કે અસુર ગુરુ શુક્રાચાર્ય જ એવા ગુરુ છે જે તમને યોગ્ય દિશા અને યોગ્ય માર્ગે પહોંચાડી શકશે, અને યાદ રહે તેમના આદેશ અનુસાર જ તમારે આચરણ કરવાનું છે.'

પિતા ચ્યવનઋષિના આદેશને શિરોમાન્ય ગણી મદાસુર અસુરગુરુ શુક્રાચાર્ય પાસે જવા પ્રસ્થાન કરે છે.

***

સુકન્યાઃ 'હે સ્વામિ! આપણે બહુ મોટી ભૂલ કરી બેઠા છીએ, આપણે પ્રાયશ્ચિત કરવું જોઈએ.'

ચ્યવન ઋષિઃ 'હા સુકન્યા, આપણે બહુ મોટી ભૂલ કરી બેઠા છીએ, આપણે પ્રાયશ્ચિત અવશ્ય કરવું પડશે.'ચ્યવન ઋષિ અને સુકન્યા પ્રાયશ્ચિત્ત કરવા બેસે છે.

***

બીજી તરફ મદાસુર દંડકારણ્ય વનમાં ગોદાવરી નદીના તટ પર આવેલા અસુરગુરુ શુક્રાચાર્યના આશ્રમ ભાર્ગવ તીર્થ પર પહોંચે છે મદાસુર જુએ છે કે ત્યાં યજ્ઞ ચાલી રહ્યો છે પણ કોઈ દેખાતું નથી. એ વિચાર કરે છે કે આવું કંઈ રીતે શક્ય બને યજ્ઞ ચાલુ છે પણ કોઈ દેખાતું કેમ નથી.

મદાસુરઃ 'અસુરગુરુ અને મારા થનારા ગુરુ શુક્રાચાર્યને પ્રણામ.'

અસુરગુરુ શુક્રાચાર્યઃ 'હે યુવક પહેલા જણાવ તું કોણ અને મને ગુરુ શા માટે બનાવવા અહીં આવ્યો છે, ત્યારબાદ જ તું મને જોઈ શકશે.'

મદાસુરઃ 'હે ગુરુવર! હું ચ્યવન ઋષિ અને માતા સુકન્યાના દૃષ્ટિયોગથી ઉત્પન્ન થયેલો તેમનો પુત્ર મદાસુર છું. હું તમારા શરણે આવ્યો છું. મને તમારો શિષ્ય બનાવો.'

અસુરગુરુ શુક્રાચાર્યઃ 'હે મદાસુર! હું રહ્યો અસુરોનો ગુરુ અને તમારા પિતા દેવાધી દેવ ભગવાન શિવના ભક્ત હું તને મારો શિષ્ય નહીં બનાવી શકું, તમારે દેવગુરુ બૃહસ્પતિ પાસે જવું જોઈએ.'

મદાસુરઃ 'હે ગુરુવર! મારા પિતા ચ્યવન ઋષિએ મને કહ્યું કે, હે પુત્ર તમે અસુરગુરુ શુક્રાચાર્ય પાસે જાઓ અને તેમને ગુરુ બનાવી વિદ્યા ગ્રહણ કરો, અસુર ગુરુ શુક્રાચાર્ય જ એવા ગુરુ છે જે તમને યોગ્ય દિશા અને યોગ્ય માર્ગે પહોંચાડી શકશે.'

અસુરગુરુ શુક્રાચાર્યઃ 'પહેલા મને મારી દિવ્ય દૃષ્ટિથી જોવા દો કે તમે જે કહી રહ્યા છો એ સત્ય તો છે ને?'

અસુરગુરુ શુક્રાચાર્ય પોતાની દિવ્ય દૃષ્ટિથી જુએ છે તેમને દેખાય છે કે ઋષિ ચ્યવન અને તેમની પત્ની પ્રાયશ્ચિત્ત કરી રહ્યાં છે.

અસુરગુરુ શુક્રાચાર્યઃ 'હું જોઈ રહ્યો છું કે તમારા પિતા ચ્યવન ઋષિ અને માતા સુકન્યા તમને ઉત્પત્તિ કરવાનું પ્રાયશ્ચિત્ત કરી રહ્યાં છે, આનો સ્પષ્ટ અર્થ એ થાય છે કે તમે શિવ આરાધના કરશો તો કોઈ લાભ નહીં થાય. તમારે માતા શક્તિની આરાધના કરવી જોઈએ. તેઓ પ્રસન્ન થઈ તમને સફળતાનું વરદાન આપશે.'

મદાસુરઃ 'હે ગુરુવર! તમે મને તમારાં ચરણોમાં સ્થાન આપી, અસુરી જ્ઞાન આપો.'

અસુરગુરુ શુક્રાચાર્યઃ 'ક્યારેય નહીં, તમે ચ્યવનની જેમ મારા મનમાં પણ વિકાર ઉત્પન્ન કરી શકો છો, હું દૈત્યગુરુ અસુરગુરુ છું. મારામાં જો કોઈ વિકાર ઉત્પન્ન થઈ જાય તો અસુરોની અસુર વિકૃતિ ક્યાં સુધી પહોંચી જાય તેની સીમા નહીં રહે. જાઓ મનમાં રહેલા વિકારોનો ત્યાગ કરી માતા શક્તિની આરાધના કરો, માતા અવશ્ય પ્રસન્ન થશે.'

ગુરુ શુક્રાચાર્યનો આદેશને શિરોમાન્ય ગણી મદાસુર એક પર્વતની ટોચ પર માતા શક્તિની આરાધનામાં વ્યસ્ત થઈ જાય છે.

***

બીજી તરફ કૈલાસ ખાતે ભગવાન ગણેશ, માતા પાર્વતી અને શિવગણ ભગવાન શિવની પૂજા-અર્ચનામાં વ્યસ્ત હોય છે. તે જ સમયે મદાસુરની આરાધનાનો સ્વર કૈલાસ સુધી પહોંચે છે.

ભગવાન ગણેશઃ 'માતા! હવે વધુ એક અસુર દ્વારા થઇ રહેલી તમારી આરાધનાનો સ્વર કૈલાસ સુધી પહોંચવા માંડ્યો છે.

નંદીઃ 'પ્રિય ગણેશ! શું માતા ફરી કોઈ વરદાન આપી દેશે?' (ક્રમશઃ)■

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com

# જુગત સે નર જીવે જોગી, મુગત સે પરમાણ રે...



*જુગત સે નર જીવે જોગી, મુગત સે પરમાણ જી,*
*દયા કફની પેર બાવા નામ હે નિરવાણ જી...*
*એવો ખમિયા ખલકો પેર અબધૂ નામ હે આદેશ જી..*
*જુગત સે નર જીવે જોગી, મુગત સે પરમાણ જી..૦*
*તીન બાંધો, પાંચ સાંધો, આઠ માયલા ઠાઠ જી,*
*આવો હંસા પીવો પાણી, તરવેણીને ઘાટ જી..*
*જુગત સે નર જીવે જોગી, મુગત સે પરમાણ જી..૦*
*એવા શબદ પકડી ને મૂળ ખોજો, પીવો શ્વાસા પ્રાણ જી,*
*સુખમણ ઘેરે આસન માંડો, જપો અજપા જાપ જી..*
*જુગત સે નર જીવે જોગી, મુગત સે પરમાણ જી..૦*
*કોણ પીવે? કોણ સીંચે? કોણમાં સમાય? જી,*
*કોણ જોગી ચક્કર ભેદી, કૌન ઘરમેં જાય જી..*
*જુગત સે નર જીવે જોગી, મુગત સે પરમાણ જી..૦*
*નૂરત સીંચે, સુરત પીવે, શૂન્ય ઘરમેં જાય જી,*
*ગુરુ મારા ચક્કર ભેદી, ગગન કે ઘર જાય જી..*
*જુગત સે નર જીવે જોગી, મુગત સે પરમાણ જી..૦*
*મેલ મમતા, મિટે સંશા, મેલ ડારો ધોય જી,*
*કયે મછંદર, સૂનો ગોરખ જોગ એસો હોય જી..*
*જુગત સે નર જીવે જોગી, મુગત સે પરમાણ જી..૦*

જુગત સે નર જીવે જોગી- જુગત એટલે યુક્તિ. ગોરક્ષાનાથજીને એમના ગુરુ મત્સ્યેન્દ્રનાથ યોગી થવા માટે, યોગસાધક તરીકેનું જીવન જીવવા માટે કેવી યુક્તિ આદરવી પડે એની શીખ આપતાં કહે છે કે યોગી પુરુષ એવી રીતે યુક્તિથી પોતાનું જીવતર ઘડે છે કે એ મુક્તિનું પ્રમાણ આપી શકે, અથવા તો મુક્તિ જ એનું પ્રમાણ ગણી શકાય. એ માટે યોગી અવધૂતે દયા અને ક્ષમા જેવાં વસ્ત્રો ધારણ કરવા પડશે. જીવમાત્ર પ્રત્યે દયાની કફની અને ખમિયા (ક્ષમા)નો ખલકો ધારણ કરીને આદેશ (આદિ ઈશ)ના નામનું અવલંબન લઈને, સતત એનું આવર્તન કરતા રહીને સાધનામાં આગળ વધી શકાશે.

તીન બાંધો- ત્રણ ગુણો (સત્ત્વ, તમ,રજ)ને બાંધો, પાંચ સાંધો (પૃથ્વી,જળ,વાયુ,અગ્નિ અને આકાશ એ પાંચે મૂળ તત્ત્વોને સાધી લો, અષ્ટધા પ્રકૃતિની ઓળખ કરી લો, પછી શરીરના ષટ્ ચક્રોનો પરિચય મેળવીને સુરતાની યાત્રાએ આગળ જતાં ત્રિવેણીના ઘાટે હંસને માનસરોવરનું સ્વચ્છ જળ પીવરાવજો.

શબ્દને પકડીને એના મૂળની ખોજ કરજો, શ્વાસથી તમે પ્રાણ (ચેતન તત્ત્વ)નું પાન કરજો, પછી સુક્ષ્મણા નાડીની જાગૃતિ દ્વારા સુખમણામાં આસન માંડીને, અજપાજાપની અવસ્થાએ પહોંચી જજો. આ સિદ્ધરસને પીનારું કોણ છે ? કોણ એને સીંચે છે? અને ક્યાં પહોંચે છે? ક્યા યોગી પુરુષ ષટ્ ચક્ર ભેદીને કેવા સ્થાને પહોંચી શકે છે? નૂરત એટલે નિઃરતિ અથવા તો પ્રકાશનો પુંજ. એ દોરે છે સાધકને. અને સુરતા-સાધકની તલ્લીનતાથી પ્રાપ્ત થતી નાદબ્રહ્મની અનુભૂતિ સાધકને શૂન્યશિખર સુધી પહોંચાડે છે, મારા સદ્ગુરુ એવા ચક્રભેદી છે જે ગગનમંડળની યાત્રા કરાવી શકે છે. પણ એ માટે શું કરવું ? મમતાનો ત્યાગ કરવાથી તમામ પ્રકારના સંશય મટી જાય, તન મનના તમામ મેલ-આવરણ ધોવાઈ જાય ત્યારે એ યોગની યુક્તિ જાણી શકાય છે.

દાસી જીવણે સત્તર સત્તર ગુરુ ધારણ કર્યો પણ મનને સ્થિર કરવાનો ઉપાય દેખાડે એવા સદ્ગુરુ ન સાંપડયા. છેલ્લે રવિ-ભાણ સંપ્રદાયના ભીમસાહેબની ખ્યાતિ સાંભળી અને એક પત્ર લખ્યો. એમાં ભજનરૂપે આલેખી પોતાના માનસિક આંતરદ્વન્દ્વની સ્થિતિ. ‘ હે ગુરુજી દુર્બુદ્ધિવાળું-દ્વિધાવાળું મારું મન ક્યાંય સ્થિર નથી થાતું, મારે શું કરવું? વારે વારે મારા મનને યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર કે ધ્યાનના વાડામાં પૂરવાનો પ્રયાસ કરું છું, જુદા જુદા પંથ-સંપ્રદાયની સાધના તરફ વાળું છું પણ એ તો જેમ હરાયું ઢોર પોતાનાં બંધનો તોડીને ભાગે એમ વછૂટી જાય છે, મારે શું કરવું ? ઘડીકમાં કીડી જેવડું હોય તો ઘડીકમાં હાથી જેવડું, એની ગતિને કોઈ માપી શક્તું નથી જો તમે કહેતા હો તો તીરથ જઈને તપશ્ચર્યા કરું, ને તમે કહો તો સમાધિ લઈ લઉં. ધજાની પૂંછડીની જેમ ફરફરતું આ મન ઘડીકમાં કીડી જેવડું હોય તો ઘડીકમાં મદમસ્ત હાથી જેવડું થઈ જાય. ઘડીકમાં ઘોડાની ગતિએ જાય તો ઘડીકમાં વટેમાર્ગુની જેમ પરપાળા પળે પળે એના રંગ રૂપ બદલાય એને પકડવાનો કોઈ ઉપાય ખરો ?હવે તો આ મનનો તાગ લીધે જ છૂટકો છે. તમે કહેતા હો તો તીરથ જાત્રાએ જઈને તપસ્યા કરું, પંચ ધૂણીમાં બેસી જાઉં, કેતા હો તો મંદિર ચણાવું ને જો તમે ક્યો તો પછી જીવતાં સમાધિ લઈ લઉં - આત્મવિલોપન કરી નાખું. (ક્રમશઃ)■

આતમના અજવાળે

ભાર્ગવ ઠાકર
feedback@bombaysamachar.com

# અક્કા મહાદેવી

## દેહનું આવરણ ફગાવી આત્માને ઓઢનાર વૈરાગી

બારમી સદીનો એ રૂઢિચુસ્ત સમય; દક્ષિણ ભારતના કર્ણાટક પ્રાંતના કલ્યાણનગરમાં વિશ્વની પ્રથમ આધ્યાત્મિક સંસદ ચાલી રહી હતી જેને નામ અપાયું હતું ‘અનુભવ મંડપમ્’. જ્યાં મહાન સંત અલ્લમ પ્રભુ, બસવન્ના અને ચન્નબસવન્ના જેવી વિભૂતિઓ હાજર હતી. એ સભામાં એક સુંદર-યુવાન સ્ત્રી દ્વાર પર આવીને ઊભી રહે છે. શરીર પર એક પણ કપડું નહીં, માત્ર પોતાના લાંબા-કાળા કેશ દ્વારા ઢંકાયેલી, છતાં આંખોમાં કોઈ ડર નહીં, સમાજની ટીકાઓ કે લોકલાજની દરકાર વગર સ્વયં તેજ સાથે સભામાં પ્રવેશવા જાય છે ત્યારે લોકોમાં ગણગણાટ શરૂ થાય છે. કેટલાક મોં ફેરવી લે છે તો કોઈ આશ્ચર્યથી તાકી રહે છે. અલ્લમ પ્રભુએ ભવાં ચઢાવીને પૂછયું: ‘હે યુવાન સ્ત્રી, અહીં શા માટે આવી છે? તારા સ્વામીનું નામ જણાવી શકે તો બેસ, નહીં તો પાછી જા.’ આખી સભા શ્વાસ રોકીને જોઈ રહી, તે સ્ત્રીએ નીડર થઈને જવાબ આપ્યો : ‘જગત આખું મારું કુટુંબ છે, અને ચેન્નમલ્લિકાર્જુન એક મારો સ્વામી છે. મારા ગુરુએ મારો હાથ શિવલિંગને સોંપ્યો, ત્યારથી હું કાયમ માટે માત્ર તેમની છું; હવે આ દુનિયાના પુરુષોમાં મારે કોનું નામ લેવું?’

સભા સ્તબ્ધ થઈને આ સ્ત્રીના જવાબ અને તેની મક્કમતા જોઈ રહે છે. અલ્લમ પ્રભુ બીજો સવાલ ફેંકે છે; ‘જો તે ખરેખર સંસાર અને દેહભાવનો ત્યાગ કર્યો છે, તો પછી તારા આ લાંબા કેશથી શરીરને ઢાંકવાની ઔપચારિકતા શું કામ? શું હજૂ પણ તારમાં નગ્નતાની શરમને બચાવી રાખવાનો અહંકાર જીવે છે?’ આ કઠોર પ્રશ્નના ઉત્તરમાં આ સ્ત્રીની સર્વોચ્ચ આધ્યાત્મિક પરિપક્વતાનો પુરાવો મળે છે. તેમણે કહ્યું કે; ‘જ્યાં સુધી ફળ અંદરથી સંપૂર્ણપણે પાકી ન જાય ત્યાં સુધી બહારની છાલ તેને રક્ષણ આપે છે. મારા હૃદયનો પ્રેમરસ હજુ પકવાની પ્રક્રિયામાં છે, તેથી જ આ વાળનું આવરણ છે જે માત્ર દુનિયાની નજર માટે છે, મારા મન માટે નહીં.’

આ જવાબોથી સમગ્ર સભા સ્તબ્ધ છે. અલ્લમ પ્રભુ, બસવન્ના અને ચન્નબસવન્ના તેજ ક્ષણે તેને અક્કા (મોટી બહેન)કહીને સંબોધે છે. એક રખડતી, એકલી અને નિર્વસ્ત્ર યુવાન સ્ત્રી થોડી જ ક્ષણોમાં એ સમયનાં મહાન અને વિદ્વાન સંતોની અક્કા બની ગઈ.

આ ઘટનાથી લગભગ વીસેક વર્ષ પાછળ જઈએ તો ઈ.સ. ૧૧૩૦ આસપાસનો એ કાળખંડ સામાજિક અને રાજકીય રીતે અત્યંત સંક્રાંતિનો હતો. કલ્યાણીના ચાલુક્ય વંશનું શાસન ભલે સમૃદ્ધ હતું, પણ સમાજ જાતિપ્રથા, આકરા કર્મકાંડો અને કટ્ટર પિતૃસત્તાક માનસિકતાની લોખંડી બેડીઓમાં જકડાયેલો હતો. બરાબર એ જ સમયે, સંત બસવન્નાના નેતૃત્વમાં ‘વીરશૈવ’ (લિંગાયત) આંદોલન આકાર લઈ રહ્યું હતું, જે મંદિરોના પથ્થરોને બદલે મનુષ્યના હૃદયમાં ઈશ્વરની સ્થાપના કરવાનો સૂર ફૂંકી રહ્યું હતું.



આવા ઐતિહાસિક વળાંક પર, કર્ણાટકના શિવમોગા જિલ્લાના ઉડુતડી નામના નાના ગામમાં એક શિવભક્ત દંપતીને ત્યાં મહાદેવીનો જન્મ થયો. નાનપણથી જ તેના હૃદયમાં શિવ પ્રત્યે એક અદ્ભુત અને તીવ્ર આકર્ષણ હતું. તેણે બાલ્યાવસ્થામાં જ શિવના સ્થાનિક સ્વરૂપ ‘ચેન્નમલ્લિકાર્જુન’ (જેનો અર્થ થાય છેઃ ચમેલીના પુષ્પ જેવા શ્વેત અને સુંદર ભગવાન) ને જ પોતાના અંતરંગ પતિ માની લીધા હતા.

મહાદેવીનું યૌવન અને સૌંદર્ય એટલું અદ્ભુત હતું કે સ્થાનિક રાજા કૌશિક તેના પર મોહિત થઈ ગયો. રાજાએ બળજબરીથી, મહાદેવીનાં માતા-પિતાને ધમકાવીને તેની સાથે વિવાહ કર્યા, પરંતુ જેનો આત્મા ખુદ પરમાત્માને વરી ચૂક્યો હોય, તેને આ નાશવંત સંસારના વૈભવ અને રાજાના પાશવિક અહંકાર ક્યાં સુધી બાંધી શકે? રાજાના અધિકારભાવ અને સાંસારિક વાસનાઓથી વિરક્ત થઈને, મહાદેવીએ એક ઐતિહાસિક નિર્ણય લીધો.

આ નાશવંત અને ક્ષય પામતા પુરુષોને પરણીને હું શું કરું?
જેમને મરણનો ભય છે, જેઓ વૃદ્ધ થાય છે,
મારો સાચો પતિ તો એ છે જે અસીમ છે, અવિનાશી છે.

મારા ચમેલીના શ્વેત પ્રભુ, ચેન્નમલ્લિકાર્જુન સિવાયના અન્ય તમામ પુરુષો, મારા માટે માત્ર ભાઈઓ સમાન છે.

તેમણે રાજા, રાજમહેલ, અને પોતાના શરીર પરના વસ્ત્રોનો પણ કાયમ માટે ત્યાગ કરી દીધો. આ વિરક્તિની ક્ષણને પોતાની કવિતા (વચન)માં તેઓ અદ્ભુત રીતે આલેખે છેઃ

શરીર પરથી કપડા તો કોઈ પણ ઉતારી શકે, પણ જે મન ચેન્નમલ્લિકાર્જુનના પ્રેમમાં ડૂબેલું હોય, એ ક્યારેય નગ્ન નથી હોતું. લોકોને ભલે હું નિર્વસ્ત્ર દેખાઉં, પણ મને તો લાગે છે કે હું મારા સ્વામીના દિવ્ય પ્રકાશમાં લપેટાયેલી છું.

પોતાના અંતિમ વર્ષોમાં, જ્યારે તેમની આધ્યાત્મિક યાત્રા તેના શિખરે પહોંચી, ત્યારે અક્કા મહાદેવી શ્રીશૈલમના ગાઢ જંગલો, જેને ‘કદલી વન’ કહેવાય છે, તે તરફ ચાલી નીકળ્યા. કહેવાય છે કે માત્ર વીસ-બાવીસ વર્ષની અત્યંત નાની વયે (ઈ.સ. ૧૧૬૦ની આસપાસ), આ પરમ યોગિની કદલી વનની શાંત ગુફાઓમાં પોતાના પ્રિયતમ ચેન્નમલ્લિકાર્જુન સાથે કાયમ માટે એકાકાર થઈ ગયાં.

તેમનું મૃત્યુ એ કોઈ અંત નહોતો, પણ એક જ્યોતિનું મહાજ્યોતિમાં વિલીનીકરણ હતું. શ્વાસ અને દેહની સીમાઓ વટાવીને, પોતાના અસ્તિત્વને પરમાત્માના અસીમ સાગરમાં સંપૂર્ણપણે ઓગાળી દેતી વખતે અક્કા મહાદેવીના અંતરમાંથી જે ચરમ શાંતિ પ્રગટી હશે, તે તેમની જ આ અમર કવિતા (વચન)માં આજે પણ ગુંજી રહી છેઃ

*મેં પર્વતની ટોચ પર મારું ઘર બનાવ્યું છે,*
*હવે મને જંગલી પ્રાણીઓનો કોઈ ભય નથી.*
*મેં સાગરમાં મારું ઘર બનાવ્યું છે,*
*હવે મને મોજાઓનો કોઈ ડર નથી.*
*હે મારા ચમેલીના શ્વેત પ્રભુ, ચેન્નમલ્લિકાર્જુન...*
*જેમ જળમાં પડેલું જળ પોતાનું અલગ અસ્તિત્વ ગુમાવી દે છે,*
*તેમ તમારામાં ભળીને હવે હું ‘હું’ રહી જ નથી,*
*હવે માત્ર તમે જ છો!*

આજે આઠ સદીઓ પછી પણ, જ્યારે કર્ણાટકના પહાડોમાં રાતનો પવન ફૂંકાય છે, ત્યારે જાણે એ પવનમાં અક્કા મહાદેવીનો વિરહ અને મિલનનો મધુર અવાજ સંભળાય છે. એ અવાજ આજના થાકેલા મનુષ્યને ઢંઢોળીને કહે છે કે સાચો પ્રેમ અને ભક્તિ એ છે, જેમાં અહંકાર અને અસ્તિત્વને સંપૂર્ણપણે ઓગાળી દેવાની હિંમત હોય. અક્કા માત્ર એક સંત કે કવયિત્રી નહોતાં, તે સ્ત્રી-સ્વાતંત્ર્ય અને આધ્યાત્મિક ક્રાંતિની એક એવી પ્રજ્વલિત મશાલ હતાં, જેના તેજ સામે કાળ પણ હંમેશાં નતમસ્તક રહેશે. ■

દુહાની દુનિયા

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

# નારીની મહત્તાનો મહિમા ગાતા દુહા...

ભલે કોઈએ શામળને નારી નીંદક કહીને નારી નરકની ખાણ એવા દુહાનાં એક ચરણને કારણે વગોવ્યો. પણ એ જ શામળે શુરવીર-પ્રતાપી નારીપાત્રો રચીને નારીનો મહિમા પણ ખૂબ કર્યો. બીજા દોહરા પણ ખૂબ રચ્યા. ગુજરાતી દુહા પરંપરામાં નારીની વગોવણી કરતા એની ઉત્કૃષ્ટતા અને મહત્તાના ઘણાં દુહા મળે છે. એને વખોડવાને બદલે વખાણ કરીને એનો મહિમા અનેક દુહામાં કર્યો છે. નારી તરફનો સમાદર, નારી તરફનો અનુરાગ અને નારી પરત્વેનો અહોભાવ કથતા થોડાં દુહા એકત્ર કર્યા છે તે આસ્વાદીએ.

**જોબન મદમાતી બહુ, હાલે ઢળક્તી ઢેલ;**
**ભાર આરે જળ ભરે, ત્રાંબા પિત્તળ હેલ.**

યુવાનીથી મદભરી દેહયષ્ટિ શોભતી હોય, જાણે ઢેલ ઢળકતી-લચકાતી ચાલે ચાલતી હોય એમ ડગલાં ભરતી હોય. ભારે મોટાં જળપાત્રોને મસ્તક ઉપર ધારણ કરીને પનિહારી રૂપે જળાશયેથી ત્રાંબા-પિત્તળની હેલમાં જળ ભરીને માનુની આવતી હોય એ મનહર દૃશ્યને દુહામાં ચિત્રિત કર્યું હોઈ નારીની શક્તિ, રૂપ અને તૃષાતુર માટે તરસ છીપાવનારી વ્યક્તિમત્તાને અહીં દુહાગીરે દુહામાં વણી લીધી છે. પનિહારીના રૂપનું અને એની મહત્તાનું ચિત્ર કથતો બીજો એક દુહો આસ્વાદીએ.

**કાઠિયાવાડની કામિની, હલકતી માથે હેલ;**
**ભરી બજારે નીકળે, ઢળકતી જાણે ઢેલ.**

હેલ એટલે ત્રાંબા અને પિત્તળની ધાતુ જે ભારે નક્કર અને વજનદાર હોય એ હાંડો અને ગાગર એમ બે જળપાત્રોમાં પાણી ભરીને



કાઠિયાવાડ વિસ્તારની માનુની-સન્નારી- કામિની મલકાતી ચાલે બજાર વચ્ચેથી નીકળે એટલે એની ઢળકતી-લચકાતી-મલકાતી ઢેલ જેવી ચાલને બધા જોઈ રહે. દુહામાં નારીની શક્તિમત્તા, ગર્વિતા અને પોષણ કરવાની ક્ષમતાનું દર્શન પામી શકાય છે. નારીનો મહિમા ગાતો બીજો એક દુહો પણ અવલોકીએ.

**ભલા સાજણ ભલી મળો, કરે હૃદાની વાત;**
**મનની આલે મૂડિયું, ભૂલયાં ચડાવે વાટ.**

ગુણવાન ભલો-સજ્જન પુરુષ, એને ભલી અર્થાત્ ગુણવાન-રૂપવાન સન્નારી મળી અને હૃદયથી બન્ને મળ્યા. વાતો કરીને મનની મૂડી. અમૂલ્ય હીતકારી વચન કહ્યા. એકત્વ પામ્યા પછી નારીનું આવું વ્યક્તિત્વ રસ્તો ભૂલ્યાને-કૂમાર્ગે ચડેલાને-સદમાર્ગે. ઉચિત પંથે વાળે. નારીની આ વાતને અહીં ભારે આકર્ષક રીતે વણીને એના વ્યક્તિત્વની છટાને દુહાગીરે દુહામાં આલેખી-વર્ણવી છે.

**નિર્મળ મૂરત પિયૂંકી, યું ઘટ રહી સમાય;**
**જયોં મેંદી કે પાત મેં, લાલી નજર ન આય.**

નિર્મળ, ગુણવાન સન્નારીના ચિત્તમાં આવા બધા ગુણો સમાવિષ્ટ હોય છે. એ પિયુને બાહ્ય રૂપે દેખાતા નથી જેમ મેંદીની અંદર લાલી છુપાયેલી હોય છે એમ સદાચારી સન્નારી આવી ગુણસંપદાને એમના શરીરમાં જાળવીને જીવતી હોય છે અને એ વ્યવહાર, વાણી તથા વર્તનથી ગુણોને પ્રગટાવતી-પ્રસરાવતી રહેતી હોય છે.

નારીના શીલવાન-ગુણવાન વ્યક્તિત્વ માટે મેંદીની ઉપમા પણ સમુચિત રીતે નિયોજીને નારીનો ખરો મહિમા અને નારીની ખરી મહત્તા દુહામાં અસરકારક રીતે આલેખી છે.

ખરી હકીકત તો એ છે કે નારીનો મહિમા અને નારીની મહત્તાને દુહામાં વણી લઈને આખરે તો દુહાગીરે રચેલા આ દુહાઓ નારીએ કેવા થવાનું, કેવું વ્યક્તિત્વ ઘડવાનું છે એની પાઠશાળા રૂપ આવા દુહાઓ નારીનું ઘડતર કરનાર ઘટક છે. આપણી લોકસંસ્કૃતિમાં આવી રીતે અનૌપચારિક શિક્ષણ મળી રહે એવી સહજ વ્યવસ્થા હતી. એ વ્યવસ્થાનું દસ્તાવેજી દૃષ્ટાંત આવા દુહાઓ છે. ■

ગીતા મહિમા

સારંગપ્રીત
feedback@bombaysamachar.com

# અસફળતામાં સફળતા

મહાભારત કહે છે કે જીવનમાં સુખ-દુઃખ અને સફળતા-નિષ્ફળતા બંને સ્વાભાવિક છે, પરંતુ માનવ સફળતાના બિંદુઓને ભૂલીને માત્ર સમસ્યાઓના સરવાળાને વધુ યાદ રાખે છે.

સફળતાના શિખરોને સર કરનારા મહાપુરુષોના જીવનમાં ડોકિયું કરતાં ખબર પડે કે મુશ્કેલી, અવરોધો અને નિષ્ફળતારૂપી કડવા ઘૂંટડા તો એમણે પણ પીધા છે.

ભારતમાંથી અંગ્રેજ સત્તાને ઉખાડીને ફેંકી દેનાર રાષ્ટ્રપિતાને પણ એક દિવસ વગર કારણે ટ્રેનમાંથી નીચે ફેંકી દેવાયા હતા! આખા વિશ્વને અજવાળનાર એડિસનના જીવનમાં પણ એક દિવસ અંધકાર ફેલાયો હતો જ્યારે તેની પ્રયોગશાળા સળગી હતી ! અમેરિકાના લોકપ્રિય અને સફળ રાષ્ટ્રપતિ તરીકે પ્રસિદ્ધિ પામનાર લિંકન ૫૧ વર્ષ સુધી એક નિષ્ફળ વ્યક્તિ તરીકે જ પ્રસિદ્ધ હતા !

આ બધાનાં જીવનમાં નિષ્ફળતાની હારમાળા જ લટકતી હતી. તો પ્રશ્ન એ છે કે, જીવનના દરેક તબક્કે આવતી વિપરીતતાઓમાં પણ તેઓ કેમ હાર્યા નહીં? કારણ એટલું જ છે કે તેઓની પાસે નિષ્ફળતાને નીરખવાનો સફળ દૃષ્ટિકોણ હતો. તેઓની દૃષ્ટિ O = Obstacle નહીં પરંતુ O = Opportunity તરફ જ રહી છે.

ઈ.સ.૧૯૫૮ની વાત છે. એક યુવક એરોનોટિકલ એન્જિનિયરીંગનો અભ્યાસ પૂર્ણ કરી વાયુસેનામાં પ્રવેશ મેળવવા ભારતના દક્ષિણ છેડાથી ૨૦૦૦ કિ.મી.નો પ્રવાસ ખેડી દેહરાદૂન પહોંચ્યો. તેનું બાળપણથી જોયેલું સ્વપ્ન હવે સાકાર થવાનું હતું. તેના યુવા માનસમાં માતૃભૂમિ માટે કંઈક કરી છૂટવાની તમન્ના હતી, તરવરાટ હતો, પરંતુ Interviewમાં ૨૫ વ્યક્તિઓમાંથી ૮ ઑફિસરોની જ ભરતી થવાની હતી અને તે નવમા નંબરે આવ્યા!

કાંઠે આવેલું વહાણ ડૂબી ગયાનો અહેસાસ થયો. વર્ષોથી ચણેલા આશાના મિનારાઓ જાણે કડડભૂસ થતા હોય એવું જણાયું. નિરાશ હૃદયે તે ઋષિકેશમાં શિવાનંદ સ્વામીના આશ્રમમાં જઈ તેમને મળ્યો.




તેમણે જે કહ્યું તેનું વર્ણન પોતાના પુસ્તકમાં કરતાં તે કહે છે : ‘તેમણે મને કહ્યું કે તું કદાચ ઍરફોર્સનો પાઈલટ થવા માટે નથી સર્જાયો. તારા માટે નિર્મિત યોગ્ય માર્ગે લઈ જવા માટે આ નિષ્ફળતા જરૂરી હતી તેથી તેને સ્વીકારી ઈશ્વરની ઇચ્છાને સમર્પિત થા !’

આ શબ્દોએ યુવાનના પડી ભાંગેલાં સ્વપ્નાઓને ફરી બેઠાં કર્યાં. પોતાની દૃષ્ટિ બદલી તેથી, માર્ગમાં આવતા પથ્થર પર જ પગ દઈ વધુ ઊંચે ઊડતા શીખ્યો. પછી તો તે યુવક ઈન્કોસ્પાર (Incospar)માં રૉકેટ એન્જિનિયર થયો. અનેક યુનિવર્સિટીઓમાંથી માનદ્ Ph.D.ની ડિગ્રી મેળવી. હા, તે યુવક એટલે ભારતના મિસાઈલ મેન અને આદરણીય, લોકલાડીલા રાષ્ટ્રપતિ ડો. કલામ. ખરેખર, વિપરિત પરિસ્થિતિમાં પણ સફળતા જોવાની દૃષ્ટિથી માણસ આગળ વધે છે.

કેટલાંક અંધ માણસો લાચારીપૂર્વક એવું કહે છે કે, I am blind, please help જેચારે કેટલાક એવું કહે છે કે Today is a beautiful day and I cannot see it માણસ કયા દૃષ્ટિકોણથી પરિસ્થિતિને જુએ છે તે અગત્યનું છે.

પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં પણ આ સદ્ગુણના દર્શન અનેક પ્રસંગોએ થયા છે. અનેક શુભ પ્રેરણાઓની સરિતા વહાવતો, ગુણતીત દ્વિજન્મશતાબ્દી મહોત્સવ સન ૧૯૮૫માં અમદાવાદ ખાતે ઉજવાયો. જેની વિશાળતા, ભવ્યતા અને દિવ્યતાને આજે પણ લોકો યાદ કરે છે. ત્યાં પધારનાર દરેક મુમુક્ષુઓનું સ્વાગત કરતો વિરાટ પ્રવેશદ્વાર બંગાળી કલાકારી અને સુંદર નકશીકામથી શોભતો હતો. એક દિવસ કાગળ-કંતાન-કાપડ અને વાંસની વળીથી સજ્જ થયેલા ૨૦૦ x ૧૦૦ x ૭૧ ફૂટના એ પ્રવેશદ્વારની ડાબી બાજૂથી અચાનક આગ લાગી. આગ શમતા સુધી તો અડધો પ્રવેશદ્વાર બળીને ખાખ થઈ ગયો. ચારે બાજુ માનવ મહેરામણની દોડધામ, રઘવાટ અને બૂમબરાડાઓને અવાજ પહોંચ્યો. મહોત્સવના અધ્યક્ષ પ્રમુખસ્વામી મહારાજે ખૂબ જ સ્થિરતાથી સંપૂર્ણ વિગત સાંભળી. તેઓ ઘટના સ્થળે પહોંચ્યા. વ્યવસ્થાપક સંતો ભક્તોના મનમાં પણ ચિંતા હતી કે હવે આ અડધા દ્વારનું શું કરવું? દ્વાર બનાવનાર બંગાળી કારીગરો નથી અને બીજા કોઈને અનુભવ પણ નથી. વળી, ચાલુ ઉત્સવમાં બાંધકામ પણ કઈ રીતે કરવું ? બધાના મનમાં એક વિચાર આવ્યો કે બાકી રહેલો અડધો દ્વાર પણ કાઢી નાખવો. જાણે દ્વાર હતો જ નહીં. હા, બધાની આંખો દ્વારની જગ્યાએ સમથળ જમીન જોતી હતી. જ્યારે પ્રમુખસ્વામીની દૃષ્ટિ રાખમાંથી ઊભા થયેલા ભવ્ય દ્વારને જોતી હતી. પરિસ્થિતિને પોતાની તરફ વાળતા હોય તેમ તેઓ બોલ્યા, ‘જે થયું તે ભગવાનની ઈચ્છા, બીજો અડધો બનાવી દો.’ અને સંતો-ભક્તોના રાતદિવસના અથાગ પરિશ્રમથી માત્ર અઠવાડિયામાં જ પહેલા જેવો દ્વાર તૈયાર થઈ ગયો.

હા, જીવનમાં આવતી અસફળતાને વ્યક્તિ કેવી રીતે લે છે તેના ઉપર તેની સફળતાનો આધાર હોય છે. આ અસફળતાને પણ સફળતામાં ફેરવવા માટે આ દૃષ્ટિની જરૂર છે. ■




ઉમેશ ત્રિવેદી
feedback@bombaysamachar.com

# કોલ્હાપુરનું મહાલક્ષ્મી મંદિર ૧,૩૦૦ વર્ષથી આસ્થાનું પ્રતીક



કોલ્હાપુરમાં આવેલું શ્રી મહાલક્ષ્મી મંદિર લગભગ ૧,૩૦૦ વર્ષ જૂનું અને હિન્દુ ધર્મના સાડાત્રણ શક્તિપીઠોમાંનું એક મહત્ત્વપૂર્ણ અને ખૂબ જ પવિત્ર સ્થાન ગણાય છે. આ સ્થાનને અખંડ શક્તિપીઠ પણ માનવામાં આવે છે. અહીં માતા સતીની આંખ પડી હતી એમ માનવામાં આવે છે.

અહીં માતા મહાલક્ષ્મીની સાથે સિંહ બિરાજમાન હોવાથી ભક્તો તેમને પાર્વતી સ્વરૂપ એટલે કે 'અંબાબાઈ' તરીકે પૂજે છે. કોલ્હાપુરમાં મહાલક્ષ્મી માતા અંબાબાઈના મંદિર તરીકે ઓળખવામાં આવે છે.

સામાન્ય રીતે પુરાણોમાં દેવી લક્ષ્મીના વાહન તરીકે ગરૂડ, ગજરાજ કે ઘુવડનો ઉલ્લેખ મળે છે. પણ, કોલ્હાપુરમાં તો માતા મહાલક્ષ્મી સાથે સિંહ તેમના વાહન સ્વરૂપે છે એટલે ભક્તજનો તેમને માતા પાર્વતીનું જ સ્વરૂપ ગણે છે. માતા મહાલક્ષ્મીનું મંદિર એ મહારાષ્ટ્રના કોલ્હાપુર જિલ્લાના મહાદ્વાર રોડ પર સ્થિત છે. શ્રી કરવીર નિવાસિની અંબાબાઈ મહાલક્ષ્મી મંદિરના નામે આ મંદિર ઓળખાય છે.

શ્રીમદ્ દેવી ભાગવતમાં જણાવવામાં આવલા ૧૦૮ શક્તિપીઠમાં કોલ્હાપુરના મહાલક્ષ્મી ધામનો ઉલ્લેખ જોવા મળે છે. પ્રચલિત માન્યતા એવી છે કે દેવી સતીના ખંડિત વિગ્રહનું ત્રીજું નેત્ર આ જ ભૂમિ પર પડ્યું હતું. સ્કંદપુરાણમાં આ સમસ્ત ક્ષેત્રનો કરવીર ક્ષેત્ર તરીકે ઉલ્લેખ જોવા મળે છે.

દંતકથા અનુસાર, કેશી દૈત્યના પુત્ર કોલ્હાસુરે દેવતાઓથી લઈને મનુષ્યો સુધી બધાને ત્રાહિમામ પોકારાવી દીધું હતું. ત્યારે દેવતાઓ માતા મહાલક્ષ્મીના શરણે ગયા હતા. ત્યારે આ રાક્ષસના અંત માટે મહાલક્ષ્મીએ દુર્ગાનું રૂપ ધારણ કર્યું હતું અને કોલ્હાસુર સાથે યુદ્ધ શરૂ કર્યું હતું.

આ ભયંકર યુદ્ધ દરમિયાન કોલ્હાસુર સમજી ગયો હતો કે હવે જીવિત રહેવું શક્ય નથી. એટલે મૃત્યુ પહેલાં જ દેવીને પ્રાર્થના કરી કે, 'હે માતા! મને મારી ભૂલ સમજાઈ ગઈ છે. વધ કરી મારો ઉદ્ધાર કરો. પણ સાથે જ મને વરદાન આપો કે તમારાં ચરણોથી પાવન થયેલી આ ભૂમિ મારાં નામથી ઓળખાય.'

મહાલક્ષ્મીએ તથાસ્તુ કહીને કોલ્હાસુરોનો વધ કર્યો અને પછી દેવતાઓની પ્રાર્થનાથી દેવી અહીં જ સ્થિત થયાં. કોલ્હાપુરને આપેલા વરદાન અનુસાર કરવીર ક્ષેત્ર એ 'કોલ્હાપુર' નામે પ્રસિદ્ધ થયું અને દેવી મહાલક્ષ્મી કોલ્હાપુરના મહાલક્ષ્મીના નામે ભક્તોમાં ઓળખાવા લાગ્યા.

આ આખું મંદિર શ્યામી રંગના પથ્થરમાંથી બનાવવામાં આવ્યું છે. શ્વેત શિખરથી શોભતા આ શ્યામ મંદિરના ગર્ભગૃહમાં દેવી મહાલક્ષ્મીની શ્યામ પ્રતિમા છે. માતા મહાલક્ષ્મીનું આ રૂપ અત્યંત દિવ્ય દેખાય છે. શ્રીમદ્ દેવી ભાગવતમાં આ સ્થળનો ઉલ્લેખ 'કોલ્હાપુર દેવસ્થાનમ યત્ર લક્ષ્મી સદાસ્થિત' તરીકે કરવામાં આવ્યો છે. જેનો અર્થ થાય છે કે 'કોલ્હાપુરનું દેવસ્થાન - આ સ્થાનક તો મહાધામ છે અને અહીં દેવી લક્ષ્મીનો સદાકાળ નિવાસ છે.'

આ ભવ્ય મંદિર સાતમી સદીમાં (સન - ૬૩૪માં) ચાલુક્ય વંશના રાજા કર્ણદેવ દ્વારા બાંધવામાં આવ્યું છે. સમય જતાં શિલાહાર, યાદવ અને પશ્ચિમી રાજવીઓએ આ મંદિરનો વિસ્તાર કર્યો છે. છત્રપતિ શિવાજી મહારાજ અને સંભાજી મહારાજે પણ આ ક્ષેત્રમાં શ્રદ્ધા સાથે સંરક્ષણ પૂરું પાડ્યું હતું.

મોગલ કે મુઘલ આક્રમણકારોના ભયથી મંદિરમાંથી દેવીની મૂર્તિ સુરક્ષિત જગ્યાએ છુપાવવામાં આવી હતી. ત્યારબાદ ૨૬મી સપ્ટેમ્બર ૧૭૧૫ના છત્રપતિ શિવાજી મહારાજના પુત્ર સંભાજી મહારાજ દ્વારા મૂર્તિની પુનઃ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

અહીં જે મૂર્તિ છે તે કાળા પથ્થરમાંથી અને મૂલ્યવાન રત્નોમાંથી બનાવવામાં આવી છે. આ સાડા ત્રણ ફૂટની મૂર્તિ છે અને તે અંદાજે ૪૦ કિલો વજનની છે. આ મૂર્તિની સાથે જ કાળા પથ્થરમાંથી સિંહ પણ બનાવવામાં આવ્યો છે.

વર્ષમાં બે વાર અહીં કિરણોત્સવ મનાવવામાં આવે છે. ત્યારે સવારના સૂર્યકિરણ સીધાં જ મહાલક્ષ્મીની મૂર્તિ પર પડે છે અને માથાથી કરીને પગ સુધી એ કિરણો જાય છે અને છેલ્લે ચરણ સ્પર્શ કરીને કિરણો લુપ્ત થઈ જાય છે.

આ મંદિરનું બીજું મહત્ત્વ એ પણ છે કે કોઈ ભક્ત જ્યાં સુધીમાં આવીને મહાલક્ષ્મીનું પૂજન ન કરે ત્યાં સુધી તેની તિરુપતિ બાલાજીની યાત્રા પૂર્ણ ગણાતી નથી. દિવાળીની રાતે દેવી માતાની મહાઆરતી કરવામાં આવે છે અને દિવાળીની રાતે આ મંદિરની રોનક અલગ જ પ્રકારની જોવા મળે છે. મહાલક્ષ્મી પોતાના પતિ ભગવાન વિષ્ણુથી નારાજ થઈને કોલ્હાપુર આવ્યા હતા. તેથી જ દિવાળીના દિવસે તિરુપતિ દેવસ્થાન તરફથી શાલનો શણગાર કરવામાં આવે છે.

કાળા પથ્થરમાંથી બનાવવામાં આવેલું આ મંદિર અસલમાં જૈનોના આઠમા તિર્થંકર ચંદ્રપ્રભ ભગવાનના માટે બનાવવામાં આવ્યું હતું. પણ, મધ્યકાલીન યુગમાં આ વિસ્તારમાં ધાર્મિક તંગદિલી ફેલાતાં તેને મહાલક્ષ્મીના મંદિરમાં રૂપાંતરિત કરવામાં આવ્યું હતું.

આ મંદિરની ભવ્યતા અને શિલ્પકળા એ રીતે ઊભી કરવામાં આવી છે કે ભરઉનાળામાં અહીં દર્શન કરવા આવનારા ભક્તજનોને - અદ્ભુત શીતળતાનો અનુભવ થાય છે અને તે આ મંદિરનો ચમત્કાર હોવાનું માનવામાં આવે છે. ■




મુકેશ પંડ્યા
feedback@bombaysamachar.com

# હનુમાનઃ અંશથી લઈ અવતાર સુધી ...

આપણી પૃથ્વીનું એક નામ મૃત્યુલોક પણ છે કારણ કે અહીં કોઈ પણ પ્રાણી કે માનવી જન્મ લે એનું મૃત્યુ નિશ્ચિત હોય છે, પરંતુ દરેક નિયમને અપવાદ હોય છે તેમ ભારતીય શાસ્ત્રો પ્રમાણે અહીં સાત એવા આત્માઓ વિહરી રહ્યા છે જે ચિરંજીવી અર્થાત્ અમર રહ્યા છે. જેમને જન્મ મરણના ચક્કર કાપવાની જરૂર પડતી નથી એવા સાત પાત્રોમાંમાંથી એક એટલે શ્રી હનુમાનજી.

આ વાતને માનવા માટે અનેક કારણો છે.

સૌથી પ્રાચીન એવા ચારેય વેદોમાં 'હનુમાન'નો સીધો ઉલ્લેખ નથી, પરંતુ ઋગ્વેદના ૧૦મા મંડળના ૮૬મા સૂક્તમાં 'વૃષાકપિ' નામનો ઉલ્લેખ આવે છે. વૃષા' એટલે બળવાન અને 'કપિ' એટલે વાનર. સંશોધકો અને વિદ્વાનોના મતે, આ વૈદિક 'વૃષાકપિ' એ જ હનુમાનજીનું પ્રારંભિક સ્વરૂપ છે.

**ઉપનિષદોમાં હનુમાનજી**

મૂળ ૧૦૮ ઉપનિષદો પૈકી કેટલાક પાછળના (ખાસ કરીને વૈષ્ણવ અને રામ ભક્તિ સંપ્રદાયના) ઉપનિષદોમાં હનુમાનજીનો મુખ્ય પાત્ર અથવા જિજ્ઞાસુ શિષ્ય તરીકે ઉલ્લેખ છે:

આમાં 'મુક્તિકા ઉપનિષદ' ખૂબ મહત્ત્વનું છે, કારણ કે તેમાં ભગવાન શ્રીરામ અને હનુમાનજી વચ્ચેનો સંવાદ છે. હનુમાનજી મુક્તિ (મોક્ષ) વિશે પ્રશ્ન પૂછે છે, જેના જવાબમાં શ્રીરામ તેમને વેદાંતનું જ્ઞાન આપે છે અને મુક્તિ માટે ૧૦૮ ઉપનિષદોનો અભ્યાસ કરવાનું સૂચન કરે છે.

'રામ રહસ્ય' ઉપનિષદમાં હનુમાનજી અન્ય ઋષિઓને ભગવાન રામની ઉપાસના અને મંત્રોનું રહસ્ય સમજાવે છે.

'લાંગૂલ ઉપનિષદ' એક વિશિષ્ટ તાંત્રિક ઉપનિષદ છે, જે સંપૂર્ણપણે હનુમાનજીની શક્તિ અને તેમના રક્ષણાત્મક મંત્રો પર આધારિત છે.

હનુમાનજી મૂળભૂત રીતે શિવજીના અંશાવતાર અને વાયુપુત્ર છે. વેદોમાં રુદ્ર (શિવ) અને વાયુ દેવતાની પુષ્કળ સ્તુતિઓ છે. તેથી વૈદિક દૃષ્ટિએ હનુમાનજી એ દૈવી પ્રાણશક્તિ (વાયુ) અને જ્ઞાન-બળના પ્રતીક છે, જેમણે ત્રેતાયુગ અર્થાત્ રામાયણ કાળમાં અવતાર ધારણ કર્યો હતો અન રામ સાથે મળીને અસુરોનો સંહાર કર્યો હતો.

વળી દ્વાપર યુગ અર્થાત્ મહાભારત કાળમાં પણ હનુમાનજીનો ઉલ્લેખ જોવા મળે છે. કૌરવો - પાંડવોના સમગ્ર યુદ્ધ દરમ્યાન તેઓ અર્જુનના રથ પર વિરાજમાન રહ્યા હતા. હાલ કળિયુગ ચાલી રહ્યો છે તેમાં પણ તેમની હાજરી કોઈના કોઈ સ્વરૂપે અવશ્ય વર્તાય છે. હાલ બાબા નીમકરોલી પર આધારિત ફિલ્મ 'હનુમાન અંશ' સફળતાના બધા જ વિક્રમ સર કરી રહી છે તેમાં હનુમાનજી જેવી સિદ્ધિ જેમને પ્રાપ્ત થઈ હતી એવા નીમ કરોલી બાબા શ્રી લક્ષ્મણદાસના જીવન કવનને સુંદર રીતે રજૂ કરાયું છે. બાબાજીનો જીવન કાળ વર્ષ ૧૯૦૦થી ૧૯૭૩ સુધીનો હતો એ પરથી એટલું તો સાબિત થાય જ છે કે દરેક યુગમાં હનુમાનજી હાજરાહજૂર છે.


નીમકરોલી બાબા

આજે પણ જ્યાં જ્યાં રામાયણ વંચાય છે ત્યાં ત્યાં શિવના અવતાર એવા હનુમાનજી એ સાંભળવા અચૂક આવે છે તેવી દૃઢ માન્યતા લોકોમાં છે જ એટલે જ ગોસ્વામી શ્રી તુલસીદાસે ચાલીસામાં સ્પષ્ટ લખ્યું છે કે 'ચારો જુગ પરતાપ તુમ્હારા'.

હનુમાનજીની હાજરી દરેક યુગમાં વર્તાય તો છે જ પરંતુ કાળા માથાનો માનવી ધારે તો પોતાના પરિશ્રમથી હનુમાન જેવી સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે. આ કોલમના શરૂઆતનાં પ્રકરણોમાં જ લેખકે લખ્યું હતું કે સનાતન ધર્મ વૈજ્ઞાનિક હોવા ઉપરાંત લોકશાહીયુક્ત ધર્મ પણ છે. સામાન્ય માનવ પણ દૈવીશક્તિ પ્રાપ્ત કરી શકે છે.

આ શક્તિને બેફામ છોડી દેવામાં આવે તો તે વિનાશ નોતરી શકે છે, પણ જો તેને કોઈ ઉચ્ચ અને પવિત્ર ધ્યેય તરફ વાળવામાં આવે તો તે કલ્યાણકારી બને છે.

હનુમાનજી પાસે અદ્ભુત શક્તિઓ હતી, છતાં તેમણે પોતાની તમામ શક્તિઓ ભગવાન શ્રી રામનાં ચરણોમાં અને ધર્મનાં કાર્યોમાં સમર્પિત કરી દીધી. તેઓ ક્યારેય પોતાના બળના અહંકારમાં ન આવ્યા અને પોતાની શક્તિને ભક્તિમાં રૂપાંતરિત કરી.

શક્તિ અને ભક્તિનો આ અદ્ભુત સંગમ બાબા શ્રી નીમકરોલીના જીવનમાં પણ જોવા મળ્યો .

ટૂંકમાં, જ્યારે કોઈ વ્યક્તિ પોતાની ભીતર રહેલી આંતરિક શક્તિ, બુદ્ધિ અને ક્ષમતાઓને કોઈ નકારાત્મક બાબતોમાં વેડફવાને બદલે સત્ય, ધર્મ અને શ્રેષ્ઠ લક્ષ્ય (ઉચ્ચ ધ્યેય) તરફ વાળે છે, ત્યારે તેનામાં 'હનુમાનત્વ' પ્રગટે છે.

આવું જ 'હનુમાનત્વ' ગયા અઠવાડિયે ભારતના જાંબાઝ પાઇલટ સ્મિત મચ્છરના શરીરમાં પ્રગટ થયું એવું બેશક કહી શકાય. તેના સહયોગી પાઇલટે જીવલેણ હુમલો કરીને ઉડતા વિમાનને ક્રેશ કરીને સેંકડો મુસાફરોને મોતને હવાલે કરવાનો કારસો રચ્યો હતો, પરંતુ પાઇલટ સ્મિતે પોતે જ કહ્યું છે તે પ્રમાણે સખત ઘાયલ હોવા છતાં સતત હનુમાન ચાલીસાનું સ્મરણ કરીને પોતાની બુદ્ધિ અને શક્તિનો યોગ્ય ઉપયોગ કરી કોકપીટનો દરવાજો ખોલવામાં સફળતા મેળવી અને અનેક મુસાફરોના જીવન બચાવ્યા.


કૅપ્ટન સ્મિત મચ્છર

અત્રે એક વાતનો ઉલ્લેખ કરવો જરૂરી છે કે ન કરે નારાયણ ને થોડું પણ મોડું થયું હોત અને ન બનવાનું બની ગયું હોત તો સાચી વાતની કોઈને ખબર પડત નહીં અને દોષનો ટોપલો કે શંકાની સોય એક ભારતીય પાઈલટ તરફ મંડાત. મોટા ભાગના મુસાફરો ઇઝરાયલી હતા એટલે ભારત - ઇઝરાયલના હાલના મજબૂત સંબંધોમાં તિરાડ પડવાની શકયતા ઊભી થાત. ભારતમાં અને દુનિયામાં એવા અમુક લોકો છે જ જેમને આ ઘટનાથી સીધો કે આડકતરો ફાયદો થાત. ભારતે આ આતંકી કૃત્ય કર્યું એવી ખોટી છાપ પણ ઊભી થાત.

પરંતુ રામભક્ત હનુમાન રાખે તેને કોણ ચાખે? હનુમાનજીના પ્રતાપે આજે ભારતીયોના માથે 'વિલન'ને બદલે 'હીરો'ની છાપ અંકિત થઈ ગઈ.

ઘણા નાસ્તિક લોકો હનુમાનજીની શક્તિ અને સિદ્ધિઓમાં કદાચ ન પણ માને પરંતુ વૈજ્ઞાનિક રીતે આવી સિદ્ધિઓ સામાન્ય માનવી પણ કેવી રીતે મેળવી શકે અને આજે વિશ્વભરમાં ભારતીય યોગ પરંપરા પ્રચલિત થઈ રહી છે તેને અને હનુમાનજીને શું સંબંધ છે તેની વાતો આવતે અઠવાડિયે કરીશું.■

સંત વાણી

મહેશકુમાર મકવાણા
feedback@bombay samachar.com

# સો' ઈ વાત કોઈ જાણે ઝવેરલા, સૂક્ષ્મ વેદ સુણાવું...

*સો' ઈ વાત કોઈ જાણે ઝવેરલા,*
*સૂક્ષ્મ વેદ સુણાવું મેરે દાતા, સતગુરુ રામને રીઝાવું રે.*
*મન-પવનને મૂળે બાંધી, અગમ ખડકીએ આવું રે,*
*ખરી ખબર સે ખોજું ખાવિંદકો, તા પર લગની લગાવું રે.*
*મૂળ કમળને મધ્યમાં લાવી, ઉન્મુન ધ્યાન લગાવું રે,*
*ઈ અટકળથી જપું અજપા, શ્વાસ ઉચ્છવાસે સમાવું રે.*
*ચલી સુરતા ચડી ગગન પર, અનહદ નાદ બજાવું રે,*
*જળહળ જ્યોત જાગી ઝરૂખે, સૂતા બ્રહ્મ શહેર જગાવું રે.*
*આવન જાવનકા મિટ્યા અંતરા, એ પરવાના પાવું રે,*
*મેરામ કહે મોતીરામ ચરણે, નવી નકલ મેં ન આવું રે.*
**- મેરામસાહેબ**

વાતો તો હજાર હોય, પણ હજારમાં સૌથી ન્યારી વાત કોઈક જ જાણે. કેટલીક વાત કાન સુધી પહોંચે, કેટલીક બુદ્ધિ સુધી પહોંચે અને કેટલીક એવી હોય કે અનુભવ વિના એનો પત્તો જ ન લાગે. એટલે અહીં શરૂઆતમાં જ કહે છે કે એ વાત કોઈ ઝવેરી જાણે. ઝવેરીનું કામ મોતીને માત્ર જોવાનું નથી, એને ઓળખવાનું છે. દેખાય તો સહુને, પણ ઓળખાય કોઈકને જ. અધ્યાત્મમાં પણ એવું જ છે. શબ્દો સહુ સુધી પહોંચે, અર્થ થોડાક સુધી પહોંચે અને મર્મ તો કદાચ એને જ મળે, જેણે પોતાની જાતને એ અર્થમાં ઓગાળી દીધી હોય.

આગળ કહે છેઃ સૂક્ષ્મ વેદ સુણાવું મેરે દાતા. વેદ તો ગ્રંથમાં છે, પણ અહીં જે વેદની વાત છે તે સૂક્ષ્મ વેદ છે. ગ્રંથના અક્ષરો વાંચી શકાય. સૂક્ષ્મને વાંચવું શક્ય નથી. એને સાંભળવું પણ આ કાનથી શક્ય નથી. ભીતરમાં કંઈક તૈયાર થાય ત્યારે એ સંભળાય. એટલે દાતાને સંબોધે છે. અહીં માગવાનું કંઈ નથી. પોતે જે જાણ્યું છે તે ગાઈને સતગુરુ રામને રીઝવવા છે. ભક્તિમાં કેટલીક વાર પ્રાપ્તિ કરતાં પ્રસન્નતા મોટી હોય છે. ઈશ્વર આપણને શું આપે એ કરતાં આપણાથી ઈશ્વર રીઝે એ વધારે મોટી વાત છે.

પછી કહે છેઃ મન-પવનને મૂળે બાંધી. મન અને પવન. યોગમાર્ગની આ બે મોટી શક્તિઓ. મન ક્યાં સ્થિર રહે છે? એક ક્ષણે અહીં અને બીજી ક્ષણે ત્યાં. શ્વાસ પણ સતત ચાલતો રહે છે. અહીં બંનેને મૂળે બાંધવાની વાત છે. વૃક્ષને પાનથી પકડીએ તો આખું વૃક્ષ હાથમાં ન આવે. મૂળ પકડવું પડે. માણસ આખું જીવન ડાળપાંદડાંમાં ગૂંચવાઈને પસાર કરી નાખે છે. સંત મૂળ પાસે જાય છે. મનને મૂળે બાંધવું અને પવનને મૂળે બાંધવો એટલે ચંચળતાની ગતિને એના ઉદ્ગમ પાસે જઈને સ્થિર કરવી. પછી કહે છેઃ અગમ ખડકીએ આવું રે. અગમ એટલે જ્યાં સહેલાઈથી ગમન ન થાય. જે મનબુદ્ધિની પહોંચમાં નથી. એની એક ખડકી છે. દ્વાર પણ નથી કહ્યું. ખડકી કહી. ખડકીમાંથી પહેલાં ઝાંખી થાય. બધું એકસાથે મળી જાય એવું અધ્યાત્મમાં ક્યાં બને છે? પહેલાં સહેજ પ્રકાશ દેખાય. સહેજ અણસાર આવે. પછી થાય કે આ તરફ જવું જોઈએ. એ અગમની ખડકી સુધી પહોંચવાની વાત છે. પણ ત્યાં પહોંચીને કરવાનું શું? ખરી ખબર સે ખોજું ખાવિંદકો. આ ખરી ખબર બહુ મહત્ત્વની વાત છે. ધારણા પરથી નહીં. સાંભળેલી વાત પરથી નહીં. કોઈએ કહ્યું એટલે નહીં. પોતાની ખરી ખબરથી ખાવિંદને શોધવો છે. ખાવિંદ એટલે સ્વામી. જેને આપણે બહાર શોધીએ છીએ



એ બહુ દૂર નથી, પણ આપણી ખબર ખોટી હોય તો નજીકનું પણ દૂર લાગે. સાચી દિશા વિના યાત્રા લાંબી થાય. ખરી ખબર મળી જાય પછી શોધ પણ બદલાય. અને પછી તારા પર લગની લગાવું રે. જ્ઞાન પૂરતું નથી. ખબર મળી એથી કામ પૂરું નથી થઈ જતું. ખબર પછી લગની જોઈએ. જેને જાણવા માગીએ છીએ એને પ્રેમ પણ કરવો પડે. અધ્યાત્મ કેવળ બુદ્ધિની ઘટના હોત તો પુસ્તકો પૂરતાં હતાં. અહીં લગની છે. લગનીમાં માણસ પોતે થોડો રહે છે અને જેની લગની લાગી હોય એ વધારે રહે છે.

આગળ કહે છેઃ મૂળ કમળને મધ્યમાં લાવી, ઉન્મુન ધ્યાન લગાવું રે. ભક્તિકાવ્ય અને યોગવાણીમાં કમળ વારંવાર આવે છે. કમળ કાદવમાં ઊગે છતાં કાદવનું નથી. માણસનો દેહ સંસારમાં છે, પણ એની ચેતના સંસારથી ઉપર ઊઠી શકે. મૂળ કમળનો સંકેત દેહની સૂક્ષ્મ સાધના તરફ છે. પરંતુ અહીં સંતને શરીરશાસ્ત્ર સમજાવવું નથી. એને તો અંદરની ગતિ કહેવી છે. જે વેરવિખેર છે એને મધ્યમાં લાવવું. મધ્ય બહુ મહત્ત્વનું છે. છેડાઓ પર તાણ હોય છે, મધ્યમાં સમતુલા હોય છે. ઉન્મુન ધ્યાન લગાવું. મન હોય પણ મનની સામાન્ય દોડધામ ન હોય એવી અવસ્થા. મન પોતાની રોજિંદી ચિંતા, ઇચ્છા, ગણતરીમાંથી ઉપર ઊઠે. ધ્યાનમાં માણસ કોઈ વસ્તુ પકડે છે ત્યાં સુધી ધ્યાન અધૂરું છે.

અહીં તો ધ્યાનમાં ધ્યાન કરનાર પણ ધીમેધીમે ઓસરી જાય એવી દિશા છે. ઈ અટકળથી જપું અજપા. જપ આપણે કરીએ. અજપા એવો જપ કે જે આપણાથી થતો નથી, પોતાની મેળે થયા કરે છે. શરૂઆતમાં માણસ નામ લે છે. પછી કદાચ નામ માણસને પોતાનામાં લઈ જાય. પહેલાં આપણે સ્મરણ કરીએ. પછી સ્મરણ સ્વયં જ ચાલે. એને અજપા કહે છે. શ્વાસ-ઉચ્છવાસ સાથે એ જપ સમાઈ જાય. શ્વાસ લેવા માટે આપણે એને યાદ કરવો પડતો નથી. એ સહજ ચાલે છે. ઈશ્વરનું સ્મરણ પણ શ્વાસ જેવું સહજ થઈ જાય તો પછી જુદી સાધના ક્યાં રહી? જીવન જ સાધના થઈ ગયું.

સંતની યાત્રા હવે ઊર્ધ્વગતિ કરે છે. ચલી સુરતા ચડી ગગન પર. સુરતા એટલે ચેતના, ધ્યાન, જાગૃતિ. દેહ અહીં બેઠો છે, પણ સુરતા ગગન પર ચડે છે. આ ગગન એટલે બહારનું આકાશ નહિ. બહારના આકાશને આંખ જોઈ શકે. આ તો ભીતરનું ગગન છે. આપણી ભીતર પણ કેટલું વિશાળ વિશ્વ છે પણ એની ખબર આપણને સામાન્ય રીતે પડતી નથી. આખું જીવન બહારના અવકાશમાં ગાળીએ અને અંદરનું આકાશ અણખૂલ્યું રહી જાય. સુરતા ગગન પર ચડે પછી અનહદ નાદ બજાવું રે. હદનો નાદ બે વસ્તુ ટકરાય ત્યારે થાય. અહીં અનહદ છે. જેને કોઈ આઘાતની જરૂર નથી એવો નાદ. બહારનું સંગીત તો શરૂ થાય અને પૂરું થાય. અંદરના આ સંગીતનો આરંભ ક્યાં છે અને અંત ક્યાં છે એની ખબર નહીં. એ નાદ વાગે છે. પછી સાધક ગાયક નથી રહેતો. એ શ્રોતા પણ નથી રહેતો. એ જાણે પોતે જ નાદમાં ભળી ગયો. પછી જળહળ જ્યોત જાગી ઝરૂખે. પહેલાં અગમની ખડકી હતી. હવે ઝરૂખે જ્યોત જાગે છે. શરૂઆતમાં સાધક અગમની ખડકી સુધી પહોંચતો હતો, હવે ભીતરના ઝરૂખામાં પ્રકાશ જાગ્યો. બહાર સૂરજ ઊગે ત્યારે જગત દેખાય. અંદર જ્યોત જાગે ત્યારે સ્વયંનું સ્વરૂપ દેખાય. પણ સંત એટલેથી અટકતા નથી. સૂતા બ્રહ્મ શહેર જગાવું રે. બ્રહ્મ સૂતો હતો એવું શાસ્ત્ર નહીં કહે. અહીં તો અનુભવ બોલે છે. જે બ્રહ્મચેતના આપણી અંદર અજાગૃત હતી એને જગાડવાની વાત છે. જેમ કોઈ શહેર રાત્રે સૂઈ જાય અને સવારે આખું શહેર જાગે તેમ દેહરૂપી નગરમાં ચેતનાનો પ્રભાત થાય. શહેર શબ્દ પણ સરસ છે. કેટલી વૃત્તિઓ, કેટલાં દ્વાર, કેટલી ગલીઓ, કેટલા અજાણ્યા ખૂણા. એ આખું શહેર જાગે ત્યારે જ પ્રકાશ પૂર્ણ થાય.

આવન જાવનકા મિટ્યા અંતરા. આવનજાવનનો સામાન્ય અર્થ જન્મમરણના ફેરા તરીકે લઈ શકાય. પણ અહીં બીજી રીતે પણ જોઈ શકાય. મનનું પણ સતત આવનજાવન છે. ઇચ્છા આવે, જાય. વિચાર આવે, જાય. સુખ આવે, જાય. દુઃખ આવે, જાય. માણસ આખી જિંદગી આ આવનજાવનમાં ઊભો રહે છે. સંતને હવે એ ગતિમાંથી મુક્તિનો અનુભવ થયો છે. અંતર મટી ગયાં. આવવું અને જવું જ્યાં મટી જાય હવે ત્યાં જ રહેવું છે. એ પરવાના પાવું રે. પરવાનો એટલે અધિકાર પણ અને મંજૂરી પણ. આત્મજ્ઞાનમાં કોઈ બહારની કચેરી પરવાનો આપતી નથી. અનુભવ જ પરવાનો છે. જે પાર ગયો એનું પાર જવું જ એની સાબિતી. અંતિમ પંક્તિમાં કહે છેઃ મેરામ કહે મોતીરામ ચરણે, નવી નકલ મેં ન આવું રે. બહુ સુંદર સમાપ્તિ છે. મોતીરામના ચરણમાં રહીને મેરામ કહે છે કે હું નવી હવે નકલમાં નહિ આવું. આ નકલ શબ્દ સીધો છે પણ ઊંડો છે. માણસ આખી જિંદગી કેટકેટલી નકલો ધારણ કરે છે. બાળપણની એક, યુવાનીની એક, અહંકારની એક, માનમોભાની એક. દરેક જન્મની પણ નવી નકલ. મેરામસાહેબ કહે છે હવે ફરી એવી નવી આવૃત્તિ નહીં. જે મૂળ સુધી પહોંચી ગયો એને નકલની જરૂર શું? બહારથી આખું પદ યોગસાધનાની પરિભાષાથી ભરેલું છે મન, પવન, મૂળ કમળ, ઉન્મુન, અજપા, સુરતા, ગગન, અનહદ નાદ, જ્યોત. આખી વાણી એક ભીતરની યાત્રા છે. વાણીની પંક્તિઓનો ક્રમ ખાસ નોંધવા જેવો છે. મેરામસાહેબે અધ્યાત્મને એક સ્થિર વિચાર તરીકે નહીં પણ ગતિ તરીકે વ્યક્ત કર્યું છે. મૂળથી ગગન સુધીની ગતિ. બંધનથી ઉડાન સુધીની ગતિ. જપથી અજપા સુધીની ગતિ. શબ્દથી નાદ સુધીની ગતિ. ઊંઘથી જાગૃતિ સુધીની ગતિ. આવનજાવનથી નિવૃત્તિ સુધીની ગતિ. આ પદનું રહસ્ય પણ એ જ છે. જે વાત ઝવેરી જાણે છે તે શબ્દોમાં કહી શકાય એટલી જ નથી. શબ્દ તો દરવાજો છે. અંદર જવું પડે. નાદ સાંભળવો પડે. જ્યોત જગાડવી પડે. નહીં તો મોતી હાથમાં હોય અને આપણે એને કાંકરો ગણીને પસાર થઈ જઈએ. ■

# સાયોનારા જાપાન...મરહબા કતાર

## ૨૦મી એશિયન ગેમ્સને ગુડબાય, ૨૦૩૦માં ઍથ્લીટોને દોહા કરશે વેલ્કમ







જાપાનમાં ગઈ કાલે ૨૦મી એશિયન ગેમ્સની ઝમકદાર, રંગારંગ અને રોમાંચક ક્લોઝિંગ સેરેમની સાથે પૂર્ણાહુતિ થઈ હતી અને ૨૦૩૦માં દોહામાં યોજાનારા આ રમતોત્સવ માટેની મશાલ કતારના ટોચના પ્રતિનિધિને સોંપવામાં આવી હતી. આ સમારોહમાં જાપાની સ્ટાઈલના નૃત્ય તેમ જ દેશની પરંપરાની ઝાંખી હજારો પ્રેક્ષકો, કરોડો ટીવી-દર્શકોને કરવામાં આવી હતી. (પીટીઆઈ)

### મેડલ-ટેબલના ટૉપ-ફાઈવ

(૧) ચીનઃ ૧૬૯ ગોલ્ડ, ૮૯ સિલ્વર, ૮૩ બ્રૉન્ઝ...કુલ ૩૪૧
(૨) જાપાનઃ ૮૩ ગોલ્ડ, ૯૫ સિલ્વર, ૯૧ બ્રૉન્ઝ...કુલ ૨૬૯
(૩) સાઉથ કોરિયાઃ ૩૯ ગોલ્ડ, ૪૩ સિલ્વર, ૬૮ બ્રૉન્ઝ...કુલ ૧૫૦
(૪) ભારતઃ ૨૧ ગોલ્ડ, ૨૭ સિલ્વર, ૩૭ બ્રૉન્ઝ...કુલ ૮૫
(૫) ઉઝબેકિસ્તાનઃ ૨૧ ગોલ્ડ, ૨૫ સિલ્વર, ૨૪ બ્રૉન્ઝ...કુલ ૭૦

# એશિયન ગેમ્સમાં ભારત-પાકિસ્તાન વચ્ચેની ક્રિકેટ અને હૉકી મૅચને લીધે વ્યૂઅરશિપના રેકૉર્ડ તૂટ્યા

નાગોયાઃ રવિવારે પૂરી થયેલી ૨૦મી રોમાંચક એશિયન ગેમ્સમાં ભારત માટે ચંદ્રકો જીતવાની દૃષ્ટિએ છેલ્લા પાંચ દિવસ અત્યંત મહત્ત્વના બન્યા અને સમગ્ર રમતોત્સવની વાત કરીએ તો અંતિમ બે-ત્રણ દિવસ ખૂબ લાભદાયી બન્યા, કારણકે એમાં ટીવી વ્યૂઅરશિપના રેકૉર્ડ તૂટ્યા હતા.

ઑલિમ્પિક કાઉન્સિલ ઑફ એશિયા (ઓસીએ)ની સંકલન સમિતિના અધ્યક્ષે રવિવારની ક્લોઝિંગ સેરેમની બાદ ખુલાસો કર્યો હતો કે રમતોત્સવ દરમ્યાન ભારત અને પાકિસ્તાન વચ્ચે જે બે મુકાબલા થયા એને કારણે વ્યૂઅરશિપના વિક્રમો તૂટ્યા હતા. કાઉન્સિલની સમિતિના ચૅરમૅન તૈયબ ઇકરામે કહ્યું, 'ભારત-પાકિસ્તાન વચ્ચેની ટી-૨૦ ક્રિકેટ ફાઇનલ અને ભારત-પાકિસ્તાન વચ્ચેની મેન્સ હૉકી સેમિ ફાઇનલને એટલી બધી વ્યૂઅરશિપ મળી કે એશિયન ગેમ્સનો રેકૉર્ડ જ તૂટી ગયો.'

ભારતે આ બન્ને મૅચ જીતી લીધી હતી. ક્રિકેટની ફાઇનલમાં ભારતનો ૧૯ રનથી વિજય થયો હતો, જ્યારે હૉકીની સેમિ ફાઇનલ ભારતે ૪-૩થી જીતી લીધી હતી. ■

### ૫૦ વર્લ્ડ રેકૉર્ડ સહિત ૩૫૦ વિક્રમ તૂટ્યા

જાપાનમાં નાગોયા, નિશીન અને બીજા શહેરોમાં આયોજિત ૨૦મી એશિયન ગેમ્સમાં કુલ મળીને ૩૫૦થી પણ વધુ વિક્રમ તૂટી ગયા હતા. એમાંથી ૫૦થી પણ વધુ એવા આંકડા હતા જે નવા વર્લ્ડ રેકૉર્ડ બન્યા હતા. ભારતે તીરંદાજી, શૂટિંગ વગેરે કેટલીક રમતોમાં અમુક ખાસ વર્ગમાં પહેલી જ વખત એશિયન મેડલ મેળવ્યો હતો.

### મોટી સિદ્ધિઓ માટે પ્રેરણા મળશેઃ મોદી

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગઈ કાલે કુલ ૮૫ ચંદ્રક જીતનાર ભારતીય ઍથ્લીટો અને ખેલાડીઓને અભિનંદન આપ્યા હતા અને સોશ્યલ મીડિયા મારફત જણાવ્યું હતું કે 'તમે જે વિપરીત સ્થિતિમાં ચંદ્રકો જીત્યા છે એ ભવિષ્યમાં તમને અને ભાવિ પેઢીને વધુ મોટી સિદ્ધિઓ મેળવવા માટે પ્રેરણારૂપ બનશે.' ■

# પાકિસ્તાનને ધૂળ ચટાવ્યા પછી સૅમસને કહ્યું, 'અમને ગોલ્ડ મેડલ કંઈ તાસક પર ભેટ નથી મળ્યો'

નિશીનઃ એશિયન ગેમ્સની ટી-૨૦ ટૂર્નામેન્ટ માટે ભારતે શ્રેયસ ઐયરના સુકાનમાં મજબૂત ટીમ જાપાન મોકલી હતી, જ્યારે પાકિસ્તાન ક્રિકેટ બૉર્ડે પોતાના દેશમાં ક્રિકેટ સંબંધમાં ચાલતા રાજકારણ અને ખરાબ વ્યવહારને પગલે બાબર આઝમ, મોહમ્મદ રિઝવાન વગેરે મુખ્ય ખેલાડીઓ વિનાની ટીમ મોકલી હતી અને છેવટે તેમણે શનિવારે ફાઇનલમાં ભારત સામે પરાસ્ત થવું પડ્યું ત્યાર બાદ સોશ્યલ મીડિયામાં ભારતીય ટીમ વિશે થતી ટકોરનો વિકેટકીપર-બૅટ્સમૅન સંજુ સૅમસને વળતો જવાબ આપ્યો છે. સમાચાર સંસ્થા પીટીઆઇના અહેવાલ અનુસાર સૅમસને નિવેદનમાં જણાવ્યું છે, 'અમારી પાસે ખૂબ અનુભવી ટીમ હતી. અનુભવી ખેલાડીઓનો અનુભવ જ કામ આવતો હોય છે. પોતાની ઊર્જાને કેવી રીતે સંભાળવી એ અમે બહુ સારી રીતે જાણતા હતા. અમને સુવર્ણચંદ્રક કંઈ તાસક પર ભેટ નથી મળ્યો. એ માટે અમે ખૂબ મહેનત કરી છે જેને લીધે અમે શાનદાર જીત મેળવી શક્યા અને એ હાંસલ કરીને અમે બધા ખૂબ ખુશ છીએ. અમે મુખ્ય ટીમને આ ટૂર્નામેન્ટમાં લાવ્યા એનો અમને ઘણો ફાયદો થયો. પાકિસ્તાન સામેની ફાઇનલમાં અમને અમારી ટીમનો પ્રભાવ જોવા મળ્યો અને ફાઇનલનો અંત રોમાંચક રહ્યો.' ■

## સેહવાગનો દીકરો કૅપ્ટન

નવી દિલ્હીઃ ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ વિસ્ફોટક બૅટ્સમૅન વીરેન્દર સેહવાગના ૧૮ વર્ષીય પુત્ર આર્યવીર સેહવાગને ડોમેસ્ટિક ક્રિકેટમાં મોટી જવાબદારી સોંપવામાં આવી છે. દિલ્હી ઍન્ડ ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ અસોસિયેશન (ડીડીસીએ)એ આર્યવીરને આગામી વિનુ માંકડ ટ્રૉફી માટે દિલ્હીની મેન્સ અન્ડર-૧૯ ટીમનો કૅપ્ટન બનાવ્યો છે. ■

## મુકેશ-આકાશની નવ વિકેટ, રેસ્ટ ઑફ ઇન્ડિયાનો વિજય

શ્રીનગરઃ અહીં ઇરાની કપમાં રિષભ પંતના સુકાનમાં રેસ્ટ ઑફ ઇન્ડિયાએ ભારતના બે પેસ બોલર મુકેશ કુમાર (૩૩ રનમાં છ) અને આકાશ દીપ (પચીસ રનમાં ત્રણ)ની કુલ મળીને નવ વિકેટની મદદથી રણજી ચૅમ્પિયન જમ્મુ-કાશ્મીરની ટીમને ચોથા દિવસે ૧૬૭ રનથી હરાવીને ટ્રૉફી જીતી લીધી હતી. પારસ ડોગરાની ટીમ ૨૭૯ રનના લક્ષ્યાંક સામે ૧૧૧ રનમાં ઑલઆઉટ થઈ હતી.■

## યુદ્ધને લીધે એફ-વન રેસ બાહરીનને બદલે મલેશિયામાં, વરસાદના વિઘ્નો વચ્ચે વર્સ્ટૅપ્પન વિજયી



સેપાન્ગ (મલયેશિયા)ઃ રવિવારે 'ફૉર્મ્યુલા-વનની બાહરીન ગ્રાં પ્રિ' નામની જે કાર-રેસ બાહરીનમાં યોજાવાની હતી એ અમેરિકા અને ઇઝરાયલના ઇરાન સાથેના યુદ્ધને કારણે છેલ્લી ઘડીએ મલયેશિયાના સેપાન્ગમાં રાખવામાં આવી હતી અને એ રેસ નેધરલૅન્ડ્સ અને બેલ્જિયમનું નાગરિકત્વ ધરાવતા મૅક્સ વર્સ્ટૅપ્પને વરસાદનાં વિઘ્નો વચ્ચે ભારે સંઘર્ષ અને સ્પર્ધા બાદ જીતી લીધી હતી.

રેડ બુલની ટીમના રેસિંગ ડ્રાઇવર વર્સ્ટૅપ્પને વરસાદ ઉપરાંત સૉફ્ટવેરને લગતી સમસ્યાને કારણે ૯૦ મિનિટ મોડી શરૂ થયેલી આ રેસ એક કલાક, ૪૭ મિનિટ અને ૧૪.૮૦૮ સેકન્ડમાં જીતી લીધી હતી. તેની સાથે તીવ્ર હરીફાઈ કરી રહેલો મર્સિડીઝ ટીમનો જ્યૉર્જ રસેલ પાવર યુનિટની સમસ્યાને કારણે અધવચ્ચે જ રેસની બહાર થઈ ગયો હતો. છેવટે ચાર વખત ચૅમ્પિયન બનેલો વર્સ્ટૅપ્પન ૨૦૨૬ની વર્તમાન સીઝનમાં પહેલી વખત રેસ જીત્યો હતો. ઇટલીના ઍન્ટોનેલીએ એ જ રેસ પૂરી કરવા માટે વધુ ૨.૩૦૭ સેકન્ડનો સમય લીધો હતો. ફેરારી-ટીમનો બ્રિટિશ રેસિંગ-ડ્રાઇવર લુઇસ હૅમિલ્ટન રેસને અંતે વર્સ્ટૅપ્પન કરતાં વધુ ૪.૯૧૯ સેકન્ડમાં રેસ પૂરી કરી એટલે ત્રીજા સ્થાને રહ્યો હતો.

### ૨૦૧૬થી દર વર્ષે એક કે વધુ રેસ જીત્યો

વર્સ્ટૅપ્પન ૨૦૧૬થી માંડીને ૨૦૨૬ સુધીમાં દર વર્ષે એક કે એક કરતાં વધુ રેસ જીત્યો છેઃ ૨૦૧૬માં એક, ૨૦૧૭માં બે, ૨૦૧૮માં બે, ૨૦૧૯માં ત્રણ, ૨૦૨૦માં બે, ૨૦૨૧માં ૧૦, ૨૦૨૨માં ૧૫, ૨૦૨૩માં ૧૯, ૨૦૨૪માં નવ, ૨૦૨૫માં આઠ અને ૨૦૨૬માં સાત. ■

# ભારત-વેસ્ટ ઈન્ડિઝ સિરીઝની રેકૉર્ડ બુકઃ ત્રણ વન-ડેમાં ૧૦ સેન્ચુરી અને ૨,૧૦૯ રનનો ઢગલો!

ન્યૂ ચંડીગઢઃ શનિવારે અહીં મુલ્લાંપુરમાં ત્રીજી અને છેલ્લી વન-ડે સાથે પૂરી થયેલી સિરીઝ ભારતે ૨-૧થી જીતી લીધી અને વેસ્ટ ઈન્ડિઝે અંતિમ મૅચ જીતીને વાઈટવૉશ ન થવા દીધો એટલે બંને ટીમ પોતપોતાની રીતે સંતુષ્ટ છે, જ્યારે બીજી બાજુ ક્રિકેટપ્રેમીઓને રસ પડે એવા કેટલાક આંકડા પણ બહાર આવ્યા છે.

આ સિરીઝમાં કુલ ૧૦ વ્યક્તિગત સદી ફટકારવામાં આવી જે સિરીઝની રેકોર્ડ બુકમાં સેકન્ડ હાઈએસ્ટ છે.

આ ટૂંકી સિરીઝની છ ઇનિંગ્સમાં કુલ મળીને ૨,૧૦૯ રન બન્યા હતા. ત્રણ વન-ડેની શ્રેણીનો આ વિશ્વવિક્રમ છે. ૨૦૧૭માં ભારત-ઇંગ્લૅન્ડ વચ્ચેની વન-ડે સિરીઝમાં કુલ ૨,૦૯૦ રન બન્યા હતા અને એ વર્લ્ડ રેકૉર્ડ હવે તૂટી ગયો છે. ભારત-વેસ્ટ ઈન્ડિઝ વચ્ચેની સિરીઝની ત્રણ મૅચના સ્કોર આ મુજબ હતા (૧) વેસ્ટ ઈન્ડિઝ ૭/૨૯૫ અને ભારત ૨/૩૦૦ (૨) વેસ્ટ ઈન્ડિઝ ૭/૪૦૫ અને ભારત ૨/૪૦૬ (૩) ભારત ૭/૩૫૧ અને વેસ્ટ ઈન્ડિઝ ૫/૩૫૨. ભારતે આ આખી સિરીઝમાં કુલ ૧,૦૫૭ રન બનાવ્યા હતા જે ત્રણ મૅચની શ્રેણીમાં વિશ્વવિક્રમ છે. ૨૦૧૭ની શ્રેણીમાં ઇંગ્લૅન્ડે ૧,૦૫૪ રનનો જે રેકૉર્ડ સ્થાપિત કર્યો હતો એ ભારતે ત્રણ રનથી તોડી નાખ્યો છે.

વેસ્ટ ઈન્ડિઝના કેપ્ટન શાઈ હોપે શનિવારે ભારત સામેની છેલ્લી વન-ડેમાં બનાવેલા અણનમ ૧૬૨ રન એક વન-ડેમાં વિકેટકીપર-કેપ્ટને બનાવેલા રનની રેકૉર્ડ બુકમાં હવે હાઈએસ્ટ છે. તેણે સાઉથ આફ્રિકાના એબી ડીવિલિયર્સ (૨૦૧૫માં વેસ્ટ ઇન્ડીઝ સામે ૧૪૯ રન)નો વિશ્વવિક્રમ તોડી નાખ્યો છે. શાઈ હોપના અણનમ ૧૬૨ રન વેસ્ટ ઈન્ડિઝના કેપ્ટનોમાં સેકન્ડ હાઈએસ્ટ છે. સર વિવ રિચર્ડસે ૧૯૮૭ના વર્લ્ડ કપમાં શ્રીલંકા સામે ૧૮૧ રન બનાવ્યા હતા.

શાઈ હોપના અણનમ ૧૬૨ રન વેસ્ટ ઈન્ડિઝ વતી કોઈ એક બૅટ્સમૅને એક વન-ડેમાં બનાવેલા હાઈએસ્ટ રન છે. તેણે ડેસ્મન્ડ હેઈન્સ (અણનમ ૧૫૨ રન, ૧૯૮૯માં ભારત સામે)નો કૅરિબિયન રેકૉર્ડ તોડ્યો છે. ■

---



'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

વિરુદ્ધ શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| દાતા | નિરંકુશ |
| દાદાગીરી | યાચક |
| દાબ | ભાઈબાપા |
| દારિદ્ર | અમૃત |
| દારૂ | વૈભવ |

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | | ૫ | | ૬ |
| ૭ | | ■ | ૮ | | | ■ | | ■ | |
| | ■ | ■ | | ■ | ■ | ૯ | ■ | ૧૦ | |
| ■ | ૧૧ | ૧૨ | | ■ | ૧૩ | | ૧૪ | ■ | ■ |
| ■ | ■ | | ■ | ૧૫ | | ■ | ૧૬ | | |
| ૧૭ | | | ■ | ૧૮ | | ■ | | ■ | ■ |
| ■ | ■ | ૧૯ | ૨૦ | | ■ | ૨૧ | | | ■ |
| ૨૨ | | ■ | | ■ | ■ | | ■ | ■ | ૨૩ |
| | ■ | | ■ | ૨૪ | | | ■ | ૨૫ | |
| ૨૬ | | | | | ■ | ૨૭ | | | |

**આડી ચાવી**

૧. ગણપતિ (૪)
૪. ગુણગાન, સ્તુતિ (૫)
૭. તીર્થ, દેવસ્થાન (૨)
૮. મૂળ થાપણ (૩)
૧૦. મહાદેવ (૨)
૧૧. સાથ, સંગાથ (૩)
૧૩. લવણ, મીઠું (૩)
૧૫. પાર્વતીના પિતા (૨)
૧૬. બેનનો દીકરો (૩)
૧૭. જીદ્દ, દુરાગ્રહ (૩)
૧૮. ફક્ત (૨)
૧૯. કૃપાળુ, પરમેશ્વર (૩)
૨૧. મગદૂર (૩)
૨૨. રસ્તો, માર્ગ (૨)
૨૪. પ્રિયા (૩)
૨૫. પાણી, જળ (૨)
૨૬. સત્ય (૪)
૨૭. ધૂળનો કણ (૪)

**ઊભી ચાવી**

૧. પ્રારબ્ધની અધિષ્ઠાત્રી દેવી (૩)
૨. --- તેનો નાશ છે (૨)
૩. અશુભ સમય (૪)
૪. ફૂલ (૨)
૫. સ્તુતિ (૨)
૬. ગરીબ, રંક (૩)
૯. આકાશ (૨)
૧૨. લોખંડનો પોષાક, કવચ (૪)
૧૩. કૃતિકા, રોહિણી, મૃગશીર્ષ વગેરે --- છે (૩)
૧૪. કર્કશા પત્ની (૪)
૧૫. દબદબો, ભપકો (૩)
૨૦. --- મુખ સે ના કહે લાખ ટકા મેરો મોલ (૨)
૨૧. ભમરો (૪)
૨૨. દરકાર, કાળજી (૩)
૨૩. --- રુકે ત્યાં કાશી (૩)
૨૪. મા (૨)
૨૫. પાણી જવાનો રસ્તો (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ખુ | ૨ શ | ન | ૩ સી | બ | ■ | ૪ અ | ૫ ખ | ત | ૬ રો |
| ૭ લા | મા | ■ | સ | ■ | ૮ આ | મ | ટ | ■ | ચ |
| સો | ■ | ૯ અ | મ | ૧૦ લ | ■ | ■ | ૧૧ પ | દ | ક |
| ■ | ૧૨ સુ | ■ | ■ | ૧૩ વા | ટા | ૧૪ ઘા | ટ | ■ | ■ |
| ■ | ગં | ■ | ૧૫ મુ | દ | ■ | ય | ■ | ૧૬ મુ | ઠ્ઠી |
| ૧૭ નોં | ધ | ■ | મુ | ■ | ૧૮ વા | લ | ■ | દ | ■ |
| ■ | ■ | ૧૯ ઈ | ક્ષુ | ર | સ | ■ | ■ | ત | ■ |
| ૨૦ સુ | મ | તિ | ■ | ■ | ૨૧ ર | ૨૨ મ | ણ | ■ | ૨૩ હ |
| રં | ■ | ૨૪ હા | ૨૫ જ | ર | ■ | ક્કા | ■ | ૨૬ દ | રી |
| ૨૭ ગ | પ | સ | પ | ■ | ૨૮ બ | ર | ત | ર | ફ |

### માતૃભાષાની મહેક

સ ગુજરાતી ભાષાનો ૪૩મો મૂળાક્ષર વ્યંજન અને દંતસ્થાની અક્ષર છે. દંતસ્થાની હોવાથી તેની પૂર્વે આવેલ અનુનાસિક ન્ જેવો બોલાય છે. જેમકે, સંસર્ગ. લહીઆઓ પુસ્તક લખતાં લખતાં સહેજ ઊઠવું હોય અથવા લખવાનું તે દિવસ માટે કે અમુક વખત માટે બંધ કરવું હોય તો આ અક્ષર ઉપર અટકતા નથી. કારણ કે તેઓ માને છે કે સ સંદેહ ધરે.

### ગુજરાત મોરી મોરી રે

સોલંકી કાળ દરમિયાન બનેલું અને જળ વ્યવસ્થાનું સુંદર ઉદાહરણ ગણાતું સહસ્રલિંગ તળાવ કઈ જગ્યાએ છે એ જાણો છો ?

અ) પાટણ
બ) પાલનપુર
ક) ડાકોર
ડ) વલ્લભીપુર

### ઈર્શાદ

સમૂહમાં શબ્દ છે, શબ્દ છે એકલો,
શબ્દ છે સૌમ્ય ને શબ્દ વિકરાળ છે.

– જગદીશ જોશી

### ઓળખાણ પડી?



દર્શન ને નદી સ્નાનથી મોક્ષ પ્રાપ્ત થાય છે તેવી માન્યતા ધરાવતું કાશી વિશ્વનાથ મંદિર કયા શહેરમાં છે એની ઓળખાણ પડી?

અ) ગ્વાલિયર બ) ગોરખપુર ક) પ્રયાગરાજ ડ) વારાણસી

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'છે હજી ગ્રીષ્મની ઘણી અસર' પંક્તિમાં ગ્રીષ્મનો અર્થ શું થાય એ જણાવો.

અ) ગર્વ બ) ગરમી ક) સભાનતા ડ) મોજ

### માઈન્ડ ગેમ

સમગ્ર ભારતમાં ઘણા તહેવારો દરમિયાન ખાસ કરીને નવરાત્રીમાં કરાય છે એ હિન્દુ ધર્મના પ્રસિદ્ધ યજ્ઞનું નામ ખબર છે?

અ) વૈદિક યજ્ઞ બ) મહારુદ્ર યજ્ઞ ક) શતચંડી યજ્ઞ ડ) લક્ષચંડી યજ્ઞ

### સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ૭ | | |
| ૪ | ૩ | | | ૫ | ૧ | | | |
| ૮ | | | ૪ | ૭ | | | | ૯ |
| | ૫ | | | | ૪ | | | ૭ |
| ૬ | | | | | | | | ૮ |
| ૩ | | | ૮ | | | | ૪ | |
| ૭ | | | | ૮ | ૨ | | | ૧ |
| | | | ૧ | ૩ | | | ૯ | ૬ |
| | | ૧ | | | | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૬ | ૫ | ૯ | ૨ | ૪ | ૩ | ૮ | ૧ |
| ૩ | ૮ | ૪ | ૧ | ૭ | ૫ | ૨ | ૯ | ૬ |
| ૯ | ૨ | ૧ | ૩ | ૮ | ૬ | ૫ | ૭ | ૪ |
| ૪ | ૧ | ૭ | ૮ | ૫ | ૨ | ૬ | ૩ | ૯ |
| ૨ | ૩ | ૮ | ૬ | ૪ | ૯ | ૭ | ૧ | ૫ |
| ૫ | ૯ | ૬ | ૭ | ૧ | ૩ | ૮ | ૪ | ૨ |
| ૬ | ૪ | ૩ | ૨ | ૯ | ૮ | ૧ | ૫ | ૭ |
| ૧ | ૫ | ૨ | ૪ | ૩ | ૭ | ૯ | ૬ | ૮ |
| ૮ | ૭ | ૯ | ૫ | ૬ | ૧ | ૪ | ૨ | ૩ |

### ગયા સોમવારના જવાબ

| A | B |
|---|---|
| દાબ | નિરંકુશ |
| દારિદ્રય | વૈભવ |
| દાસ | શેઠ |
| દાહક | શામક |
| દાઝીલું | અદ્વેષી |

**ગુજરાત મોરી મોરી રેઃ** ડભોઈ

**ઓળખાણ પડી?** પટના

**માઈન્ડ ગેમ :** ભાદરવો

**ચતુર આપો જવાબ અર્થ જણાવોઃ** માથું

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) ડૉ. પ્રકાશ કટકિયા (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) ભરત કજરિયા (૬) ધીરેન્દ્ર મુલરાજ (૭) પ્રતિમા પમાણી (૮) ભારતી બુચ (૯) ખુશરૂ કાપડિયા (૧૦) શ્રદ્ધા આશર (૧૧) જયવંત પદમશી ચિખલ (૧૨) જ્યોતી ખાંડવાલા (૧૩) લજિતા ખોના (૧૪) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૧૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૬) મહેશ એન. સંઘવી (૧૭) નેહુલ એમ. સંઘવી (૧૮) મીનળ કાપડિયા (૧૯) ભાવના કર્વે (૨૦) નિખિલ બંગાળી (૨૧) અમીશી બંગાળી (૨૨) નંદુભાઈ અ. ગોઠી (૨૩) મધુલતા ચંદ્રશેખર માંકડ (૨૪) ડાયના સંતોકે (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) ગિરીશ બાબુબાઈ મિસ્ત્રી (૨૭) અરવિંદ કામદાર (૨૮) નિતીન જયંતીલાલ બજરિયા (૨૯) જ્યોત્સના ગાંધી (૩૦) હિનાબેન દલાલ (૩૧) ઈનાક્ષીબેન દલાલ (૩૨) રમેશભાઈ દલાલ (૩૩) સુભાષ મોમાયા (૩૪) નીતા દલાલ (૩૫) પુષ્પા પટેલ (૩૬) તાહેર ઔરંગાબાદવાલા (૩૭) શીરીન ઔરંગાબાદવાલા (૩૮) મહેશ દોશી (૩૯) નયના ગિરીશ મિસ્ત્રી (૪૦) વીણા સંપટ (૪૧) મનીષા શેઠ (૪૨) ફાલ્ગુની શેઠ

# શૅરબજારની નજર આરબીઆઈ પર રહેશે, જોકે, દિશાનો આધાર ક્રૂડ ઓઈલના ભાવની ભરતી-ઓટ નક્કી કરશે

**ફોરકાસ્ટ**

**નિલેશ વાઘેલા**

મુંબઇઃ ભારતીય શેરબજારો માટે સમીક્ષા હેઠળનું પાછલસું સપ્તાહ ખૂબ જ જટીલ અને નિરાશાજનક સંકેત આપનારું નિવડ્યું હતું. આંતરરાષ્ટ્રીય સ્તરની વિપરીત પરિસ્થિતિ અને પરિબળોને કારણે બંને મુખ્ય બેન્ચમાર્ક મુખ્ય મનોવૈજ્ઞાનિક સ્તરથી નીચે સરકી ગયા હતા. વૈશ્વિક સ્થિતિ એવી વણસી છે કે, બજાર પર જીએસટી કે જીડીપી કે પીએમઆઇના પ્રોત્સાહક આંકડાની કોઇ અસર જોવા મળી નહોતી અને એફઆઇઆઇની વેચવાલી એવી વધી છે કે સ્થાનિક સંસ્થાઓની લેવાલીનો ટેકો પણ ટૂંકો પડ્યો હતો.

એકંદરે વિદેશી રોકાણકારોની વેચવાલી, રૂપિયામાં નબળાઈ, ક્રૂડ ઓઈલના ઊંચા ભાવ અને ગ્લોબલ બોન્ડ યીલ્ડમાં વધારાને કારણે ભારતીય શેરબજારમાં નકારાત્મક માહોલ સર્જાયો હતો, જેના પરિણામે બજાર સતત આઠમા સપ્તાહે ઘટાડા સાથે બંધ થયું હતું. ગયા સપ્તાહે સેન્સેક્સમાં ૧,૯૮૬.૦૪ પોઈન્ટ (અથવા ૨.૬૮ ટકા) અને નિફ્ટીમાં ૭૧૮.૫૫ પોઈન્ટ (અથવા ૩.૧૦ ટકા)નો કડાકો નોંધાયો હતો. સપ્ટેમ્બર મહિના દરમિયાન, બીએસઇ બેન્ચમાર્ક સૂચકાંકમાં ૪,૪૭૬.૯૮ પોઈન્ટ (અથવા ૫.૮૧ ટકા) અને નિફ્ટીમાં ૧,૪૫૯.૯૫ પોઈન્ટ (અથવા ૬ ટકા)નો કડાકો થયો હતો.

હાલ તો સંકેત સારા નથી જણાતાં પરંતુ વિશ્લેષકોના જણાવ્યા અનુસાર, આ અઠવાડિયે શેરબજારની ચાલ નક્કી કરવામાં રિઝર્વ બેન્કનો વ્યાજ દર અંગેનો નિર્ણય, ટીસીએસની કમાણી, ક્રૂડ ઓઈલના ભાવ અને ગ્લોબલ બોન્ડ યીલ્ડ મહત્વના પરિબળો બની રહેશે. તેમણે ઉમેર્યું હતું કે, સમગ્ર અર્થતંત્રને લગતા આંકડાઓની જાહેરાત અને વિદેશી રોકાણકારોની ટ્રેડિંગ પ્રવૃત્તિ પણ બજારના વલણને દિશા આપશે. પાછલા સપ્તાહના વિશ્લેષણમાં જીઓજિત ઇન્વેસ્ટમેન્ટના રિસર્ચ હેડ વિનોદ નાયર જણાવે છે કે, ક્રૂડ ઓઇલના ભાવમાં વધારો થવા સાથે, યુએસ ટ્રેઝરી યીલ્ડ બે દાયકાના ઉચ્ચતમ સ્તરની નજીક પહોંચી ગઈ, ફેડરલના વધુ કડક વલણની અપેક્ષાઓ, યુએસ ટ્રેઝરી યીલ્ડ વધવા અને રૂપિયો વધુ નબળો પાડવાની ધારણાંએ બજારના સેન્ટિમેન્ટને ફટકો માર્યો હતો.

એફઆઇઆઇએ અઠવાડિયા દરમિયાન વેચાણ વધાર્યું, જ્યારે સ્થિર ડીઆઇઆઇની ખરીદીએ મોટાભાગનો આઉટફ્લો શોષી ટેકો આપ્યો, પરંતુ તેનાથી બજારની પડતી અટકી નહીં. નોંધવું રહ્યું કે, ક્રૂડ ઓઇલના ઊંચા ભાવ અને બોન્ડ યીલ્ડના દબાણને કારણે સપ્ટેમ્બરમાં એફપીઆઇએ ભારતીય ઇક્વિટીમાંથી રૂ. ૩૬,૦૦૦ કરોડ પાછા ખેંચી લીધા છે. સીડીએસએલના ડેટા અનુસાર, સપ્ટેમ્બરમાં વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (એફપીઆઇ) ફરીથી નેટ સેલર્સ બન્યા અને રૂ. ૩૫,૮૬૦ કરોડના શેર વેચી નાંખ્યા. આ વેચાણ અગાઉ જુલાઈમાં એફપીઆઇ દ્વારા રૂ. ૨૦,૨૦૦ કરોડ અને ઓગસ્ટમાં રૂ. ૨૯,૬૩૧ કરોડનું રોકાણ કરવામાં આવ્યું હતું. સપ્ટેમ્બરના આ આઉટફ્લો સાથે, ૨૦૨૬માં ભારતીય ઇક્વિટીમાંથી વિદેશી ફંડો દ્વારા પાછી ખેંચાયેલી કુલ રકમ રૂ. ૨.૬૯ લાખ કરોડ સુધી પહોંચી ગઈ છે, જે સમગ્ર ૨૦૨૫ દરમિયાન નોંધાયેલા રૂ. ૧.૬૬ લાખ કરોડના આઉટફ્લો કરતાં પણ વધુ છે.

વ્યાપક બજારો ફ્રન્ટલાઇન બેન્ચમાર્ક સાથે ગબડ્યા, જ્યારે આઇપીઓની વણઝારને કારણે લિસ્ટેડ ઇક્વિટીમાંથી તરલતા દૂર થઈ ગઈ. સેક્ટરલ નબળાઈ વ્યાજદર અને કોમોડિટી સેન્સિટિવ સેગમેન્ટમાં કેન્દ્રિત હતી, જેમાં કન્ઝ્યુમર ડ્યુરેબલ ગુડ્સ, પીએસયુ બેંકો, રિયલ્ટી અને મેટલ્સ સ્ટોક્સ દબાણ હેઠળ હતા, જ્યારે નબળા જથ્થાબંધ વેચાણ ડેટાને કારણે ઓટો શેરોમાં તીવ્ર વેચવાલી જોવા મળી હતી. એકમાત્ર આઇટી સેક્ટરના શેરોમાં સુધારો હતો, કારણ કે તેને રૂપિયાના અવમૂલ્યનથી ફાયદો થઇ રહ્યો હતો. આગળ જોતાં, રિઝર્વ બેન્કની નીતિ નિર્ણય મુખ્ય સ્થાનિક ટ્રિગર હશે, જેમાં રૂપિયાને ટેકો આપવા અને આયાતી ફુગાવાને રોકવા માટે દબાણ હશે, જે દર વધારાની અપેક્ષાઓને મજબૂત બનાવે છે. આ નીતિ સાતમી ઓક્ટોબરે જાહેર થશે. દરમિયાન, ભારતના પીએમઆઇ ડેટા પરથી, સ્થાનિક પ્રવૃત્તિ વૈશ્વિક અવરોધો સામે કેટલી સક્ષમ છે તેનો ખ્યાલ આપે છે, જ્યારે યુએસ પેરોલ, પીએમઆઇ ડેટા અને એફઓએમસી મિનિટ્સ ફેડરલની અપેક્ષાઓ અને ગ્લોબલ યિલ્ડ ની દિશાને આકાર આપશે.

કોર્પોરેટ ક્ષેત્રે બીજા ક્વાર્ટરની કમાણી પ્રથમ ક્વાર્ટર કરતા નરમ રહેવાની અપેક્ષા સાથે, સેન્ટિમેન્ટ નાજુક રહેવાની શક્યતા છે. પશ્ચિમ એશિયામાં અર્થપૂર્ણ ઘટાડો તીવ્ર રાહત રેલીને ઉત્તેજિત કરી શકે છે. ત્યાં સુધી, રોકાણકારોએ પસંદગીયુક્ત રહેવું જોઈએ, કમાણીની દૃશ્યતા અને બેલેન્સ શીટ મજબૂતાઈની તરફેણ કરવી જોઈએ. આ સપ્તાહે ટીસીએસ અને ડી માર્ટ સહિતની કંપનીઓ પરિણામ જાહેર કરશે. શેરબજારના સેન્ટિમેન્ટને અસર કરી શકે એવા ડેટાના મોરચે, સપ્ટેમ્બર મહિના માટે ભારતના અંતિમ એચએસબીસી સર્વિસીસ પીએમઆઇ અને કમ્પોઝિટ પીએમઆઇના આંકડા છઠ્ઠી ઓક્ટોબરે જાહેર થવાના છે. ટીસીએસ તેના સપ્ટેમ્બર ક્વાર્ટરના પરિણામો આઠમી ઓક્ટોબરે જાહેર કરશે. આરબીઆઇના નીતિ નિર્ણય સાતમી ઓક્ટોબરે જાહેર થશે.

અત્યારે ભારત માટે ક્રૂડ ઓઈલ એ સૌથી તાત્કાલિક મેક્રો-ઇકોનોમિક ચિંતાનો વિષય છે. બ્રેન્ટ ક્રૂડનો ભાવ પ્રતિ બેરલ ૧૦૦ ડોલરથી ઉપર રહેવાથી ભારતીય અર્થતંત્રની બાહ્ય સંતુલન સ્થિતિ અને ફુગાવાના દૃષ્ટિકોણ પર દબાણ વધી રહ્યું છે. એકધારી ભૌગોલિક-રાજકીય અનિશ્ચિતતાને કારણે ઇંધણના ભાવમાં રિસ્ક પ્રીમિયમ ઊંચું રહેવાનું જોખમ છે. આ ઉપરાંત બોન્ડ યીલ્ડ, રોકાણકારોની જોખમ લેવાની વૃત્તિ નક્કી કરનાર અન્ય એક મહત્વપૂર્ણ પરિબળ બની રહેશે. ■

# પ્રાઈમરી માર્કેટને કારણે પ્રવાહિતા શોષાઇ રહી છે!

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ પ્રાઇમરી માર્કેટમાં સપ્ટેમ્બર મહિનામાં મેઇન બોર્ડમાં અંદાજે ૩૭થી વધુ જાહેર ભરણાં આવ્યા છે અને એસએમઇ આઇપીઓની આ આંકડામાં ગણતરી નથી. શેરબજારમાં મંદી રહેવા છતાં કેટલાક નવા શેર પ્રીમિયમ પર પણ લિસ્ટેડ થયા છે. એકંદરે સેકન્ડરી માર્કેટમાં ઢીલા વલણ છતાં પ્રાઇમરી માર્કેટમાં સારી એક્શન ચાલુ રહી છે. જોકે, બજારના વિશ્લેષકો માને છે કે, પ્રાઇમરી માર્કેટની વધુ સક્રિયતાને કારણે સેકન્ડરી માર્કેટની પ્રવાહિતા શોષાઇ રહી છે!

નવા લિસ્ટિંગમાં ગુરુવારે મની વ્યૂના શેર એનએસઇ પર ૬૨ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયા હતા, જ્યારે એ વન સ્ટીલના શેર એનએસઇ પર ૧૨ ટકા પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયા હતા. બુધવારે એડ્રોઇટ ઇન્ડસ્ટ્રીઝના શેર તેના ઇશ્યૂ ભાવ સામે ૮૬.૫ ટકાના જોરદાર પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયા હતા, જ્યારે સ્વસ્તિકા ઇન્ફ્રાના શેર આઠ ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટેડ થઇને ઉપલી સર્કિટને અથડાયા હતા. ઇલેવેટ કેમ્પસના શેર બે ટકા ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયા હતા. આર્મી ઇન્ફોટેકના શેર પણ બે ટકાના ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયા હતા. નવા આવનારા અન્ય ભરણાંમાં વિનિર એન્જિનિયરિંગ લિમિટેડે સેબી સમક્ષ આઇપીઓ લાવવા માટે ડીઆરએચપી દસ્તાવેજ જમા કરાવ્યા છે. નાણાં ભંડોળનો ઉપયોગ એડવાન્સ્ડ ફોર્જિંગ અને મશીનિંગ પ્લાન્ટ અને મશીનરી, કાર્યકારી મૂડી જરૂરિયાત અને સામાન્ય કોર્પોરેટ હેતુ માટે થશે. શેર એનએસઇ, બીએસઇ પર લિસ્ટેડ થશે.

એ જ રીતે, ઇલેક્ટ્રિકલ ઉત્પાદનો બનાવતી કંપની બાયોકોન ઇલેક્ટ્રિક લિમિટેડે ૫૯ લાખ ઇક્વિટી શેરના આઇપીઓ માટે સેબી સામે ડીઆરએચપી જમા કરાવ્યા છે. શેર બીએસઇ, એનએસઇ પર લિસ્ટેડ થશે. નાણાં ભંડોળનો ઉપયોગ કંપનીની કાર્યકારી મૂડીની જરૂરિયાત અને સામાન્ય કોર્પોરેટ હેતુ માટે થશે. આ ઉપરાંત રોયલ ચેઇન લિમિટેડ, આઇનોસ કિલન એનર્જી, એવરબ્રાન્ડસ ઇન્ડિયા લિમિટેડ, જેબી એકોટેક્સ, ક્લાસટેક એન્જિનિયિરિંગ અને અનમોલ ઇન્ડસ્ટ્રીઝે આઇપીઓ માટે સેબી પાસે ડીઆરએચપી ફાઇલ કરાવ્યા છે. ■

# ઈરેડાના શૅર ₹ ૧૧૧ સુધી પટકાયા!

મુંબઈઃ જાહેર ક્ષેત્રની કંપની ઈન્ડિયન રિન્યુએબલ એનર્જી ડેવલપમેન્ટ એજન્સી (ઇરેડા)ના શેરમાં પાછલાં કેટલાક સમયથી ઘટાડો જોવા મળી રહ્યો છે; ૧૫ જુલાઈ ૨૦૨૪ના રોજ નોંધાયેલી રૂ. ૩૧૦ની સર્વકાલીન ઊંચી સપાટી સામે આ શેર ૬૦ ટકાથી વધુ ઘટ્યા છે. ગુરુવારે, પહેલી ઓક્ટોબરે, એનએસઇ પર આ શેર ૦.૬૧ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૧૧ પર બંધ થયો હતો. આ ભાવે, આ પીએસયુ શેર તેની સર્વકાલીન ઊંચી સપાટીથી ૬૪ ટકા નીચે છે. ચાલુ વર્ષે અત્યાર સુધીમાં આ સ્ટોક ૨૦ ટકા ઘટ્યો છે, જ્યારે પાછલા એક વર્ષમાં તેમાં ૨૮ ટકાનો ઘટાડો નોંધાયો છે. જાહેર ક્ષેત્રની કંપનીના આ સ્ટોકે આ વર્ષે ૧૬ સપ્ટેમ્બરે રૂ. ૧૦૭.૪૦ની બાવન સપ્તાહની નીચી સપાટી અને ગયા વર્ષે ૧૫ ઓક્ટોબરે રૂ. ૧૫૮.૭૦ની બાવન સપ્તાહની ઊંચી સપાટી સ્પર્શી હતી.

એ નોંધવું રહ્યું કે, ઇરેડાના શેરનું ભારતીય શેરબજારોમાં લિસ્ટિંગ ૨૯ નવેમ્બર ૨૦૨૩ના રોજ થયું હતું, રૂ. ૧૧૧ના વર્તમાન બજાર ભાવે, તે તેની રૂ. ૩૨ની ઈશ્યુ પ્રાઈસ (પ્રારંભિક કિંમત) કરતા ૨૪૭ ટકા ઉપર છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે કંપનીના વાર્ષિક અહેવાલ મુજબ, વર્ષ દરમિયાન તેનો કર પછીનો નફો વાર્ષિક ધોરણે ૧૦ ટકા વધીને રૂ. ૧,૮૭૩ કરોડ થયો છે. ■

# નવા કોચિંગ નિયમો સામે ૯૮,000 સંચાલકો એકજૂટ

મુંબઈઃ મહારાષ્ટ્રના નવા કોચિંગ નિયમોના વિરોધમાં ૧,૦૦૦થી વધુ ક્લાસ સંચાલકો મુંબઈમાં મહારાષ્ટ્ર ક્લાસ ઓનર્સ એસોસિએશન, (મકોઆ)ના સંકલ્પ અને સન્માન કાર્યક્રમમાં એક છત્ર હેઠળ એકત્ર થયા હતા. રાજ્યના નવ એસોસિએશન, જે ૯૮,૦૦૦ કોચિંગ સંચાલકોનું પ્રતિનિધિત્વ કરે છે અને લાખો વિદ્યાર્થીઓને શિક્ષણ આપે છે, હવે મુખ્ય પ્રધાન અને શિક્ષણ પ્રધાનને સંયુક્ત રજૂઆત કરશે. સંચાલકોનું કહેવું છે કે તેમને નિયમનનો વિરોધ નથી, પરંતુ પ્રસ્તાવિત નિયમોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રજિસ્ટ્રેશનની કડક શરતો નાના અને મધ્યમ ક્લાસ માટે અવ્યવહારૂ છે. તેઓ વિદ્યાર્થી-કેન્દ્રિત નિયમનનું સમર્થન કરે છે, પરંતુ નિયમોને અંતિમ સ્વરૂપ અપાય તે પહેલા હિતધારકો સાથે બેઠક અને સરળીકરણની માગ કરે છે, અન્યથા કાનૂની વિકલ્પો પર વિચાર કરાશે.

## ગુજરાત

# ચોમાસાની સત્તાવાર વિદાય, ગુજરાતમાં તાપમાનનો પારો ચડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારતીય હવામાન વિભાગ (આઈએમડી)એ જણાવ્યું હતું કે ગુજરાતમાંથી નૈઋત્યનું ચોમાસું સત્તાવાર રીતે વિદાય થઈ ગયું છે, જેની સાથે રાજ્યમાં ૨૦૨૬ની ચોમાસાની ઋતુએ વિદાય લીધી છે.

વર્ષ ૨૦૨૬ના ચોમાસાના અંતે ગુજરાતમાં ૮૯.૧૯% વરસાદ નોંધાયો છે, જેનું પ્રમાણ ૮૧૦.૬૪ મિમી. છે. ૧૧૪.૨૩ મિમી. વરસાદ મેળવનાર દક્ષિણ ગુજરાતને બાદ કરતાં, રાજ્યના અન્ય તમામ વિસ્તારોમાં વરસાદની અછત જોવા મળી છે. કચ્છમાં ૫૭.૬૦% વરસાદ નોંધાયો હતો, ત્યારબાદ ઉત્તર ગુજરાતમાં ૭૧.૦૪%, સૌરાષ્ટ્રમાં ૭૧.૪૩% અને પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૭૧.૦૪% વરસાદ થયો હતો.

ચોમાસું વિદાય લેવાની સાથે, હવે પછી થનારો કોઈપણ નવો વરસાદ સાયક્લોનિક સર્ક્યુલેશન અથવા બંગાળની ખાડીની અસરને કારણે કમોસમી વરસાદ તરીકે વરસે, તેવી શક્યતા છે, તેમ પણ નિષ્ણાતોએ જણાવ્યું હતું.

દરમિયાન ગુજરાતના મોટાભાગના શહેરોમાં ભાદરવા મહિનાનો તડકો પડવા માંડ્યો છે અને સવારે આઠેક વાગ્યાથી સાંજે છ વાગ્યા સુધી બહાર જવાનું મુશ્કેલ બની રહ્યું છે.

તાપમાનની વાત કરીએ તો રાજકોટમાં ૩૮.૭ ડિગ્રી, સુરેન્દ્રનગરમાં ૩૮.૧ ડિગ્રી, પોરબંદર અમદાવાદ, વડોદરા, અમરેલી, ભુજ જેવા શહેરોમાં મહત્તમ તાપમાન ૩૭ ડિગ્રી સુધી તાપમાન નોંધાયું હતું. પોરબંદરમાં ૩૭.૮ ડિગ્રી,અમરેલીમાં ૩૭.૩ ડિગ્રી, ભુજ અને વડોદરામાં ૩૭.૨ ડિગ્રી અને અમદાવાદમાં ૩૭ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ભાવનગર, વેરાવળ, ગાંધીનગર તેમ જ સુરતમાં પણ તાપમાનનો પારો ૩૬ ડિગ્રી સુધી નોંધાયો હતો. રાજ્યમાં હવે ગરમીનો જ માહોલ રહેશે અને આબોહવા સૂકી રહેશે, તેમ હવામાન ખાતાએ જણાવ્યું હતું. ■

# પ્રેમજાળમાં સુરતની શિક્ષિકાને ફસાવી પ્રેમીએ લાખોનું દેવું કર્યાની ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શિક્ષિત લોકો પણ ખોટી પ્રેમજાળમાં ફસાઈ પોતાનું નુકસાન કરી બેસે છે. આવો એક કેસ સુરત પોલીસ સ્ટેશનમાં નોંધાયો હતો જ્યારે ટ્યૂશન ટીચરે ઈન્સ્ટાગ્રામ દ્વારા મળેલા પ્રેમી દ્વારા વિશ્વાઘાત અને લાખો રૂપિયા લઈ લીધાની ફરિયાદ નોંધાવી હતી.

કેસની મળતી વિગતો અનુસાર ૨૬ વર્ષીય ટ્યૂશન ટીચરને ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ દ્વારા યોગેશ પ્રજાપતિ નામના પરિણીત પુરુષ સાથે પરિચય થયો હતો. શરૂઆતમાં સોશ્યલ મીડિયા દ્વારા વાતચીત કર્યા બાદ તેઓ એકબીજાને મળતા હતા. આ મુલાકાત પ્રેમમાં પરિણમી હતી અને તેમના વચ્ચે શારીરિક સંબંધો પણ બંધાયા હોવાની માહિતી મહિલાએ આપી હતી. મહિલાના કહેવા અનુસાર યોગેશે પ્રથમ પત્નીને છૂટાછેડા આપી ફરિયાદી સાથે લગ્ન કરવાની ખાતરી આપી હતી. આ દરમિયાન પ્રજાપતિએ મહિલા પાસેથી પૈસા અને ક્રેડિટ કાર્ડ લીધા હતા અને સતત ખરીદી કરી હતી. મહિલાએ આ માટે એકવાર લોન પણ લેવી પડી હતી.

પ્રજાપતિ લગ્ન માટે સતત બહાના બનાવતો હોવાનું જણાતા મહિલાએ જ્યારે ક્રેડિટ કાર્ડ પાછા માગ્યા ત્યારે પ્રજાપતિએ તે આપવાનો ઈનકાર કરી દીધો હતો અને મારી નાખવાની ધમકી આપી હતી. ■

# હવે વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન પોતે ચાલીને કોચિંગ ડેપો સુધી જઈ શકશે, સાબરમતી કોચિંગ ડેપોમાં રિટ્રેક્ટેબલ ઓએચઈ ઈન્સ્ટોલ થયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પશ્ચિમ રેલવેના ઇન્ટિગ્રેટેડ કોચિંગ ડેપો સાબરમતી (એસબીટી) ખાતે પ્રથમ વખત રિટ્રેક્ટેબલ ઓવરહેડ ઇક્વિપમેન્ટ (ઓએચઈ) સિસ્ટમ સ્થાપિત કરવામાં આવી છે. આ અત્યાધુનિક સિસ્ટમ રિટ્રેક્ટેબલ રિજિડ ઓવરહેડ કંડક્ટર સિસ્ટમ (પીઆરસીએસ) તરીકે ઓળખાય છે.

ડેપો પરિસરમાં કુલ ૬૨૦ મીટરની લંબાઈમાં આ આધુનિક વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવી છે. આ સિસ્ટમ મોટરચાલિત, પિટ-માઉન્ટેડ ઓવરહેડ કંડક્ટર વ્યવસ્થા છે, જેને ખાસ કરીને ઇલેક્ટ્રિફાઇડ રેલ કોચિંગ ડેપો, લોકો શેડ અને લોડિંગ સાઇડિંગ્સમાં ઉપયોગ માટે ડિઝાઇન કરવામાં આવી છે.

રિટ્રેક્ટેબલ ઓએચઈ ઇલેક્ટ્રિક લોકોમોટિવને ટ્રેક્શન પાવર આપે છે, તેમજ જરૂરિયાત મુજબ કંડક્ટર રેલને યાંત્રિક રૂપે હટાવવાની (રિટ્રેક્ટ)ની સુવિધા પણ આપે છે, જેથી જાળવણીના કામ દરમિયાન પૂરતું ઓવરહેડ ક્લિયરન્સ કરી શકાય.

આ નવી સુવિધાને કારણે ઓએચઈને ડી-એનર્જાઇઝ કરીને અને અલગ કર્યા બાદ કોચની છત પર સુરક્ષિત કામ કરી શકાય છે. યોગ્ય અર્થિંગની વ્યવસ્થાથી વીજળીના જોખમમાં ઘટાડો થાય છે. આકસ્મિક રીતે કરંટ લાગવાની સંભાવના ઘટે છે. હવે કોચને સીધા ઇલેક્ટ્રિક પાવરથી ચલાવી શકાય છે. ડેપોમાં ડીઝલ એન્જિનની જરૂરિયાત રહેશે નહીં. આથી ધુમાડો, પ્રદૂષણ અને અવાજમાં ઘટાડો થશે. સમયની બચત થાય છે અને કોચને સીધા મેન્ટેનન્સ લાઇન પર લઈ જઈ શકાય છે. આથી કોચની તૈયારી ઝડપથી થશે અને સંચાલન ઝડપી બનશે. જરૂરિયાત મુજબ ઓવરહેડ લાઇનને હટાવી શકાય છે. એકસાથે મેન્ટેનન્સ અને સ્ટેબલિંગનું કાર્ય શક્ય છે. ■

# ખેડા રેલવે સ્ટેશન પર ૨.૯૦ કિલો સોનાની લૂંટનો કેસ ગણતરીના કલાકોમાં ઉકેલાયો, ચાર પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ખેડા રેલવે સ્ટેશન પર બનેલી સનસનાટીભરી સોનાની લૂંટનો ભેદ અમદાવાદ ગ્રામ્ય પોલીસ અને રેલવે પોલીસે ગણતરીના કલાકોમાં ઉકેલી કાઢ્યો હતો. પોલીસે લૂંટમાં સંડોવાયેલા તમામ ચાર આરોપીને ઝડપી પાડી તેમની પાસેથી આશરે રૂ. ૪ કરોડની કિંમતનું ૨.૯૦ કિલો સોનું તેમજ ગુનામાં વપરાયેલી બે કાર જપ્ત કરી વધુ તપાસ શરૂ કરી છે. નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ સમગ્ર ટીમને સફળ ઓપરેશન બદલ અભિનંદન પાઠવ્યા હતા.

રાજ્ય સરકારે આ ઘટના અંગે માહિતી આપી હતી તે શનિવારે સાંજે આશરે ૫:૦૦ વાગ્યાના અરસામાં ખેડા રેલવે સ્ટેશન પર સોનાની લૂંટની ઘટના બની હતી. ભોગ બનનારે હિંમત દાખવી આરોપીઓનો પીછો કર્યો હતો અને તેમના વાહનનો ફોટો પાડી લીધો હતો. જીઆરપી ખેડા દ્વારા તાત્કાલિક સીસીટીવી ફૂટેજ ચકાસી શંકાસ્પદ વાહન અને આરોપીઓ અંગે સ્ટેટ કંટ્રોલ રૂમને એલર્ટ કરવામાં આવ્યો હતો. આ વિગતો સાંજે આશરે ૭:૩૦ વાગ્યે અમદાવાદ ગ્રામ્ય પોલીસને પ્રાપ્ત થઈ હતી.

વિગતો મળતાં જ અમદાવાદ ગ્રામ્ય પોલીસ દ્વારા તાત્કાલિક રૂટ મેપિંગ હાથ ધરવામાં આવ્યું હતું. વાહનનો રજીસ્ટ્રેશન નંબર અને મોબાઈલ નંબરના એસડીઆરના આધારે બનાસકાંઠા કનેક્શન સામે આવ્યું. એલસીબી હેડ કોન્સ્ટેબલ નરેન્દ્રસિંહે પોતાના બાતમીદાર નેટવર્ક દ્વારા કારનું સચોટ લોકેશન શોધી કાઢ્યું હતું. વધુ તપાસમાં જાણવા મળ્યું હતું કે આ કારની પાછળ નંબર પ્લેટ વગરની અન્ય એક કાર પણ આવી રહી હતી. સંભવિત રૂટ સાચાણા અને વિરમગામ તરફનો હોવાનું જણાતાં એલસીબી અને વિરમગામ ટાઉન પોલીસે તાત્કાલિક નાકાબંધી ગોઠવી દીધી હતી.

કાર વિરમગામ ટાઉનમાં પ્રવેશે તે પહેલાં જ એલસીબીના હિમાંશુ અને વિરમગામ ટાઉન પોલીસના સિદ્ધરાજે સમયસૂચકતા વાપરી ટ્રક અને અન્ય વાહનો આડા મૂકી રસ્તો બ્લોક કરી દીધો હતો અને એક આરોપીને ઝડપી પાડ્યો હતો. ■

# સરપ્રાઈઝ ચેકઃ સુરતની લાજપોર જેલમાંથી ૧૧ મોબાઈલ અને ૧૦ સિમકાર્ડ મળ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ લાજપોર સેન્ટ્રલ જેલમાં વિજિલન્સ ડિપાર્ટમેન્ટ દ્વારા કરવામાં આવેલી રેડમાં ૧૧ મોબાઈલ ફોન અને ૧૦ સિમ કાર્ડ અને ત્રણ છુપાયેલા ચાર્જર મળી આવ્યા હતા. આ ઘટનાને પગલે સુરક્ષામાં રહેલી ખામીઓ અને ઉચ્ચ સુરક્ષા ધરાવતી આ જેલમાંથી કેદીઓ દ્વારા ગુનાહિત નેટવર્ક ચલાવવાની શક્યતા અંગેની ચિંતાઓ ફરી વકરી છે. સ્થાનિક જેલ સત્તાવાળાઓ દ્વારા હાથ ધરવામાં આવેલા સર્ચ ઓપરેશન દરમિયાન આ વસ્તુઓ મળી આવી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે લાજપોર સેન્ટ્રલ જેલની સ્થાનિક સર્ચ ટીમે સૌપ્રથમ સાંજે ૫ થી ૬ વાગ્યાની વચ્ચે તપાસ હાથ ધરી હતી. આ કાર્યવાહી દરમિયાન, ટોયલેટમાંથી ત્રણ મોબાઈલ ફોન મળી આવ્યા હતા. તેમાં કોઈ સિમ કાર્ડ મળી આવ્યા ન હતા. ત્યારબાદ સચિન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી.

ત્યારબાદ, રાત્રે લગભગ ૮:૩૦ વાગ્યે અમદાવાદની વિજિલન્સ ટીમે વરિષ્ઠ અધિકારીઓના નિર્દેશ પર ઓચિંતી તપાસ હાથ ધરી હતી. આ ટીમે લગભગ બે કલાક સુધી અનેક બેરેકોની તલાશી લીધી હતી. આ કાર્યવાહી દરમિયાન, અધિકારીઓએ જેલની અંદર વિવિધ સ્થળોથી ૧૧ મોબાઈલ ફોન, ૧૦ સિમ કાર્ડ અને ત્રણ ચાર્જર જપ્ત કર્યા હતા.

પોલીસે બાથરૂમમાં પ્લાસ્ટિકની થેલીઓમાં વીંટાળેલા અને ડોલની નીચે છુપાવેલા ગેજેટ્સ મળી આવ્યા હતા. કેટલાક ફોન ચાર્જિંગ દરમિયાન વોશબેસિનની નજીક મળી આવ્યા હતા, જ્યારે અન્ય ફોન ટોઇલેટ્સના દરવાજાની પાછળ અને પ્લાસ્ટિકના ડબ્બાઓની નીચે છુપાવેલા હતા.

ચોંકાવનારી વાત એ છે કે વ્યક્તિગત તલાશી દરમિયાન એક કાચા કામના કેદીના જમણા ખિસ્સામાંથી ચાલુ હાલતમાં રહેલો મોબાઈલ ફોન મળી આવ્યો હોવાનું કહેવાય છે.

દરોડા બાદ સચિન પોલીસ સ્ટેશનમાં વધુ એક ફરિયાદ નોંધવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે જપ્ત કરાયેલા ગેજેટ્સને ડેટા મેળવવા અને તેનું વિશ્લેષણ કરવા માટે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં મોકલવામાં આવશે. ■


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

ઈ.ઈ./ગાર્ડન સેલ/૧૬૨૭/OD, તા. ૨૯/૯/૨૬

**ઈ-ટેન્ડર નોટીસ**

| | |
|---|---|
| વિભાગનું નામ | એક્ઝિક્યુટિવ એન્જીનિયર (ગાર્ડન સેલ) |
| ટેન્ડર નં. | ૨૦૨૬_MCGM_૧૩૪૧૭૪૦_૧ |
| વિષય | લાયન્સ ગાર્ડન, ટિળક રોડ, ઘાટકોપર (પૂ), N વોર્ડનું સૂચિત રીફરબીશમેન્ટ |
| વેબસાઈટ | મહારાષ્ટ્ર સરકારની ઈ-પ્રોકયોરમેન્ટ સીસ્ટમ http://mahatenders.gov.in |
| સ્ક્રુટીની ફી | રૂા. ૧૮,૧૫૦/-+૧૮% GST (૯% CGST + ૯% SGST) |
| ઈ-ટેન્ડરની કિંમત (અંદા. કિંમત) | રૂા. ૨,૮૩,૮૦,૪૯૯/- |
| બિડ સિક્યુરિટી | રૂા.૨,૮૪,૦૦૦/- |
| ટેન્ડર વેચાણ અને જારી તારીખ | ૫/૧૦/૨૬ના ૧૧:૦૦ ક.થી |
| ટેન્ડર વેચાણની અંતિમ તારીખ અને સમય | ૧૨/૧૦/૨૬ના ૧૨:૦૦ ક. સુધી |
| પૅકેટ A, B અને Cની સુપ્રતિ (ઓનલાઈન) અને બિડ સુરક્ષા ડિપોઝીટની પ્રાપ્તી | ૧૨/૧૦/૨૬ના ૧૬:૦૦ ક. સુધી |
| પૅકેટ A ખૂલશે | ૧૩/૧૦/૨૬ના ૧૧:૦૦ ક. પછી |
| પૅકેટ B ખૂલશે | ૧૪/૧૦/૨૬ના ૧૧:૦૦ ક. પછી |
| પૅકેટ C ખૂલશે | ૧૯/૧૦/૨૬ના ૧૫:૦૦ ક. પછી |
| સંપર્ક વ્યક્તિ | S.E. (G.C.)/ આસી. એન્જિનિયર (ગાર્ડન સેલ) |
| એ) નામ | શ્રી સતીષ એ. પવાર / શ્રી સંતોષ કે. ભોઈતે |
| બી) મોબાઈલ નં. | +૯૧ ૭૭૩૮૩૨૯૯૯૪/+૯૧ ૯૭૫૭૨૨૫૪૦૫ |
| સી) ઈ-મેઈલ સરનામા | ee.mw@mcgm.gov.in |
| પ્રી-બીડ મીટિંગ | લાગુ પડતું નથી |

આ ટેન્ડર દસ્તાવેજ ટ્રાન્સફરપાત્ર નથી. ઈ-ટેન્ડર કોપી, મહારાષ્ટ્ર સરકારની ઈ-પ્રોકયોરમેન્ટ સીસ્ટમ પરથી ડાઉનલોડ કરવી. (http://mahatenders.gov.in)
BMC કોઈપણ અરજી સ્વીકારવાનો અથવા ઉપરોક્ત વિષય માટે મળેલી કોઈપણ અથવા બધી અરજીને કોઈપણ કારણ આપ્યા વિના નકારવાનો અધિકાર અનામત રાખે છે.

સહી/-
(શ્રી. એસ. એસ. દેશપાન્ડે)
એક્ઝિક્યુટિવ એન્જિનિયર
(ગાર્ડન સેલ)

PRO/1583/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



BRIHANMUMBAI MAHANAGARPALIKA

નં. ચી. એ./૨૭૫૫/SWM/પ્રકલ્પ તા. ૧.૧૦.૨૦૨૬.
ચીફ એન્જીનિયર (સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ) પ્રકલ્પનું કાર્યાલય
૧લો, ૨જો, ૩જો અને ૪થો માળ, બાઈ પદમાબાઈ ઠક્કર માર્ગ, કોટવાડી, માહિમ (શિવાજી પાર્ક), મુંબઈ-૪૦૦૦૧૬

**આ ઈ-ટેન્ડર નોટિસ છે**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC)ના મ્યુનિસિપલ કમિશનર જરૂરી અનુભવ અને નાણાકીય અને સંગઠણાત્મક ક્ષમતા ધરાવતા વ્યક્તિગત પક્ષો પાસેથી ટકાવારીના આધારે બે કવર સિસ્ટમમાં નીચેના કામો માટે ઓનલાઈન મહાટેન્ડર મંગાવે છે.

મહાટેન્ડરની નકલ મહારાષ્ટ્ર (મહાટેન્ડર્સ) (http:// mahatenders.gov.in) સરકારની ઈ-પ્રોક્યોરમેન્ટ સિસ્ટમ પરથી ડાઉનલોડ કરી શકાય છે.

| ક્ર. નં. | કામનું વર્ણન | બાના રકમ ડિપોઝીટ | કોન્ટ્રાક્ટ મુદત | ટેન્ડર ફી |
|---|---|---|---|---|
| ૧. | મહાટેન્ડર્સ ID નં. ૨૦૨૬_MCGM_૧૩૪૨૧૫૬_૧ કુર્લા રીફ્યુઝ ટ્રાન્સફર સ્ટેશન ખાતે અન્ય સંલગ્ન સેવાઓ સાથે વેધરશેડ, CCTV તથા RFID સીસ્ટમનું SITC તથા દેવનાર ડમ્પીંગ ગ્રાઉન્ડથી ૬૦ MT ક્ષમતા કોમ્પ્યુટરાઈઝડ ઈલેક્ટ્રોનિક વેબ્રીજના ૧ નં.નું શીફ્ટીંગ | રૂ. ૨૪,૯૫૦/- | ૬૦ દિવસ | રૂા. ૪૭૧૨/- |

મહાટેન્ડર અપલોડીંગ અને મહાટેન્ડર્સના ખૂલવાની તારીખ અને સમય નીચે મુજબ છેઃ જો તારીખોમાં કોઈપણ ફેરફાર હશે તો તે મહારાષ્ટ્ર સરકારની ઈ-પ્રોક્યોરમેન્ટ સિસ્ટમ (મહાટેન્ડર્સ) (http://mahatenders.gov.in) પર પ્રદર્શિત થશે. અથવા Ch.E.(S.W.M.) પ્રોજેક્ટની ઓફિસમાં નોટીસ બોર્ડ પર દર્શાવવામાં આવશે.

| | |
|---|---|
| મહાટેન્ડરની ઈશ્યુ કરવાની અને વેચાણની તારીખ | ૦૫.૧૦.૨૦૨૬ના ૧૧.૦૦ કલાકથી |
| પૂછપરછની સુપ્રતિની છેલ્લી તા. | NA |
| પ્રી-બીડ સભા | NA |
| મહાટેન્ડરની વેચાણ માટેની છેલ્લી તારીખ અને સમય | ૧૨.૧૦.૨૦૨૬ના ૦૪.૦૦ કલાક સુધી. |
| બે કવરની સુપ્રતિ (ઓનલાઈન) & બીડ સુરક્ષા ડિપોઝીટ/બારડીની રસીદ | ૧૨.૧૦.૨૦૨૬ના ૦૪.૦૦ કલાક સુધી. |
| કવર-A ખૂલશે (ટેક્નિકલ લાયકાત / પાત્રતા માપદંડ) | ૧૩.૧૦.૨૦૨૬ના સાં. ૦૪.૦૦ ક. પછી |
| નાણાંકીય કવરની ખૂલવાની | ૧૪.૧૦.૨૦૨૬ના સાં. ૦૪.૦૦ ક. પછી |

બે કવરના દસ્તાવેજો સુપ્રતીની છેલ્લી તારીખ અને સમય પહેલા ઓનલાઈન અપલોડ કરવાના રહેશે.
મ્યુનિસિપલ કમિશનર ટેન્ડરર્સને કોઈપણ કારણ આપ્યા વિના કોઈપણ અથવા તમામ ઈ-ટેન્ડરોને નકારી કાઢવાનો અધિકાર અનામત રાખે છે.
વિગતો મહારાષ્ટ્ર સરકારની ઈ-પ્રોક્યોરમેન્ટ સિસ્ટમ (મહાટેન્ડર્સ) (http://mahatenders.gov.in) પર ઉપલબ્ધ છે.

સહી/-
એક્ષીક્યુટીવ એન્જિનિયર
(સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ) પ્રોજેક્ટ-RTS

PRO/1592/ADV./2026-27

વૃક્ષો વાવો. વૃક્ષોનું જતન કરો.

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

## ગર્જના મોરચાના ચમકારા



**જ્ઞાનેશકુમારનું શ્રાદ્ધ :**
ઠાકરે બંધુઓનો સંયુક્ત મોરચો શરૂ થવા પહેલાં શિવસૈનિકોએ મુખ્ય ચૂંટણી અધિકારી જ્ઞાનેશકુમારનું શ્રાદ્ધ કર્યું હતું.



**ડુપ્લિકેટને દોરડે બાંધ્યાઃ**
જ્ઞાનેશકુમારના ડુપ્લિકેટને દોરડે બાંધીને થાણેના શિવસેના (યુબીટી)ના કાર્યકર્તાઓ લઈ આવ્યા હતા.



**ગબ્બર કી પૂકારઃ**
ઠાકરે બંધુઓ દ્વારા આયોજિત મોરચામાં એક આંદોલનકારી ગબ્બર બનીને આવ્યો હતો અને જ્ઞાનેશકુમાર રાજીનામું ન આપે તો ગોળીએ દેવાની વાત કરી હતી.




**ઈવીએમ લોકશાહીનો રોગઃ**
ઠાકરે બંધુઓના સંયુક્ત મોરચામાં એક વ્યક્તિ ઈવીએમ બનીને આવ્યો હતો અને લોકશાહી માટે ઈવીએમ રોગ હોવાની વાત કરી હતી.



**પ્રદીપ પૂર્ણેકરને અંજલિઃ**
ઠાકરે બંધુઓના મોરચામાં એક કાર્યકર્તા થાણેના તાજેતરમાં હત્યા કરાયેલા પ્રદીપ પૂર્ણેકરનું પોસ્ટર લઈને આવ્યો હતો અને તેને મોરચામાં અંજલિ આપી હતી.



**મતદાન મનસે લા વોટ ભાજપ લાઃ**
ઠાકરે બંધુઓના સંયુક્ત મોરચામાં મનસેનો એક કાર્યકર્તા વોટ ચોરીના મુદ્દે રાજ ઠાકરેના સમર્થનમાં પોસ્ટરો લગાવીને આવ્યો હતો, જેમાં મોદી અને ચૂંટણી પંચની ટીકા કરવામાં આવી હતી.
(તસવીરોઃ અમય ખરાડે)

### વિપક્ષોનો મુંબઈમાં 'વિરાટ ગર્જના' મોરચોઃ

# પોલીસે આયોજકો વિરુદ્ધ ગુનો નોંધ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર)ના વિરોધમાં અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ્વર કુમારના રાજીનામાની માગણી સાથે રવિવારે દક્ષિણ મુંબઈમાં વિપક્ષો દ્વારા સંયુક્ત મોરચો કાઢવામાં આવ્યો હતો. આ મોરચો પરવાનગી વિના કાઢવામાં આવ્યો હોવાથી તેના આયોજકો વિરુદ્ધ પોલીસે ગુનો નોંધ્યો હતો.

સાઉથ ઝોન-૧ના ડેપ્યુટી પોલીસ કમિશનર મનીષ કાલવાનિયાએ ગુનો નોંધાયો હોવાના અહેવાલને સમર્થન આપ્યું હતું. તેમના કહેવા મુજબ મોરચાનું આયોજન પરવાનગી વગર કરવામાં આવ્યું હતું. પરિણામે આયોજકો વિરુદ્ધ આઝાદ મેદાન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો.

શિવસેના (યુબીટી)ના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે અને મનસે અધ્યક્ષ રાજ ઠાકરેના નેતૃત્વમાં મેટ્રો

(જુઓ પાનું ૪) ▸▸

## ચૂંટણીપંચ વિરુદ્ધ ઠાકરે બંધુઓની રેલી એ વિશ્વ પ્રાણી દિવસે 'શિયાળની કૂચ' સમાન

### જ્ઞાનેશકુમાર મહારાષ્ટ્રની ચૂંટણી વખતે કમિશનર જ નહોતા! ભાજપે ટોણો માર્યો

મુંબઈઃ શિવસેના (યુબીટી) અને એમએનએસ દ્વારા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમાર વિરુદ્ધ રવિવારે યોજાયેલી વિરોધ રેલી એ 'વિશ્વ પ્રાણી દિવસ'ના રોજ યોજાયેલી 'શિયાળની કૂચ' સમાન હતી, એવી આકરી ટીકા મહારાષ્ટ્રના પ્રધાન અને ભાજપના નેતા આશિષ શેલારે કરી હતી.

તેમણે ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે તેમજ અન્ય વિપક્ષો પર ચૂંટણી જીતવામાં તેમની અસમર્થતાને કારણે ચૂંટણી પંચ અને ઈવીએમ પર સવાલો ઉઠાવવાનો આરોપ મૂક્યો. તેમણે કહ્યું કે, રેલી અને તેનું નામ જોઈને મને લાગે છે કે આ કોઈ 'ગર્જના' મોરચો નથી પરંતુ 'કોલ્હેકુઈ મોરચો' (મરાઠીમાં શિયાળની કૂચ) છે. શિયાળને દ્રાક્ષ ખાટી લાગે છે. તેઓ ચૂંટણી જીતવામાં પોતાની નિષ્ફળતા માટે ચૂંટણી પંચને દોષ આપે છે. આ લુચ્ચા લોકોનો મેળાવડો છે, એવી ટીકા શેલારે કરી હતી.

ચૂંટણી પંચની નિર્ણય લેવાની પ્રક્રિયા પર

(જુઓ પાનું ૪) ▸▸

## મહાયુતિ, એમવીએમાં બળવાનો ભય, વિધાન પરિષદની ચૂંટણીમાં ઉમેદવારી અંગે મતભેદો

મુંબઈઃ વિધાન પરિષદની સ્નાતક અને શિક્ષક મતવિસ્તારની પાંચ બેઠકો માટે રાજકીય ગતિવિધિઓએ વેગ પકડ્યો છે. શાસક મહાયુતિએ આ ચૂંટણીમાં બેઠકોની વહેંચણીનો મુદ્દો ઉકેલી લીધો હોવા છતાં, ઘણા ઉમેદવારોએ પોતાના દાવા જાળવી રાખ્યા છે. બીજી તરફ, ઉમેદવારી અંગે વિપક્ષ મહાવિકાસ આઘાડી (એમવીએ) માં પણ મતભેદો ઊભા થયા છે. તેથી, જો ઉમેદવારી અંગે સર્વસંમતિ ન થાય, તો એ

(જુઓ પાનું ૪) ▸▸

### ભાજપે જાહેર કર્યાં ત્રણ ઉમેદવાર

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાન પરિષદની દ્વિવાર્ષિક ચૂંટણી માટે ભાજપે ત્રણ ઉમેદવારના નામ જાહેર કર્યા છે. પાર્ટીના રાષ્ટ્રીય મુખ્યાલય તરફથી જાહેર કરવામાં આવેલી યાદી મુજબ પુણે વિભાગ સ્નાતક મતદાર સંઘમાંથી ડૉ. સ્મિતા યોગેશ જાધવ, નાગપુર વિભાગ સ્નાતક મતદાર સંઘમાંથી સુધાકર વિઠ્ઠલરાવ કોહળે અને પુણે વિભાગ

(જુઓ પાનું ૪) ▸▸

11 DAYS
VIETNAM
with Phu Quoc



DEP DATES 06th NOV | 12th NOV | 12th DEC | 09th JAN | 21st JAN | 13th FEB | 25th FEB | 06th MAR | 18th MAR

PACKAGE INCLUSIONS
• Vin Wonders, Grand World, Aquatopia Water Park, Bana Hills, Golden Bridge, Basket Boat, Fansipan Mountain, Cable Car અને Glass Bridge નો અદભુત અનુભવ.
• રીટર્ન ઈકોનોમી ક્લાસ એરફેર.
• આપણા પોતાના જ રાજસ્થાની મહારાજ - શુદ્ધ શાકાહારી / જૈન જમણ.
• ગુજરાતી, હિન્દી અને ઈંગલિશ જાણતા ટૂર મેનેજર ની સેવા.
• એરફેર, વીઝા, એન્ટ્રન્સ ફી અને GST સહિત તમામ ખર્ચ ટૂર કોસ્ટ માં જ સામેલ.
Enjoy Delicious Pure Veg & Jain Meals
WhatsApp No 07506679945
SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56. | 022 - 26103073, 74 | 9920490227, 09324064281
sales@shahholidays.com | www.shahholidays.com

## મુંબઈના રસ્તાઓ ફરી ધોવાશે

### ૧૫૦ દિવસ માટે આઠ કરોડ રૂપિયાનો ખર્ચ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ચોમાસાની વિદાય સાથે જ મુંબઈના વાતાવરણમાં પ્રદૂષણ અને ધૂળનું પ્રમાણ વધવાની શક્યતાને પગલે મુંબઈ મહાનગરપાલિકાએ આગામી દિવસોમાં મુંબઈના રસ્તાઓને ટેન્કરના પાણીથી ધોવાની જાહેરાત પણ કરી દીધી છે. પાલિકાએ તે માટે કૉન્ટ્રેક્ટર નક્કી કરી નાખ્યો છે અને ૧૫૦ દિવસ માટે તેની સેવા લેવા માટે આઠ કરોડ રૂપિયાનો ખર્ચ પાલિકા કરવાની છે.

મુંબઈ મહાનગરપાલિકાએ તાજેતરમાં મુંબઈના પ્રદૂષણને નિયંત્રણમાં લાવવા માટે 'ઍર પોલ્યુશન કંટ્રોલ

(જુઓ પાનું ૪) ▸▸

## નવી મુંબઈમાં ૧૬ કલાક પાણીપુરવઠો બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નવી મુંબઈમાં મોરબે મેઈન પાઈપલાઈન પરના વિવિધ કામ માટે નવી મુંબઈના જુદા જુદા વિસ્તારમાં મંગળવાર, છ ઑક્ટોબરથી બુધવાર, સાત ઑક્ટોબર સુધીના ૧૬ કલાક માટે પાણીપુરવઠો બંધ રાખવામાં આવશે. તેથી નવી મુંબઈના અનેક વિસ્તાર સહિત સિડકોના ખારઘર અને કામોઠે નોડમના પાણીપુરવઠાને પણ અસર થશે. કામ પૂર્ણ થયા બાદ બુધવારે ઓછા દબાણ સાથે પાણીપુરવઠો થશે.

નવી મુંબઈ મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ મંગળવારના સવારના ૧૦ વાગ્યાથી

(જુઓ પાનું ૪) ▸▸

## બે દાયકા બાદ મોગરા પમ્પિંગ સ્ટેશનનું કામ આખરે શરૂ થશે

### વર્સોવા, અંધેરી અને જોગેશ્વરીમાં પાણી ભરાવાની સમસ્યાથી થશે છૂટકારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈના લાંબા સમયથી પ્રતિક્ષિત 'મોગરા પમ્પિંગ સ્ટેશન'નો વિચાર રજૂ થયાના બે દાયકા બાદ આખરે તે સાકાર થવા જઈ રહ્યું છે. પર્યાવરણીય મંજૂરીઓ મળ્યા બાદ ૧૫ ઑક્ટોબરથી તેનું કામ શરૂ થવાનું છે. આ પ્રોજેક્ટથી વર્સોવા, અંધેરી અને જોગેશ્વરીમાં વારંવાર આવતા પૂરની સમસ્યાનો ઉકેલ આવવાની અપેક્ષા છે. ટાઈડલ ગેટ્સ (ભરતી-ઓટના

(જુઓ પાનું ૪) ▸▸




અમારા દરેક નવા પ્રવાસી સાથે, કોઈ જૂના પ્રવાસીનો વિશ્વાસ જોડાયેલો છે
ઓકલેન્ડ * બે ઓફ આઈલેન્ડ * રોટોરૂઆ * કવીન્સટાઉન * માઉન્ટ કુક * ક્રાઈસ્ટચર્ચ
DEPARTURES: 2026 - 2027
Nov: 04, 13, 18, 25 | Dec: 09, 22, 23 | Jan: 04, 05, 16, 18
✈ વર્લ્ડ ક્લાસ સિંગાપુર એરલાઈન્સમાં સફર
✈ લક્ઝરી હોટલ્સમાં રહેવાનું (કન્ફર્મ હોટલ્સ)
✈ ભારતીય રાજસ્થાની નિષ્ણાંત રસોઈયા દ્વારા ભોજનનો આસ્વાદ
✈ ભરપુર સાઈટ સીઈંગનો સમાવેશ
✈ ગુજરાતી, હિન્દી, ઈંગલીશ બોલતા નિષ્ણાંત ટૂર લીડર
✈ લક્ઝરી હાયટેક એ.સી. બસમાં મુસાફરી
✈ કોઈપણ છુપા ખર્ચ વગર
✈ સ્પષ્ટ ટુર પ્રોગ્રામ તથા પ્રમાણીક વ્યવહાર
TRUSTED NEW ZEALAND TOUR SPECIALISTS SINCE 1997
SCAN ME
NO GIMMICKS. NO HYPE. SINCE 1976.
KULIN KUMAR HOLIDAYS
Hughes Road (H.O.): 022-43555555 | Borivali: 022-43555590 | Mulund: 022-25695500
Ghatkopar: 022-21021155 | Branches: Opera House | Pune | Ahmedabad | Surat | Rajkot
sales@kulinkumar.com | www.kulinkumar.com | Toll Free: 1800 103 8055
Follow us on @kulinkumarholidays for live tour moments!

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.